ગુજરાત વંદન સાપ્તાહિક


રવિવાર, 08 જાન્યુઆરી 2023

gujaratvandan.com

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

# સાપ્તાહિક ગુજરાત વંદન

પોષ વદ 02, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂ. 5 | વાર્ષિક : રૂ. 260 | વર્ષ : 06 | અંક : 35 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12



આર્યન અને નોરા ફતેહી વચ્ચે ડેટિંગની અફવા

પેજ 11

## ગુજરાત વંદનની અપીલ

## ચાઇનીઝ દોરીનું નેટવર્ક તોડો...



ઉતરાણના પર્વ પ્રસંગે ગુજરાત અને અમદાવાદમાં હજારો અને લાખો લોકો પતંગો ઉડાડે છે. ખાસ કરીને અમદાવાદના યુવાનોમાં પતંગ ઉડાવવાની જબરજસ્ત ઘેલઝા હોય છે. હાલમાં ચાઇનીઝ દોરીથી ઓછામાં ઓછા 10 લોકોના ગળા કપાઇ ગયા છે, તેમાંથી સાતના કરૂણ મોત થયા છે અને અન્યો ઘાયલ થયાં છે.

ચાઇનીઝ દોરી કોટનમાંથી બનતી નથી. પણ પ્લાસ્ટીક કે નાયલોનના દોરામાંથી બને છે અને એટલી ઘાતક છે કે ગળુ કાપી નાંખે છે. ગુજરાત સરકારે દર વર્ષે ચાઇનીઝ દોરીથી ગળા કપાતા હોવાની બનતી ઘટનાઓને ધ્યાનમાં રાખીને તેના વેચાણ અને વપરાશ પર પ્રતિબંધ મૂક્યો છે. હમણાં મહિસાગરમાંથી 25 લાખનો ચાઇનીઝ દોરીનો જથ્થો પકડાયો છે. કાયદાકીય પ્રતિબંધ છતાં આ ઘાતક અને જીવલેણ દોરીનો જથ્થો ક્યાંથી આવે છે, કોણ મંગાવે છે..?

મહિસાગરમાંથી 25 લાખનો ચાઇનીઝ દોરીનો જથ્થો કોણે મંગાવ્યો..તેની તપાસ કરીને તેના મૂળ સુધી પહોંચીને કોઇ નિર્દોષ લોકોના વધુ ગળા કપાય તે પહેલાં આવી ગળાકાપ દોરીને દુશ્મનદેશ ચીનથી આયાત કરનારાઓ અને વેચાણ કરનારાઓનું નેટવર્ક તોડો...એવી ગુજરાત વંદનની જાહેર હિતમાં અપીલ અને મત છે...

### માનવસર્જિત અને કુદરતી આપત્તિઓને કારણે મકાનોમાં, જમીનોમાં મોટી મોટી તિરાડો પડી ગઇ

# ઐતિહાસિક જોશીમઠના અસ્તિત્વ સામે ખતરો, બચાવવાના પ્રયાસો



■ જોશીમઠના 500 ઘરોને રાતોરાત ખાલી કરાવાયા, લોકોમાં ભયનું વાતાવરણ

ગુજરાત | વંદન

દેવભૂમિ ઉત્તરાખંડમાં આવેલ 1500 વર્ષ જૂનું ઐતિહાસિક પૌરાણિક અને ધાર્મિક શહેર જોશીમઠ સામે માનવસર્જિત અને કુદરતી આપત્તીઓને લઈને ગંભીર ખતરો બની રહ્યો છે. આવનારા સમયમાં સમગ્ર જોશીમઠ શહેર જમીનમાં ગરકાવ થઈ જાય તો નવાઈ નહીં... એવું એક તારણ જોવા મળી રહ્યું છે, કેમ કે જોશીમઠના 500 ઘરોમાં તિરાડો પડી ગઈ છે. રસ્તા પરની જમીનમાં પણ તિરાડો જોવા મળી રહી છે. અને કેટલાંક ઘરોની નીચેથી પાણીનો ધસમસતો પ્રવાહ જોવા મળી રહ્યો છે. નોંધનિય છે કે, ચારધામ પૈકીના એક બદ્રીનાથ જવાનો રસ્તો જોશીમઠ થઈને જાય છે. પરંતુ ભૌગોલિક પરિસ્થિતીને જોતા ગમે ત્યારે કોઈપણ ભયાનક સ્થિતિ સર્જાય શકે તેવી બીકને કારણે હાલમાં જોશીમઠમાંથી તમામ નાગરિકોને ખસેડવામાં આવી રહ્યા છે. તેમણે સલામત સ્થળે રહેવાની વ્યવસ્થા સરકા કરી રહી છે. અને જે તિરાડો બની રહી છે.

...અનુસંધાન પેજ નં. 6 પર

### સલામત ક્ષેત્રમાં વિશાળ રાહત કેમ્પ પણ ખોલાયા



ઉતરાખંડના જોશીમઠમાં ભૂસ્ખલન વધુ વિકરાળ બને તેવા સંકેતો જણાતા લોકોને ખસેડાયા. ભારતીય હવાઈદળના ટ્રાન્સપોર્ટ હેલીકોપ્ટરને તૈયાર રખાયા છે. અહી લોકો પણ ભારે ગભરાટમાં છે તેઓના ઘર-દુકાનો-ધંધાના સ્થળો આસપાસ ભૂસ્ખલન વધતા જ તેઓને હવે ઝડપથી સલામત સ્થળે ખસેડવા અને સરકાર વસવાટ કરાવે તેવી માંગ કરી રહ્યા છે. રાજ્ય સરકારે તેઓને કામચલાવ આવાસમાં રાખ્યા છે અને તેઓના ભોજન સહિતની વ્યવસ્થા કરી છે તથા દરેક કુટુંબને તાત્કાલીક રૂા.4000ની સહાય આપી છે. રાજ્ય સરકારે આસપાસ સલામત ક્ષેત્રમાં ખાસ રીલીફ કેમ્પની તૈયારી રાખી છે અને ત્યાં લાંબો સમય લોકોને રાખવા પડે તો તેની માટે પણ સુવિધા ઉભી કરવામાં આવી રહી છે.

### ઘરોમાં તિરાડો અને જમીન કેમ ધંસી રહી છે?

જોશીમઠની ઈમારતો અને દિવાલોમાં તિરાડો પ્રથમ વખત 2021 માં નોંધવામાં આવી હતી કારણ કે ચમોલી વારંવાર ભૂસ્ખલન અને પૂરનો અનુભવ કરી રહ્યું હતું. અહેવાલો અનુસાર, ઉત્તરાખંડ સરકારની નિષ્ણાત પેનલે 2022 માં શોધી કાઢ્યું હતું કે જોશીમઠના ઘણા ભાગો માનવસર્જિત અને કુદરતી પરિબળોને કારણે ડૂબી રહ્યા છે. પેનલના તારણો જણાવે છે કે જોશીમઠમાં ભૂસ્ખલનનું કારણ પૃથ્વીની સપાટી, આડેધડ બાંધકામ, પાણીનો સીપેજ, ઉપરની જમીનનું ધોવાણ અને માનવસર્જિત કારણોસર પાણીના પ્રવાહના કુદરતી પ્રવાહમાં અવરોધ છે. તે જ સમયે, અભ્યાસોએ વર્તમાન પરિસ્થિતિને કુદરતી પરિબળોને આભારી છે જેમ કે ધોવાણ પામેલા ખડકો, શહેરનું સ્થાન અને માનવ પ્રેરિત ઈમારતોના ઝડપી બાંધકામ, હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ્સ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગો વગેરે.

## ન્યૂઝ બ્રિફ

### જજોની નિમણુંકનો નિર્ણય એક સપ્તાહમાં લેવાશે : સુપ્રીમમાં કેન્દ્ર



દેશની વિવિધ કોર્ટોમાં ન્યાયાધીશોની નિમણુંક માટે સુપ્રીમ કોર્ટની કોલેજિયમ દ્વારા નામોની ભલામણ કેન્દ્ર પાસે મોકલવામાં આવી છે. જે મુદ્દે જવાબ આપતા કેન્દ્રએ કોર્ટમાં ખાતરી આપી હતી કે આ નામોની ભલામણો અંગે નિર્ણય લેવા માટે સુપ્રીમે નક્કી કરેલી ટાઈમલાઈનને અનુસરવામાં આવશે.

### કેન્દ્રે જૈશ-એ-મોહમ્મદના પ્રોક્સી સંગઠન PAFF પર પ્રતિબંધ મુક્યો

કેન્દ્ર સરકારે પાકિસ્તાન સ્થિત આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદના પ્રોક્સી સંગઠન PAFF પર પ્રતિબંધ લગાવ્યો છે. ગૃહ મંત્રાલયે એક અધિસૂચના જારી કરીને કહ્યું છે કે, "PAFF" સતત ભારતીય સુરક્ષા બળો, રાજકીય નેતાઓ, અન્ય રાજ્યથી જમ્મુ કાશ્મીરમાં કામ કરવા માટે આવેલા નાગરિકોને ધમકી આપતું હતું. PAFF જમ્મુ કાશ્મીર અને ભારતના અન્ય મુખ્ય શહેરોમાં હિંસક આતંકવાદી કામોને પાર પાડવા માટે સંગઠીત રીતે અને સૌશિયલ મીડિયામાં સક્રિય રીતે ષડ્યંત્ર રચવામાં જોડાયેલું છે.

### દિલ્હી જેવી ઘટના યુપીના હરદોઈમાં સામે આવી, માંડ-માંડ બચ્યો...



દિલ્હીની જેમ જ યુપીના હરદોઈમાંથી પણ એક હ્રદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીં સાઈકલ પર કોચિંગ માટે જઈ રહેલા વિદ્યાર્થીને કાર ચાલકે ટક્કર મારી હતી. આ પછી કાર સવાર તેને લગભગ એક કિલોમીટર સુધી ખેંચી ગયો. સ્થાનિક લોકોની મદદથી કાર માર્કેટમાં પહોંચ્યા બાદ આ કારને રોકી શકાઈ હતી. જે બાદ વિદ્યાર્થીને બહાર કાઢવામાં આવ્યો હતો

### ચેતન શર્મા ફરી ટીમ ઇન્ડિયાના મુખ્ય પસંદગીકાર બન્યા

BCCIએ શનિવારે ટીમ ઈન્ડિયાની નવી પસંદગી સમિતિની જાહેરાત કરી છે. ભૂતપૂર્વ ક્રિકેટર ચેતન શર્માને નવા મુખ્ય પસંદગીકાર તરીકે પસંદ કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, T20 વર્લ્ડ કપ 2022માં ખરાબ પ્રદર્શન બાદ BCCIએ સિલેક્શન કમિટીને હટાવી દીધી હતી, ત્યારબાદ નવી કમિટીની શોધ ચાલી રહી હતી. સુલક્ષણા નાયક, અશોક મલ્હોત્રા અને જતિન પરાંજપેની બનેલી ક્રિકેટ સલાહકાર સમિતિ દ્વારા નવી ઓલ ઈન્ડિયા સિનિયર સિલેક્શન કમિટીની પસંદગી કરવામાં આવી છે.

## ભારતીય ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝાએ કરી સંન્યાસની જાહેરાત

■ દુબઈ ડ્યૂટી ફ્રી ટેનિસ ચેમ્પિયનશિપ ટૂર્નામેન્ટ બાદ ટેનિસને કહી દેશે અલવિદા

ગુજરાત | વંદન



ભારતીય ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝા દુબઈ ડ્યૂટી ફ્રી ટેનિસ ચેમ્પિયનશિપ ટૂર્નામેન્ટ બાદ ટેનિસને અલવિદા કહી દેશે. દુબઈ ડ્યૂટી ચેમ્પિયનશિપ ટૂર્નામેન્ટ આગામી મહિને રમાશે. હકીકતમાં, સાનિયા મિર્ઝા ગત વર્ષે અમેરિકી ઓપનના બાદ પ્રોફેશનલ્સ ટેનિસને અલવિદા કહેવાનો નિર્ણય કર્યો ગતો. પણ ઈજાના કારણ તે આ ટૂર્નામેન્ટ રમી શકી નહોતી. જે બાદ તેણે પોતાની નિવૃતિની જાહેરાતનો નિર્ણય બદલ્યો હતો. સાનિયા મિર્ઝાનું ટેનિસ કરિયર

...અનુસંધાન પેજ નં. 6 પર


### સાનિયાએ 6 મોટી ચેમ્પિયનશિપ જીતી

સોનિયા મિર્ઝાના કરિયરની વાત કરીએ તો, આ ભારતીય ટેનિસ સ્ટારે પ્રોફેશનલ્સ કરિયરમાં 6 મોટી ચેમ્પિયનશિપ જીતી છે. સાનિયા મિર્ઝાએ 3 વાર ડબલ્સ અને 3 વાર મિક્સ ડબલ્સનો ખિતાબ જીત્યો છે. આ મહિને ઓસ્ટ્રેલિયા ઓપનમાં સાનિયા મિર્ઝા કઝાકિસ્તાનની પોતાની જોડીદાર અન્ના ડાનિલિયાની સાથે કોર્ટ પર જોવા મળશે. અહીં ઉલ્લેખનિય છે કે, સાનિયા મિર્ઝા છેલ્લા 10 વર્ષથી દુબઈમાં રહે છે. દુબઈમાં સાનિયા મિર્ઝાના ખૂબ ચાહકો છે. આવી રીતે સાનિયા મિર્ઝા પોતાના ફેન્સ વચ્ચે ટેનિસ કરિયરને અલવિદા કહેશે.

## AI ફ્લાઈટમાં મહિલા પર પેશાબ કરનારો આરોપી બેંગલુરુથી ઝડપાયો

■ આરોપી વિરુદ્ધ આઈપીસીની કલમ 354,294,509,510 અંતર્ગત ફરિયાદ

ગુજરાત | વંદન



એર ઈંડિયાની ફ્લાઈટમાં મહિલા પર પેશાબ કરનારો આરોપ શંકર મિશ્રાની પોલીસે ધરપકડ કરી છે. તેને દિલ્હી લઈ જવામાં આવ્યો છે. 26 નવેમ્બરે એર ઈંડિયાની ફ્લાઈટ ન્યૂ યોર્કથી દિલ્હી આવી રહી હતી. ત્યારે વિમાનના બિઝનેસ ક્લાસમાં મુસાફરી કરી રહેલો શખ્સ નશામાં ધૂત હતો અને તેણે 70 વર્ષિય વૃદ્ધ મહિલા પર પેશાબ કર્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, જોઈએ તો, તેને દિલ્હી લઈ જવામાં આવ્યો છે. આરોપી લાંબા સમયથી ફરાર હતો. પોલીસે તેના વિરુદ્ધ લુકઆઉટ નોટિસ જાહેર કર્યું હતું. 26 નવેમ્બરે એર ઈંડિયાની ફ્લાઈટ ન્યૂયોર્કથી દિલ્હી આવી રહી હતી. ત્યારે વિમાનના બિઝનેસ ક્લાસમાં મુસાફરી કરી રહેલા યાત્રી શંકર મિશ્રાએ 70 વર્ષિય મહિલા પર પેશાબ કર્યો હતો. પોલીસે આરોપી વિરુદ્ધ આઈપીસીની કલમ 354,294,509,510 અંતર્ગત ફરિયાદ દાખલ કરી હતી.ગત 26 નવેમ્બરે એર ઈંડિયાની ન્યૂયોર્કથી દિલ્હી આવી રહેલી ફ્લાઈટમાં નશામાં ધૂત થઈને મહિલા પર પેશાન કરનારા શંકર મિશ્રાની મુશ્કેલીઓ વધી રહી છે. તેની કંપની વેલ્સ ફાર્ગોએ તેને ટર્નિમેનટ કરી દીધો છે.કંપનીએ પોતાના નિવેદનમાં કહ્યું કે, વેલ્સ ફાર્ગો

...અનુસંધાન પેજ નં. 6 પર

### એક સમયે મોદીએ એમ કહ્યું હતું કે, તેઓ પવારની આંગળી પકડીને રાજકરાણમાં આવ્યા હતા...

## શરદ પવારને પણ હવે સંસદ ગૃહમાં જતાં ડર લાગે છે!

ગુજરાત | વંદન



મહારાષ્ટ્રમાં, NCPના પ્રમુખ શરદ પવારે રાજકારણમાં જોડાવા અંગેના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જૂના નિવેદન પર કટાક્ષ કર્યો, અને કહ્યું કે તેનાથી તેઓ "સંસદમાં જવાથી થોડા ડરે છે" શરદ પવારે વડાપ્રધાનનું નામ લીધા વિના આ ટિપ્પણી કરી હતી. આ પહેલા કોંગ્રેસના વરિષ્ઠ નેતા સુશીલ કુમાર શિંદેએ એનસીપી ચીફના રક્ષણ હેઠળ રાજકારણમાં વધારો થવાની વાત કરી હતી.

શરદ પવાર અને સુશીલ કુમાર શિંદે પિંપરીમાં 18મી જાગતિક મરાઠી કોન્ફરન્સને સંબોધિત કરી રહ્યા હતા. આ બધા દરમિયાન શરદ પવારે કહ્યું, સુશીલ કુમાર શિંદેએ કહ્યું કે મારી સુરક્ષામાં રાજનીતિના ક્ષેત્રમાં તેમનો ઉછેર થયો છે. તાજેતરમાં, હું (આવા નિવેદનોથી) ખૂબ ડરી ગયો છું, કારણ કે કોઈએ કહ્યું હતું કે તેઓ

...અનુસંધાન પેજ નં. 6 પર

### બેરોજગારી પર સરકારનું પર કર્યા પ્રહાર

શરદ પવારે બેરોજગારીને લઈને કેન્દ્ર અને મહારાષ્ટ્ર સરકાર પર નિશાન સાધ્યું હતું. ભાજપ પર કટાક્ષ કરતા શરદ પવારે કહ્યું કે લગ્ન કરવા યોગ્ય યુવકો બેરોજગારીને કારણે લગ્ન નથી કરી રહ્યા, તેનાથી સામાજિક સમસ્યાઓ સર્જાઈ રહી છે.

## ચાલુ વર્ષે જીડીપી ગ્રોથનો અંદાજ ઘટાડી 7% કરાયો

ગુજરાત | વંદન

મહામારી, મોંઘવારી અને મંદીના ભણકારા વચ્ચે સમગ્ર વૈશ્વિક અર્થવ્યવસ્થાનો વિકાસદર ઘટવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે અને તેનાથી ભારતીય અર્થતંત્ર પણ બચી શકશે નહીં. ભારત સરકાર દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ 2022-23માં દેશનો જીડીપી ગ્રોથ ઘટીને 7 ટકા રહેવાની આગાહી કરવામાં આવી છે, જે પાછલા નાણાંકીય વર્ષની સરખામણીએ ઘણો નીચો વિકાસદર છે. આ સાથે જ વિશ્વમાં સૌથી ઝડપી વિકસતા અર્થતંત્ર એટલે કે ફાસ્ટેસ્ટ ગ્રોઈંગ ઈકોનોમી તરીકેનું સ્થાન પણ ભારત ગુમાવે તેવી આશંકા છે.


નાણાં મંત્રાલય હસ્તકના નેશનલ સ્ટૅટિક્સલ ઑફિસ (NSO) દ્વારા શુક્રવારે જારી કરાયેલા પ્રથમ સત્તાવાર અંદાજ મુજબ, નબળી માંગને કારણે

...અનુસંધાન પેજ નં. 6 પર

## સલમાન સામે પૂર્વ ગલફ્રેન્ડ દ્વારા ગંભીર આરોપો લાગ્યા

■ ...તે મને માર મારતો અને અનેક યુવતીઓનું શોષણ કર્યું - સોમી અલી

ગુજરાત | વંદન



સોમી અલીએ ફરી એકવાર સો.મીડિયામાં પોસ્ટ શૅર કરીને સલમાન ખાન પર ગંભીર આક્ષેપો મૂક્યા છે. સોમીએ કહ્યું હતું કે જ્યારે તે મુંબઈમાં રહેતી હતી તો સલમાન તેને માર મારતો અને ગંદી ગાળો પણ ભાંડતો હતો. સોમીએ વધુમાં કહ્યું હતું કે તેણે અનેકવાર મેકઅપની મદદથી ઈજાના નિશાન છુપાવ્યા હતા. સલમાને તેની સાથે જે કર્યું તે કંઈ નવી વાત નથી, કારણ કે તેણે અનેક યુવતીઓની સાથે આમ કર્યું છે. નોંધનીય છે કે સોમી અલીએ ભૂતકાળમાં અનેકવાર સલમાન વિરુદ્ધ વાત કરી છે.

સોમી અલીએ સો.મીડિયામાં પોસ્ટ શૅર કરીને કહ્યું હતું કે તેના NGOથી પ્રભાવિત થઈને ડિસ્કવરી ચેનલ પર ડોક્યુમેન્ટરી 'ફાઈટ તથા ફ્લાઈટ' આવી હતી, પરંતુ સલમાને તેના પર બૅન મૂકી દીધો હતો. જ્યારે તે ન્યૂ યોર્કમાં હતી તો સલમાનના વકીલે તેને ધમકીભર્યા ઈમેલ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે તે સલમાન વિરુદ્ધ કંઈ પણ બોલી તો જીવ ગુમાવવો પડશે. આ ઉપરાંત જ્યારે તે મુંબઈમાં હતી તો સલમાન માર મારતો હતો.

## ગન કલ્ચરની પરાકાષ્ઠા : 6 વર્ષના ટાબરિયાએ શિક્ષિકા પર ગોળીબાર કર્યો

■ ગોળીબારમાં ઈજાગ્રસ્ત બનેલા શિક્ષિકા સારવાર અર્થે ખસેડાઈ

ગુજરાત | વંદન



અમેરિકામાં ફરી એકવાર ગોળીબારની ઘટના સામે આવી છે. શુક્રવારે વર્જિનિયામાં એક પ્રાઈમરી સ્કૂલમાં વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલા ફાયરિંગમાં એક શિક્ષક ઘાયલ થયા છે. ઉતાવળમાં તે શિક્ષકને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે પોલીસે હજુ સુધી આ મામલે વિસ્તૃત માહિતી આપી નથી, પરંતુ પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે, આ ઘટના વર્જિનિયાના ન્યૂપોર્ટ શહેરની પ્રાથમિક શાળામાં બની હતી. આ ફાયરિંગમાં કોઈ વિદ્યાર્થીને ઈજા થઈ નથી.વર્જીનિયાના મેયર ફિલિપ જોન્સે મીડિયાને જણાવ્યું કે, પોલીસે આ મામલામાં એક વિદ્યાર્થીની અટકાયત કરી છે. જોકે અધિકારીઓએ આ વિદ્યાર્થીની ઉંમર કેટલી છે તે જણાવ્યું નથી, પરંતુ મીડિયા રિપોર્ટ્સમાં તે વિદ્યાર્થીની ઉંમર 6 વર્ષ જણાવવામાં આવી રહી છે. ન્યૂપોર્ટ પોલીસ ચીફ સ્ટીવ ડ્રૂનું કહેવું છે કે, અમને ગોળીબારના સંબંધમાં બપોરે 2 વાગ્યે કોલ પર માહિતી મળી હતી. માહિતી મળતા જ અમારી ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

### 10 મહિનાની સરકારમાં બીજા મંત્રીનું રાજીનામું

## પંજાબ સરકારના કેબિનેટ મંત્રી ફૌઝા સિંહ સરારીએ આપ્યું રાજીનામું

ગુજરાત | વંદન



પંજાબની ભગવંત માન સરકારના કેબિનેટ મંત્રી ફૌઝા સિંહ સરારીએ રાજીનામું આપી દીધું છે. તેમના આ પ્રકારના નિર્ણય પાછળ વ્યક્તિ કારણોનો હવાલો આપ્યો હતો કે, હું આમ આદમી પાર્ટીનો વફાદાર સિપાહી છું અને આગળ પણ રહીશ. આપને જણાવી દઈએ કે, કેબિનેટ મંત્રી ફૌઝા સિંહ સરારી પર ભ્રષ્ટાચારના આરોપ લાગ્યા હતા, જેને લઈને તેમણે કેબિનેટ મંત્રી પદ છોડવું પડ્યું હતું. સૂત્રોનું માનીએ તો, પંજાબ સરકારની કેબિનેટમાં મોટા ફેરબદલની સંભાવના છે.

...અનુસંધાન પેજ નં. 6 પર

### વાંકી નજરે...



# ભાજપે પક્ષ વિરોધી પ્રવૃતિ કરનારા કેટલાક આગેવાનો-કાર્યકરોને હોદ્દા પરથી દૂર કર્યા

■ પક્ષ વિરોધી પ્રવૃત્તિની 600 ફરિયાદ મળતાં જ ભાજપ એક્શનમાં, મામલો શિસ્ત સમિતિને સોંપાયો

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને રેકોર્ડ બ્રેક જીત મળી છે. આ ચૂંટણીમાં કેટલીક જગ્યાએ ભાજપના જ કેટલાક નારાજ નેતાઓ પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરતા હોવાના સમાચાર સામે આવ્યા હતા. તાજેતરમાં જ ભાજપે શિસ્ત સમિતિની રચના કરી છે. જેના પ્રમુખ વલ્લભ કાકડિયાને બનાવવામાં આવ્યાં છે. આ સમિતિમાં પક્ષ વિરોધી કામ કરનારા વિરુદ્ધ 600 જેટલી ફરિયાદો નોંધાઇ હતી. હવે આગામી 10 જાન્યુઆરીથી ઝોન વાઈઝ શિસ્ત સમિતિ ફરિયાદો હાથ પર લેશે. રાજકોટ, ગીરસોમનાથ, સુરેન્દ્રનગર સહીતમાં પક્ષ વિરોધી કાર્ય અને ચૂંટણીમાં નિષ્ક્રિય રહેવાની આંતરિક ફરિયાદો મળી હતી.



## આંતરિક વિરોધીઓનો મામલો ભાજપે શિસ્ત સમિતિને સોંપ્યો

રાજ્યની કેટલીક બેઠક પર પક્ષ વિરોધી પ્રવૃત્તિ થઈ હોવાનો સ્વીકાર કરી જિલ્લાઓના ભાજપના પ્રમુખોએ આ મામલે પ્રદેશને રિપોર્ટ સોંપ્યો હોવાનું પણ સામે આવ્યું હતું. રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ભાજપને નુકસાન કરનારા સામે કાર્યવાહી કરાશે. આંતરિક વિરોધીઓનો મામલો ભાજપે શિસ્ત સમિતિને સોંપ્યો છે. આ મામલે ફરિયાદ અને તથ્યોની તપાસના અહેવાલના આધારે કાર્યવાહી કરવામાં આવશે. ચૂંટણીના મતદાન બાદ પાર્ટી દ્વારા પાર્ટી વિરોધી પ્રવૃતિ કરનારા વિરુદ્ધ કાર્યવાહી કરાઈ હતી. ભાજપે પક્ષ વિરોધી પ્રવૃતિ કરનારા કેટલાક આગેવાનો-કાર્યકરોને હોદ્દા પરથી દૂર કર્યા હતાં.

## ચાર ઝોનમાં નાયબ દંડકોને જવાબદારી સોંપાઈ

ભાજપે ચૂંટણી બાદ તરત જ સંગઠનમાં એકાએક ફેરફાર શરૂ કરી દીધાં છે. તાજેતરમાં જ પક્ષ દ્વારા ચાર નાયબ દંડકને ઝોન પ્રમાણે જવાબદારી સોંપાઈ છે. જેમાં અમરેલીના ધારાસભ્ય અને નાયબ દંડક કૌશીકભાઈ વેકરીયાને સૌરાષ્ટ્ર ઝોન, વિજયભાઈ પટેલને દક્ષિણ ઝોન, રમણભાઈ સોલંકીને મધ્ય ઝોન અને જગદીશ મકવાણાને ઉત્તર ઝોનની જવાબદારી સોંપવામાં આવી છે. તમામ ધારાસભ્યોને સાંભળવા અને તેમના પ્રશ્નોનું સરકાર સમક્ષ વાત કરવી તથા ધારાસભ્યોને કોઈ મુશ્કેલી ન પડે એ માટેની વિચારણા હવે ભાજપ દ્વારા કરવામાં આવી છે.

### રાષ્ટ્રપતિએ રાજ્ય સરકારના સુધારા વિધેયકને આપી મંજૂરી

# ગુજરાતમાં હવે 144ની કલમનો ભંગ કરનાર સામે ફોજદારી ગુન્હો નોંધાશે

ગુજરાત | વંદન

ગત માર્ચ-૨૦૨૧માં ગુજરાત વિધાનસભામાં રજૂ કરાયેલાં કોડ ઓફ ક્રીમીનલ લ પ્રોસીજર બિલને રાષ્ટ્રપતિ મુર્મુએ મંજૂરી આપી છે. આ કારણોસર હવે ૧૪૪મી કલમનુ ઉલ્લંઘન કરનારાં દેખાવકારો સામે પોલીસ કાર્યવાહી કરી શકશે. આ બિલ મંજૂર થતા જ પોલીસને પ્રદર્શનકારીઓ સામે કાર્યવાહી કરવાની છૂટ મળી છે. સૌથી મોટીં ચિંતા નેતાઓને થવાની છે. જેઓ 144ની કલમ હોવા છતાં દેખાવ કરે છે. ગુજરાતમાં હવે આ બિલને મંજૂરી મળી જતાં આ બિલ એ કાયદો બની જશે.

માર્ચ, ૨૦૨૧માં ગુજરાત વિધાનસભામાં કોડ 1 ઓફ ક્રિમિનલ પ્રોસીજર બિલ રજૂ કરાયું હતું. આ બિલને મંજૂરી મળતા જ જયારે હિંસક ઘટના બને ત્યારે પોલીસ અધિકારીઓ પ્રદર્શનકારીઓ વિરુધ્ધ સેક્શન ૧૮૮ આઈપીસી હેઠળ કાયદાકીય કાર્યવાહી કરી શકશે. એટલુ જ નહી, દેખાવકારો સામે પોલીસ



ફરિયાદ નોંધાશે. સાથે સાથે જો પ્રદર્શનકારીઓ સામે પોલીસ અધિકારી પગલાં લેશે તો કોર્ટ પણ અવમાનનાનો કેસ નોંધશે નહી.

નોંધનીય છેકે, ગુજરાત સરકાર, પોલીસ કમીશ્નર, ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટને ૧૪૪મી કલમ લાગુ કરવાનો અધિકાર છે. હવે જયારે કોડ ઓફ ક્રીમીનલ પ્રોસિજર બિલ-૨૦૨૧ના બિલને રાષ્ટ્રપતિએ મંજૂરી આપી છે ત્યારે ૧૪૪મી કલમને લગતા કોઈપણ નિયમનો ભંગ કરવામાં આવે તો કાર્યવાહી કરવામાં આવશે. પોલીસને પણ આ બિલ કાયદો બની જતાં સૌથી મોટી રાહત થશે, અત્યારસુધીમાં પોલીસને કાર્યવાહી કરવામાં સમસ્યા ઉભી થતી હતી.

### દવાની દુકાનના માલિક સામે નિયમાનુસાર કાર્યવાહીનો જિલ્લા કલેક્ટરનો આદેશ

# મેડિકલ સ્ટોર્સમાંથી શરદી, શ્વાસ, ઉધરસની દવા લેનારની માહિતી આરોગ્ય તંત્રને આપવા આદેશ

ગુજરાત | વંદન

કોરોનાના નવા વેરિયન્ટને પગલે ઉધરસ, શરદી, શ્વાસ લેવામાં તકલીફ, ગળામાં દુખાવો, ડાયેરિયા, તાવ સહિતની બીમારીની દવા લેતા દર્દીઓની ફરજિયાત નોંધણી કરવાની રહેશે. ઉપરાંત મેડિકલ સ્ટોર્સના સંચાલકે ફરજિયાત એસીએસવાયએસ એપ્લિકેશનમાં તેની એન્ટ્રી કરવાની રહેશે. તેનું પાલન નહીં કરનારા મેડિકલ સ્ટોર્સના માલિક સામે નિયમોનુંસાર કાર્યવાહી કરવાનો જિલ્લા કલેક્ટરે આદેશ કર્યો છે. જિલ્લાના મેડિકલ



સ્ટોર્સમાંથી દવા લઈને સારવાર લેતા લોકોની માહિતી આપવા માટે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ખાસ તકેદારી લેવામાં આવી છે. જેમાં મેડિકલ સ્ટોર્સના સંચાલકો માટે એસીએસવાયએસ એપ્લિકેશન બનાવાઈ છે.

આ એપ્લિકેશનમાં મેડિકલ સ્ટોર્સવાળાએ ફરજિયાત રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. જેના માધ્યમથી મેડિકલ સ્ટોર્સમાંથી શરદી, તાવ, ઉધરસ, ગળામાં દુઃખાવો, શ્વાસ લેવામાં તકલીફ અને ડાયેરીયા જેવી બીમારીની દવા મેડિકલ સ્ટોર્સમાંથી લઈ જતા હોય છે. ત્યારે જો આવા દર્દીઓનો કોવિડ ટેસ્ટ કરવામાં આવે તો સંક્રમણને ફેલાતુ અટકાવી શકાય. જિલ્લા કલેક્ટરે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે કે મેડિકલ સ્ટોર્સમાંથી તાવ, શરદી, ઉધરસ, ગળામાં દુઃખાવો, ડાયેરીયા, શ્વાસ લેવામાં તકલીફ જેવી બીમારીની દવા લેનાર દર્દીનું નામ, સરનામું, ઉંમર, મોબાઈલ નંબર મેડિકલ સ્ટોર્સના સંચાલકે એસીએસવાયએસ એપ્લિકેશનમાં ફરજિયાત માહિતી ભરવાની રહેશે. આ જાહેરનામાની અમલવારી તારીખ 31 સુધી રહેશે.

### સાબરમતી નદી કિનારાના વિસ્તારોમાં હજુ પણ ચાલી રહ્યું છે સર્ચ

# દીપડાને હવે કેમેરામાં કેદ કરાશે:નદીના પટ્ટમાં 8 નાઈટ વિઝન કેમેરા ફીટ કરાયા

ગુજરાત | વંદન

સાબરમતી નદી કિનારાના વિસ્તારોમાં હજુ પણ સર્ચ ચાલી રહ્યું છે ત્યારે દીપડો નદીના પૂર્વ વિસ્તાર એટલે કે, પાલજ-બાસણ ગામ તરફ હોવાની શક્યતાઓને પગલે ત્યાં હવે હાઈટેક કેમેરા ફીટ કરવામાં આવ્યા છે અને તેનું મોનીટરીંગ કરીને દીપડાને પકડવા માટે વનવિભાગે ચક્રોગતિમાન કર્યા છે. કેમેરા ફીટ કરવાથી નાશાચર આ દીપડાને રાત્રે આસાનીથી કેમેરામાં કેદ કરી શકાય છે.

ગાંધીનગરના જ-માર્ગ ઉપર દીપડ દેખાયાને એક અઠવાડિયા જેટલો સમય થઈ ગયો, પરંતુ હજુ સુધી દીપડાનું પગેરૃ આ વિસ્તારમાંથી મળ્યું નથી તો બીજીબાજુ અક્ષરધામ પાસે પણ





દીપડો હોવાની વાત પ્રત્યેક્ષદર્શી દ્વારા સામે આવી હતી તેમાં પણ ૨૪ કલાકના સર્ચ ઓપરેશન બાદ પણ કંઈ નિશાન વનવિભાગને મળ્યા નથી. દીપડો નિશાચર પ્રાણી છે અને રાત્રીના સમયે તથા પરોઢિયે ખાસ જોવા મળતો હોય છે તેથી વનવિભાગ દ્વારા સાબરમતી નદીના પટ્ટમાં ખાસ કરીને પૂર્વ વિસ્તારમાં કે જ્યાં દીપડો હોવાની શક્યતા સેવાઈ રહી છે ત્યાં આઠ જેટલા નાઈટ વિઝન મોસન કેમેરા ફીટ કરવામાં આવ્યા છે.

અહીં પાણીવાળા તથા ગુફાજેવા વિસ્તારમાં કે જ્યાં દીપડો સરળતાથી આવે તેમ હોય ત્યાંનું વિઝન મળે તે રીતે હાઈટેક કેમેરા ફીટ તો કરવામાં આવ્યા છે સાથે સાથે તેનું મોનીટરીંગ પણ કરાવમાં આવી રહ્યું છે જેમાં શિયાળ, મોર, કુતરા,નિલગાય જેવા પ્રાણીઓ જણાઈ આવ્યા છે પરંતુ હજુ સુધી દીપડો-ઝરખ કે જંગલ કેટના કોઈ ફુટેજ મળ્યા નથી તેમ છતા આ કેમેરા આગામી દિવસોમાં રાખીને તેનું સતત મોનીટરીંગ કરવા માટે સુચના આપી દેવામાં આવી છે.

# દહેગામમાં ચાઈનીઝ દોરીના વિરોધમાં લોકજાગૃતિ અર્થે છાત્રો દ્વારા રેલી

■ સાંદિપની સ્કૂલના વિદ્યાર્થીઓ અને સિનિયર સિટીઝન સદસ્યો મોટી સંખ્યામાં જોડાયા



ગુજરાત | વંદન

ઉતરાયણ પર્વ સૌ કોઈ ઉત્સાહ, ઉન્માદ સાથે મનાવતા હોય છે, પરંતુ આ ઉત્સાહ, ઉન્માદની સાથે સાથે કેટલીક દુખદ ઘટનાઓ પણ બનતી હોય છે, જેમાં ખાસ કરીને જીવલેણ ચાઈનિઝ દોર દ્વારા લોકોના ગળા કપાતા હોવાના બનાવો બનતા હોય છે. દર વખતની જેમ આ વખતે પણ ચાઈનિઝ દોરે અનેક લોકોને શિકાર બનાવ્યા છે. અત્યાર સુધીમાં 10 લોકો ચાઈના દોરનો શિકાર બન્યા છે, જેમાં 7 લોકોના દર્દનાક મોત થયા છે. બીજી તરફ પોલીસ દ્વારા આ પ્રકારની દોર વેચનાર સામે કડક પગલા ભરવામાં આવી રહ્યા છે. ત્યારે ગાંધીનગર જીલ્લાના દહેગામ શહેરમાં ચાઈના દોરીનું વેચાણ ન થાય તેના માટે વિરોધ પ્રદર્શિત અને લોકજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવતા જુદી જુદી શાળાના વિદ્યાર્થીઓ સહિત લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

દહેગામ ખાતે ચાઈના દોરી ના વિરોધમાં અને લોકજાગૃતિ સંદર્ભે યોજાયેલી રેલીમાં મ્યુનિસિપલબોઈઝ સ્કૂલ અને સાંદિપની સ્કૂલના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીઓ સિનિયર સિટીઝન સદસ્યો મોટી સંખ્યામાં જોડાયા હતા. મ્યુનિસિપલ હાઈસ્કૂલ દહેગામથી રેલીને દહેગામ નગરપાલિકાના પ્રમુખ પીનાબેન શાહ દ્વારા પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. રેલી દહેગામ શહેરના વિવિધ માર્ગો પર ફરીને લોકોમાં જાગૃતિ માટે ચાઈના દોરીનો ઉપયોગ,વપરાશ ન કરવા માટે નો એક પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# વેપારીએ ખરીદેલી જમીન પચાવી પાડતા બે વિરુદ્ધ લેન્ડગ્રેબીંગની ફરીયાદ

■ કલેક્ટરમાં ફરિયાદ બાદ પોલીસે ગુનો દાખલ કર્યો

ગુજરાત | વંદન

ગાંધીનગર તાલુકાના જલુંદ ગામે મોટેરા ખાતે રહેતા ઈંટોના વેપારી ૧૨ વર્ષ અગાઉ જમીન ખરીદી હતી અને આ જમીન બાજુમાં આવેલી ખેતરમાં બે ખેડૂતોએ પચાવી પડી ધમકી આપતા ગાંધીનગર કલેક્ટર કચેરીમાં ફરિયાદ કરી હતી. જેના પગલે પેથાપુર પોલીસે લેન્ડગ્રેબીંગ એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૃ કરી છે. છેલ્લા એક જ અઠવાડિયામાં જિલ્લામાં લેન્ડગ્રેબીંગની ચારથી વધુ ગુના દાખલ કરવામાં આવ્યા છે.





ગાંધીનગર જિલ્લામાં જમીન મકાન પચાવી પાડનાર વ્યક્તિઓ સામે કડક હાથે કામ લેવાના ભાગરૂપે લેન્ડગ્રેબીંગ એક્ટ હેઠળ કાર્યવાહી થઈ રહી છે ત્યારે ગાંધીનગર શહેર નજીક આવેલા જલુંદ ગામે મોટેરાના ખેડૂતો ખરીદેલી જમીન બે શખ્સોએ પચાવી પાડી હોવા અંગેની ફરિયાદ ઉઠવ પામી છે. મોટેરામાં એમકે હાઉસ ખાતે રહેતા અને ઈંટોના વેપારી શૈલેષભાઈ ડુંગરભાઈ પ્રજાપતિએ વર્ષ ૨૦૧૨માં કિર્તીકુમાર રામાભાઈ પટેલ પાસેથી જલુંદ પાસે જમીન ખરીદી હતી. આ જમીન ખરીદાયા બાદ તેમણે તેનો કબ્જો સંભાળીને જમીન દલાલ સુખાજી ચતુરજી વાઘેલાને વાવેતર કરવા માટે આપી દીધી હતી છેલ્લા એક વર્ષથી જમીનમાં વાવેતર કરવામાં નહીં આવતું હોવાથી બાજુના ખેતરના માલિકો બળદેવજી મોતીજી વાઘેલા અને શંકરજી બળદેવજી વાઘેલાએ આ જમીનમાં કોઈ હિસ્સો નહીં હોવા છતા પચાવી પાડી હતી.

શૈલેષભાઈ અને સુખાજી જમીન જોવા ગયા ત્યારે આ શખ્સોએ તેમને ધાક ધમકી આપી હતી જેથી આ મામલે તેમણે ગાંધીનગર કલેક્ટર કચેરીમાં ફરિયાદ કરી હતી અને તેના આધારે પેથાપુર પોલીસે આ બન્ને શખ્સો સામે લેન્ડગ્રેબીંગ એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વલાદની જમીન પચાવવા 8 ભૂમાફિયાઓએ ખોટા દસ્તાવેજ બનાવ્યાંની ફરીયાદ નોંધાઇ

■ ઓરીજનલ દસ્તાવેજની તપાસ કરાવતા સમગ્ર મામલો સામે આવ્યો




ગુજરાત | વંદન

વલાદમાં ગામની સીમમાં આવેલી 20 વીઘા જમીનને ભૂમાફિયાઓ દ્વારા ખેડૂતના બોગસ દસ્તાવેજ બનાવી જમીન ખરીદવા આવતા વ્યક્તિને પધરાવી દીધી હતી અને 15 લાખ રૂપિયા પણ લઈ લીધા હતા. જ્યારે આ બાબતની સાચા ખેડૂતને પણ ખબર પડવા દીધી ન હતી. ત્યારે જમીન ખરીદવા આવનાર વ્યક્તિએ ઓરીજનલ દસ્તાવેજની તપાસ કરાવતા સમગ્ર મામલો સામે આવ્યો હતો. જેથી સાચા ખેડૂતને જાણ કરતા ખોટા દસ્તાવેજ બનાવનાર 8 સામે ડભોડા પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો હતો.

ચતુરભાઈ રેવાભાઈ પટેલ (રહે,નોબલ રેસિડેન્સી, થલતેજ, અમદાવાદ) ગાંધીનગરના વલાદ ગામની સીમમાં 20 વીઘા જમીન ધરાવે છે. તેમણે ડભોડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે, તેમની જમીન વેચવા માટે 8 ભૂમાફિયાઓ બજારમાં આવ્યા હતા અને જમીન વેચવા ફરતા હતા. જેમા સુનિલ સોમાભાઈ રબારી, લાલાભાઈ ભુવા ઉર્ફે લાલાભાઈ અમરતભાઈ રબારીવિશાલ તેજાભાઈ રબારી, સંજય રબારી, જ્યારે ભળતાનામ ધારણ કરનારા ચતુરભાઈ રેવાભાઈ પટેલ, ભીખાભાઈ મંગળદાસ પટેલ, પોપટજી ફૂલાજી ઠાકોર (વિરાતલાવડી) અને પરેશ ધીરુભાઈ જયાની (રહે, નિકોલ)જમીન વેચવાનો કારસો રચવામાં આવ્યો હતો.

### કુડાસણમાં આવેલી ઇન્વેસ્ટમેન્ટ કંપનીના નામે શખ્સ દ્વારા વિશ્વાસ કેળવીને ઠગાઈ

# એકાઉન્ટ ખોલાવી શેરમાં રોકાણ નહીં કરીને વૃદ્ધ સાથે 43 લાખની છેતરપિંડી

ગુજરાત | વંદન

હાલમાં એનકેન પ્રકારે લોકોનો વિશ્વાસ કેળવીને છેતરપિંડીની ઘટના વધી રહી છે ત્યારે અમદાવાદમાં રહેતા વૃધ્ધ દંપતિને કુડાસણમાં આવેલી ઈન્વેસ્ટમેન્ટ કંપનીમાં રોકાણ કરવાની લાલચ આપીને સે-૨૨ના શખ્સે વિશ્વાસ કેળવી ૪૩ લાખ રૂપિયાની છેતરપિંડી આચરી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. જે મામલે ઈન્ફોસિટી પોલીસમાં ગુનો દાખલકરવામાં આવ્યો છે અને તેના આધારે પોલીસે શોધખોળ પણ શરૂ કરી છે.અમદાવાદના પાલડી પાસે હરિપ્રસાદનગરમાં રહેતા અને આદીજાતિ વિકાસ કમિશનરની કચેરીમાંથી નિવૃત્ત થયેલા ચૈલાબેન ઈલેશભાઈ શાહે ફરિયાદ નોંધાવી હતી કે, તેમની નોકરી દરમ્યાન ગીરીરાજસિંહ નટવરસિંહ વાઘેલા રહે. સે-૨૨ પ્લોટ નં. ૩૭૦-૨ સાથે સંપર્ક થયો હતો અને આ નટવરસિંહે વર્ષ ૨૦૧૮માં તેમણે કુડાસણ સ્વાગત રેઈનફોરેસ્ટ ખાતે આવેલી એસએમસી ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ કંપનીમાં રોકાણ




કરવાની લાલચ આપી હતી અને ત્યાર બાદ વિશ્વાસ કેળવીને આ ઈન્વેસ્ટમેન્ટ કંપનીમાં તેમના પતિના નામે ડીમેટ એકાઉન્ટ ખોલ્યું હતું ત્યાર બાદ તેમના પતિના એકાઉન્ટમાંથી રૂપિયા અને શેર ગીરીરાજસિંહે તબક્કાવાર ટ્રાન્સફર કરાવી લીધા હતા. જો કે, જે પ્રકારે તેમણે રોકાણ કર્યું હતું તેની હાલની માર્કેટ વેલ્યુ ૫૦ લાખ રૂપિયા જેટલી થવા જતી હતી જેથી ગીરીરાજસિંહ વાઘેલા પાસે રોકાણ કરેલા નાણા અને એકાઉન્ટની વિગતો માંગતા ગલ્લા તલ્લા કરવા લાગ્યા હતા ત્યાર બાદ આ ઈન્વેસ્ટમેન્ટ કંપનીમાં તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, તેમના એકાઉન્ટમાં કોઈ ટ્રાન્જેક્શન કરવામાં આવ્યું નથી અને ગીરીરાજસિંહે તેમના સ્ટોકયાર્ડ એકાઉન્ટમાં શેર ટ્રાન્સફર કરાવીને વેચી માર્યા છે. જેથી આ વૃધ્ધ દંપતિને તેમની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ આવી ગયો હતો.

### ગાંધીનગરમાં વધતા જતા દબાણો વચ્ચે તંત્રની કાર્યવાહી

# સ્થાનિકોની ફરિયાદના પગલે કોર્પોરેશને સે.-6માંથી ઝુંપડાના દબાણો હટાવ્યાં



ગુજરાત | વંદન

ગાંધીનગર શહેરમાં દબાણોનો પ્રશ્ન નવો નથી ત્યારે સેક્ટરોમાં ઝુંપડાના દબાણો વધી રહ્યા છે તેવી સ્થિતિમાં સેક્ટર-૬ના વસાહતીઓ દ્વારા આ મામલે કોર્પોરેશન સહિત કલેક્ટર સુધી પણ ફરિયાદ કરવામાં આવી હતી જેના અનુસંધાને દબાણ હટાવો ટીમ અહીં પહોંચી હતી અને ૫૦ જેટલા ઝુંપડાના દબાણો હટાવી દીધા હતા. સેક્ટર-૬માં તો આ ઝુંપડાના દબાણો એટલી હદે વધી ગયા હતા કે સ્થાનિકોને સવાર સાંજ ચાલવા નિકળતી વખતે પણ સતત દુર્ગંધનો સામનો કરવો પડતો હતો. આ સ્થિતિને કારણે શિવરંજની વસાહત મંડળ સેક્ટર-૬ દ્વારા ગાંધીનગર કોર્પોરેશન સહિત કલેક્ટર સુધી ફરિયાદો કરવામાં આવી હતી જેના પગલે કોર્પોરેશનની ટીમ સેક્ટર-૬માં પહોંચી હતી જ્યાં રોડ સાઈડમાં ઉભા થયેલા આ ૫૦થી વધુ ઝુંપડાના દબાણો હટાવી દીધા હતા તો આગામી દિવસમાં સંત રોહિદાસ મંદિરની આસપાસના વિસ્તારમાં પણ કોર્પોરેશનની ટીમ ત્રાટકશે અને ઝુંબડા દૂર કરાશે. આ વિસ્તારમાં ફરી ઝુંપડા ન થાય તે માટે કોર્પોરેશન દ્વારા ફેન્સીંગ પણ કરી દેવી જોઈએ.

# કિશન ભરવાડ હત્યા કેસના આરોપીને કડક સજા અપાશે: હર્ષ સંઘવી

ગુજરાત | વંદન

ગત વર્ષ 2022ના જાન્યુઆરી મહિનામાં ધંધૂકામાં રહેતા કિશન ભરવાડે સોશિયલ મીડિયા પર એક વીડિયોમાં ચોક્કસ ધર્મ વિરુદ્ધ કેટલીક ટિપ્પણીઓની એક પોસ્ટ મૂકી હતી. આ પોસ્ટના પગલે બાઈક પર આવેલા બે શખ્સોએ પીઠ પર ગોળી મારીને તેમની હત્યા કરી દીધી હતી. આ મર્ડર કેસે મોટું સ્વરૂપ ધારણ કરી લેતાં તેની તપાસ ગુજરાત એટીએસ સુધી પહોંચી હતી. ગુજરાતના ધંધુકા ખાતે કિશન ભરવાડની હત્યાના ચકચારી કેસની તપાસ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) પણ સામેલ થઈ હતી. ગત 25 જાન્યુઆરીના રોજ અમદાવાદ જિલ્લાના ધંધુકા ખાતે કિશન ભરવાડની હત્યા થઈ હતી.

## ચકચારી હત્યા કેસ અંગે ગૃહરાજ્યમંત્રીની જાહેરાત



ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કિશન ભરવાડ કેસ બાબતે ખેડામાં નિવેદન આપતાં જણાવ્યું હતુ કે, કિશન ભરવાડ કેસના આરોપીઓને કડકમાં કડક સજા કરવામાં આવશે. તેમણે વધુમાં કહ્યું હતું કે ઉદાહરણરૂપ કડકમાં કડક સજા આપવામાં આવશે જેથી કરીને રાજ્યમાં આવા કેસ પર દાખલારુપ બની રહે. હર્ષ સંઘવીએ આ ઉપરાંત ઉમેર્યુ હતું કે રાજ્યમાં હજુ બેથી ચાર કેસમાં સજા માટે પોલીસ મક્કમ છે. રાજ્ય સરકાર કોઈ પણ ગુનાહિત પ્રવૃતિ કરનારને ચલાવી નહી લે.કાયદાકીય રીતે તેમની પર પગલાં ભરવામાં આવશે.

## આરોપી મૌલવીની જામીન અરજીની સુપ્રિમમાં સુનાવણી હાથ ધરાઈ

કિશન ભરવાડની હત્યાના મામલે સુપ્રીમકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આરોપી મૌલવીની જામીન અરજી સુનાવણી થઈ હતી. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે આ મામલે હાઈકોર્ટે વિગતવાર આદેશ પસાર કર્યો છે અને રાજ્ય સરકારના વકીલે 2 સપ્તાહનો સમય માગ્યો હોવાથી કાઉન્ટર માટે એક સપ્તાહ અને પ્રત્યુત્તર માટે એક સપ્તાહનો સમય આપીએ છીએ. જેને લઈને 2 સપ્તાહમાં બાદ સુપ્રીમકોર્ટમાં વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે. તેવું જણાવ્યું હતું.

ધંધુકા ખાતે ગત જાન્યુઆરી 2022માં કિશન ભરવાડ નામના યુવકની હત્યા નિપજાવવામાં આવી હતી. ગત 25 જાન્યુઆરીના રોજ અમદાવાદ જિલ્લાના ધંધુકા ખાતે કિશન ભરવાડની હત્યા થઈ હતી. આ યુવાન પોતાના જુના ઘર પાસેથી પસાર થતો હતો. તે વેળાએ બે અજાણ્યાં શખસોએ આવીને ફાયરિંગ કર્યું હતું.

રિયલ એસ્ટેટ

જમીનના ભાવ વધવાના કારણે બંગલો ખરીદવા બહુ મોંઘા પડે છે

# અમદાવાદમાં બિલ્ડર્સે લક્ઝરી બંગલો સ્કીમ્સમાં 1000 કરોડ રોક્યા!

**હાઈ એન્ડ લક્ઝરિયસ એપાર્ટમેન્ટની સૌથી વધુ માંગ**

ગુજરાત | વંદન

વિશાળ કદના લક્ઝરી હોમ માટે અમદાવાદ એક મોટા માર્કેટ તરીકે ઉભરી રહ્યું છે. જાણીતા ડેવલપર્સ અમદાવાદમાં બંગલો સ્કીમ્સ માટે મોટી રકમ લગાવી રહ્યા છે. એક અંદાજ પ્રમાણે હાલમાં અમદાવાદમાં ડેવલપર્સે બંગલોની જુદી જુદી સ્કીમોમાં લગભગ 1000 કરોડ રૂપિયાથી વધારે મૂડી લગાવી છે. શહેરમાં વધુ મોટા, લક્ઝરિયસ, મોટી બાલ્કની અને સારો વ્યૂ ધરાવતા મકાનોનું આકર્ષણ વધ્યું છે. તેના કારણે બિલ્ડરો પણ લક્ઝરી બંગલો પર ફોકસ વધારી



અમદાવાદ રિયલ્ટર્સ એસોસિયેશન (ARA)ના અંદાજ પ્રમાણે બિલ્ડરો નવી બંગલો સ્કીમમાં લગભગ 1000 કરોડનું રોકાણ ધરાવે છે. ARAના પ્રેસિડન્ટ મનીષ બ્રહ્મભટ્ટે જણાવ્યું કે, "શહેરમાં બંગલોની ડિમાન્ડ વધી છે, પરંતુ જમીનનો ભાવ ઉંચો હોવાના કારણે સપ્લાય મર્યાદિત છે. કેટલાક બિલ્ડર્સે ઝડપથી ડેવલપ થતા એરિયામાં બહુ મહત્વાકાંક્ષી કહી શકાય તેવા પ્રોજેક્ટ લોન્ચ કર્યા છે."કોવિડ-19નું આગમન થયું ત્યારથી રેસિડેન્શિયલ રિયલ એસ્ટેટની માંગ વધી છે. ખાસ કરીને શહેરની અંદર તથા આસપાસના વિસ્તારોમાં બંગલો સ્કીમ માટે બંગલો સ્કીમની ડિમાન્ડ છે. CREDAI, અમદાવાદના પ્રેસિડન્ટ તેજસ જોશીએ જણાવ્યું કે, "હાઈ એન્ડ લક્ઝરિયસ એપાર્ટમેન્ટની સૌથી વધુ માંગ હતી. ચાલુ વર્ષમાં બંગલોની ડિમાન્ડમાં પણ 15 ટકાનો વધારો થયો છે. તેના કારણે ડેવલપર્સ નવી સ્કીમ પર નજર દોડાવે છે."

## નવા ડેવલપ થતા એરિયામાં સ્કીમ્સ મુકાશે

જમીનના ભાવ વધવાના કારણે અમદાવાદમાં બંગલો ખરીદવા બહુ મોંઘા પડે છે, છતાં તેની માંગને અસર નથી થઈ તેમ રિયલ્ટી ઉદ્યોગના લોકોએ જણાવ્યું હતું. ડેવલપર્સ હાલમાં શીલજ, ઓગણજ, શેલા અને શાંતિપુરા સર્કલ એરિયામાં આગામી કેટલાક મહિનામાં જુદી જુદી પ્રાઈસ કેટેગરીમાં નવી સ્કીમ લોન્ચ કરે તેવી શક્યતા છે. દાખલા તરીકે અમદાવાદ સ્થિત ડેવલપર શર્વિલ શ્રીધર 30 હજાર ચોરસ વાર જમીન પર એક નવી સ્કીમ લોન્ચ કરવાના છે.

અમદાવાદ સ્થિત ડેવલપર દેવલ પટેલે જણાવ્યું કે, "આધુનિક ગ્રાહકોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને નવી સ્કીમ ડિઝાઈન કરવામાં આવી છે. બંગલો ખરીદતી વખતે ગ્રાહકોને પાર્કિંગની ખાસ ચિંતા રહેતી હતી. હવે આ સમસ્યા દૂર કરવા માટે ડેવલપર્સ બંગલો સ્કીમમાં પણ બેઝમેન્ટ પાર્કિંગની સગવડ આપી રહ્યા છે." જમીનના ઉંચા ભાવના કારણે બંગલો સ્કીમમાં ડેવલપર્સને નફો મેળવવો મુશ્કેલ પડતો હોય છે. પ્રોપર્ટી કન્સલ્ટન્ટ દીપેન ઠક્કરે જણાવ્યું કે જમીનના ઉંચા ભાવના કારણે ડેવલપર્સ બંગલો સ્કીમને ટાઉનશીપમાં ઈન્ટીગ્રેટ કરતા હતા. હવે વર્ષો પછી ખાસ બંગલો સ્કીમ લોન્ચ થઈ રહી છે.

ગુણવત્તા મૂલ્યાંકનમાં શ્રેષ્ઠત્તમ દરજ્જા માટે સન્માન

# અદાણી સોલારે રાષ્ટ્રીય સ્તરે 7 એવોર્ડ મેળવી ડંકો વગાડ્યો

ગુજરાત | વંદન

અદાણી ગ્રુપની અદાણી સોલારની યશકલગીમાં વધુ એક પીંછુ ઉમેરાયું છે. 36મા નેશનલ કન્વેન્શન ઓન ક્વોલિટી કન્સેપ્ટ્સ (NCQC) તરફથી કંપનીને 6 એક્સેલન્સ અને 1 વિશિષ્ટ એવોર્ડ એનાયત કરાયા છે. ઔરંગાબાદ ખાતે આયોજીત ક્વાલિટી કન્સેપ્ટ્સના રાષ્ટ્રીય સંમેલનમાં આ વિશિષ્ટ સન્માન પ્રાપ્ત થયું છે. NCQC રાષ્ટ્રીયસ્તરે ગુણવત્તા મુલ્યાંકનના આધારે એવોર્ડ એનાયત કરે છે. દેશભરના કુલ 2031 સ્પર્ધકોમાંથી અદાણી સોલારે ડંકો વગાડ્યો છે.

ક્વોલિટી સર્કલ ફોરમ ઓફ ઈન્ડિયા (QCFI) દ્વારા આયોજીત કાર્યક્રમમાં અદાણી સોલારની ટીમોને કેસ સ્ટડી પ્રેઝન્ટેશન બાદ દ્વિતીય સર્વોચ્ચ તેમજ ત્યારબાદનો વિશિષ્ટ એવોર્ડ પ્રાપ્ત થયો છે. જેમાં સેલ ઉત્પાદન, મોડ્યુલ ગુણવત્તા, મોડ્યુલ ઉત્પાદન જેવા જટીલ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી બતાવ્યું છે. NCQC એ રાષ્ટ્રીય સ્તરની એક સ્પર્ધા છે જેમાં વિવિધ સંસ્થાની ગુણવત્તા વર્તુળ, 5S અને સિક્સ સિગ્મા ટીમો એકબીજા સાથે સ્પર્ધા કરે છે, જેમાં સર્વશ્રેષ્ઠને એવોર્ડથી નવાજવામાં આવે છે.

ક્વોલિટી સર્કલ ફોરમ ઓફ ઈન્ડિયા ગુણવત્તા અમલીકરણ અને કૌશલ્ય વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. જેમાં 5S, Kaizen, QC, LQC, LSC, WCM, સિક્સ સિગ્મા વગેરેથી શરૂ થતા સંકલિત ગુણવત્તાના અભિગમો ટીમને આત્મવિશ્વાસ અને સકારાત્મક વલણ સાથે સમસ્યા હલ કરવાની કુશળતા ખીલવે છે. અદાણી સોલર એ ભારતની પ્રથમ અને સૌથી મોટી વર્ટિકલી ઈન્ટિગ્રેટેડ સોલર કંપની છે જે ફોટોવોલ્ટેઈક્સ મેન્યુફેક્ચરિંગના સ્પેક્ટ્રમમાં સેવા-ઉત્પાદનો પ્રદાન કરે છે. તે વૈશ્વિક બેન્ચમાર્ક્સ મુજબ કામગીરીના સ્કેલ અને વિશ્વસનીયતાના ધોરણોને અનુસરતી વૈવિધ્યસભર સંસ્થા છે. અદાણી સોલાર મુન્દ્રામાં 10 GW સોલાર પીવી ઉત્પાદનની વિશ્વની પ્રથમ સંપૂર્ણ સંકલિત અને વ્યાપક ઈકો-સિસ્ટમનું નિર્માણ કરી રહ્યું છે.

વિદેશમંત્રીએ શતાબ્દી મહોત્સવમાં આપી હાજરી

# યુક્રેન યુદ્ધ વખતે BAPSના સ્વયંસેવકોના સેવાકાર્યને ભારત સરકાર ક્યારેય નહિ ભૂલે: એસ. જયશંકર

ગુજરાત | વંદન

ભારતના વિદેશમંત્રી ડો. એસ. જયશંકરે જણાવ્યું કે "આજે પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવમાં હાજર રહેવા મળ્યું તે મારા માટે ગર્વ અને સૌભાગ્યની વાત છે. પ્રમુખસ્વામી મહારાજને વિશ્વગુરુ તરીકે ઓળખવામાં આવે છે કારણકે તેઓએ ૫૦ થી વધુ દેશોમાં વિચરણ કર્યું છે , ૧૭,૦૦૦ થી વધુ ગામડાઓમાં વિચરણ કર્યું છે , ૧૨૦૦ થી વધારે મંદિરોનું નિર્માણ કર્યું છે ૭ લાખથી વધારે પત્રો લખીને હરિભક્તોને આશીર્વાદ આપ્યા છે. પ્રમુખસ્વામી મહારાજે નાતજાત અને ઊંચનીચના ભેદભાવ વગર તમામ લોકોને અપનાવ્યા છે. આજે મહંત સ્વામી મહારાજ ના દર્શન અને આશીર્વાદ મળ્યા એ મારા માટે સૌભાગ્યની વાત છે.




યુક્રેન યુદ્ધ વખતે ૧૧ દેશોથી મોકલેલા BAPSના સ્વયંસેવકોના સેવાકાર્યને ભારત સરકાર ક્યારેય નહિ ભૂલે અને તેની પાછળ પ્રમુખસ્વામી ની ભાવના "બીજા ના સુખમાં આપણું સુખ" ચરિતાર્થ થતી દેખાય છે. સંવેદનશીલતા, સેવા, સમુદાય અને માનવતા આ ચાર આદર્શો આ બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થામાં જોવા મળે છે.આધુનિકતા અને સંસ્કૃતિનો સુભગ સમન્વય આ બી.એ.પી. એસ સંસ્થા અને તેના મંદિરોમાં જોવા મળે છે. વ્યક્તિગત સ્પર્શ એ પ્રમુખસ્વામી મહારાજ અને આ સંસ્થાની આગવી વિશેષતા છે.

ATM કાર્ડનો ઉપયોગ કરતા ન ફાવતું હોય તેવા લોકોને શિકાર બનાવતો હતો...

# સિનિયર સિટીઝનોને છેતરી મુંબઈમાં બાર ડાન્સરો પાછળ પૈસા ઉડાવતો મહા 'ઠગ' ઝડપાયો

ગુજરાત | વંદન

ATMમાં પૈસા ઉપાડતી વખતે અજાણી વ્યક્તિ પર વિશ્વાસ મુકવો તમને ભારે પડી શકે છે. કારણકે અનેક વડીલોને ભોળવીને ATM કાર્ડ બદલી પૈસા ઉપાડનાર ઠગ ફરી એક વખત પોલીસના હાથે ઝડપાયો છે. નોંધનીય છે કે અગાઉ પણ આ ઠગની સાયબર ક્રાઈમ બ્રાંચ દ્વારા ધરપકડ થઈ ચૂકી છે. જેલથી બહાર નીકળતા જ બે મહિનામાં 14થી વધુ ATM કાર્ડ બદલી ઠગાઈ આચરી છે. આ ઠગે લાખો રૂપિયા સેરવી લઈ મોજશોખ કર્યા હોવાનો પણ ખુલાસો થયો છે.

સિનિયર સિટીઝનોને છેતરતા ઠગને સરખેજ પોલીસે ઝડપી પાડ્યો છે. આરોપી રાજવીર ઉર્ફે ચિન્ટુ ભટ્ટ નામનો ઠગ ATM સેન્ટર પર પૈસા ઉપાડનાર ગ્રાહકને મદદ કરવાના બહાને કાર્ડમાંથી પૈસાની ઠગાઈ આચરવામાં માસ્ટર માઈન્ડ છે. ઠગ ATMમાં આવતા વૃદ્ધ લોકોને




તેનો ટાર્ગેટ બનાવતો હતો અને ATM કાર્ડનો ઉપયોગ કરતા ન ફાવતું હોય તેવા લોકોને પૈસા કાઢવાની મદદ કરવાનું કહીને તેમનો પાસવર્ડ જાણી લેતો અને ત્યાર બાદ તેમનું કાર્ડ બદલીને ઠગાઈ આચરતો હતો.

ઠગ રાજવીર ભટ્ટએ અમદાવાદ, વલસાડ, વડોદરા ગાંધીધામ, કચ્છ, મુંબઈ સહિત અનેક જગ્યાએ 14થી વધારે લોકો સાથે છેતરપીંડી આચરી છે અને આ ઠગાઈના પૈસાનો ઉપયોગ તે મોજશોખ પુરા કરવા માટે કરતો હતો. આરોપી રાજવીર શરૂમાં મોજશોખ પુરા કરવા માટે નાની મોટી ચોરી કરતો હતો. જેને લઈને તેના પિતા એ ઠપકો આપતા તે ઘરેથી નીકળી ગયો હતો. અને ત્યાર બાદ મોજશોખ પૂરા ના થતા ATM માંથી પૈસા ઉપાડવામાં મદદના બહાને વૃદ્ધો સહિતના લોકોને પડતી તકલીફ પડતી હોવાથી તેમને ટાર્ગેટ બનાવવાનું નક્કી કર્યું. જેમાં છેલ્લા 7 વર્ષથી આરોપી ATM સેન્ટર પર મદદ કરવાના બહાને કાર્ડ બદલી લાખો રૂપિયાની ઠગાઈ આચરી ચુક્યો છે.


છેલ્લા 22 મહિનાથી આરોપી સેન્ટ્રલ જેલમાં આ ATM ફ્રોડના ગુનામાં હતો પરતું બે મહિનાથી બહાર નીકળતા જ ફરી એક વખત આ રીતની ઠગાઈ કરવાનું શરૂ કર્યું હતું. જોકે આરોપી સરખેજ પોલીસની પકડમાં ત્યારે આવ્યો જ્યારે આણંદ ચોકડી પાસે ડિસેમ્બર 2022માં એક સિનિયર સિટીઝનની મદદ કરવાના બહાને પૈસા ઉપડ્યા હતા.

ફોટોગ્રાફીથી કરી હતી કારકીર્દિની શરુઆત

# 'ચિત્રલેખા'નાં સહસંસ્થાપક મધુરી કોટકનું 92 વર્ષની વયે નિધન

ગુજરાત | વંદન

મધુરીબેન કોટક 'ચિત્રલેખા'નાં સંસ્થાપક સ્વર્ગસ્થ વજુ કોટકના પત્ની અને 'ચિત્રલેખા'ના



સહસંસ્થાપક હતા. તેમણે, તેમની કારકીર્દિની શરુઆત ફોટોગ્રાફીથી કરી હતી.

પત્રકારત્વ અને ફોટોગ્રાફી જગતના દિગ્ગજ એવા મધુરીબેન કોટકનું ગુરુવારે 92 વર્ષની વયે મુંબઈમાં નિધન થયુ છે. મધુરીબેન કોટક 'ચિત્રલેખા'નાં સંસ્થાપક સ્વર્ગસ્થ વજુ કોટકના ધર્મપત્ની અને 'ચિત્રલેખા સાપ્તાહિક'ના સહસંસ્થાપક હતા. મધુરીબેન કોટકે કારકીર્દિની શરુઆત ફોટોગ્રાફીથી કરી હતી. તેઓ 60 અને 70ના દાયકામાં ખૂબ જાણીતા મહિલા ફોટોગ્રાફર હતા. દેશના પ્રથમ મહિલા ફોટોગ્રાફર હોમાઈ વ્યારાવાલા પછી મહિલા ફોટોગ્રાફરમાં સૌથી વધુ જાણીતુ નામ મધુરીબેન કોટકનું છે. તેમણે 'ચિત્રલેખા'નાં સંસ્થાપક સ્વર્ગસ્થ વજુ કોટક પાસેથી જ પત્રકારત્વ અને ફોટોગ્રાફીના પાઠ શીખ્યા હતા. જો કે તેમનું નામ 'ચિત્રલેખા'નાં સહસંસ્થાપક તરીકે પણ ખૂબ જ જાણીતુ બન્યુ. તેમણે 'ચિત્રલેખા' સિવાય 'બીજ' અને 'જી' ફિલ્મ મેગેઝિન માટે પણ ઘણો અમૂલ્ય ફાળો આપ્યો છે.

તમામ ઝોનના DCPને નોડલ ઓફિસર તરીકે કરાયા નિમણૂંક

# શહેરમાં વ્યાજખોરોના આતંકને ડામવા 31 જાન્યુઆરી સુધી સ્પેશિયલ ડ્રાઈવનું આયોજન

**પીડિતો હવે સીધા નોડલ ઓફિસરને મળી શકે તેવી વ્યવસ્થા**

ગુજરાત | વંદન

અમદાવાદ સહિત રાજ્યભરમાં વ્યાજખોરીનું દુષણ વકરી રહ્યું છે. વ્યાજખોરો સામાન્ય માણસોને રૂપિયા આપી આડેધડ વ્યાજ વસૂલતા હોવાની રાવ ઉઠી રહી છે. ત્યારે વ્યાજખોરોના આતંકને ડામવા અમદાવાદ CPએ મહત્વનો નિર્ણય લીધો છે. જેમાં 31 જાન્યુઆરી સુધી વ્યાજખોરો સામે સ્પેશિયલ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે.જેને પગલે



તમામ ઝોનના DCPને નોડલ ઓફિસર તરીકે નિમણૂક કરવામાં આવી છે. જેને લઈને લોકો હવે સીધા નોડલ ઓફિસરને મળી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં ચક્રવૃદ્ધિ વ્યાજમાં ફસાયેલા નાગરિકો જરૂરી દસ્તાવેજો સાથે DCPને મળી સીધા જ ફરિયાદ કરી શકશે. 5 જાન્યુઆરીથી 31 જાન્યુઆરી સુધી વ્યાજખોરો વિરૂદ્ધ સ્પેશિયલ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. આ દરમિયાન સામન્ય પબ્લિક હવે સીધા આ નોડલ ઓફિસરને મળી શકશે તે પ્રકારની વ્યવસ્થા કરાઈ છે.મહત્વનું છે કે રાજ્યમાં વ્યાજખોરોનો ત્રાસ સતત વધી રહ્યો હોવાથી ગત ડીસેમ્બર માસમાં રાજકોટ આવેલ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ વ્યાજખોરી મામલે નિવેદન આપ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે આ પ્રકારના કૃત્ય ચલાવી નહિ લેવાઈ અને વ્યાજખોરોના ત્રાસ મામલે જે અરજીઓ મળે છે તેના પર ગુજરાત પોલીસ કડક હાથે કામ કરી રહી છે. જેના ભાગરૂપે શહેર પોલીસ કમિશનરે પ્રજાલક્ષી નિર્ણય લીધો છે. જેને લોકો પણ આવકારી રહ્યા છે.

સ્વૈચ્છિક રક્તદાન ક્ષેત્રે ગૌરવવંતી સિધ્ધિઓની ઉજવણી

# અમદાવાદ રેડક્રોસનાં ઉપક્રમે "ચેમ્પિયન શેરદીલ્સ" રક્તદાતાઓનું અનોખું સન્માન




ગુજરાત | વંદન

તા. ૪થી જાન્યુઆરી ૨૦૨૩નાં રોજ "ચેમ્પિયન શેરદીલ્સ"નાં ગૌરવવંતા સમારોહની વિગતો મીડિયા કોન્ફરન્સમાં રજૂ કરતાં રેડક્રોસનાં ચેરમેન એમેરિટસ તેમજ સેન્ચ્યુરીયન બ્લડ ડોનર ક્લબનાં સ્થાપક અધ્યક્ષ મૂકેશ પટેલે જણાવ્યું હતું કે ૧૯૬૩થી અમદાવાદમાં શરુ કરાયેલી રક્તદાન પ્રવૃત્તિનાં ૬૦ વર્ષની ઉજવણી કરાઈ રહી છે ત્યારે અમદાવાદના રક્તદાતાઓની આગવી સિધ્ધિઓનું સન્માન "ચેમ્પિયન શેરદીલ્સ"નાં કાર્યક્રમમાં કરાશે. સમગ્ર વિશ્વમાં ૧૨૧ શતકવીર રક્તદાતાઓ સાથે અમદાવાદ મોખરાનું સ્થાન ધરાવે છે. વસ્તીના પ્રમાણમાં રક્તદાતાઓની ટકાવારીમાં ૩.૮% (Blood Donors to Population Ratio) સાથે અમદાવાદ વિશ્વનાં ૧.૫%નાં પ્રમાણના અઢીગણા તેમજ ભારતના ૦.૯%નાં પ્રમાણમાં ચારગણાથી વધુ છે. ૬૦ વર્ષમાં અમદાવાદે ૫૬.૬૫ લાખ રક્ત યુનિટ એકત્રિત કર્યા છે.

કમિશનરે ગૃહ વિભાગ પાસે માંગી મંજૂરી

# ડ્રગ્સનું દૂષણ ડામવા સિંધુભવન રોડ પર બનશે નાર્કોટિક્સ પોલીસ સ્ટેશન

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરના સિંધુભવન વિસ્તારની આસપાસ ડ્રગ્સ લેનાર અને આપનાર માટે બદનામ છે, ત્યારે ડ્રગ્સનું દૂષણ ડામવા માટે પોલીસ કમિશનરે સિંધુભવન રોડ પર નાર્કોટિક્સ પોલીસ સ્ટેશન બનાવવા માટે ગૃહ વિભાગ પાસે મંજૂરી માંગી છે.

અત્યાર સુધી પંજાબ રાજ્યને ઉડતા પંજાબ કહેવામાં આવતું હતું. કેમકે પંજાબમાં ડ્રગ્સનું સેવન અને વેચાણ સૌથી વધુ થતું હતું. જોકે, થોડા સમયથી ગુજરાતમાં પણ ડ્રગ્સનું દૂષણ વધી રહ્યું છે. ગુજરાતમાં પણ ડ્રગ્સનો નશો યુવાધનને બરબાદ કરતો હોવાના અનેક કિસ્સાઓ સામે આવી રહ્યા છે. અમદાવાદમાં પણ છાશવારે ડ્રગ્સ પેડલર ઝડપાવવાના સમાચાર સામે આવી રહ્યા છે.ત્યારે સિંધુભવન રોડ પર નાર્કોટિક્સ પોલીસ સ્ટેશન બનાવવા માટે કમિશનરે ગૃહ વિભાગ પાસે મંજૂરી માંગી છે. પોલીસ કમિશનરે ત્રણ 3 સ્થળોએ સર્વે કર્યા બાદ રાજ્યના ગૃહ વિભાગ પાસે સિંધુભવન રોડ પર નાર્કોટિક્સ પોલીસ સ્ટેશન બનાવવા માટે મંજૂરી માંગી છે.

આપને જણાવી દઈએ કે, તાજેતરમાં સિંધુભવન




રોડ પરથી ડ્રગ્સ સાથે બે પેડલર ઝડપાયા હતા. SOGની ટીમે મૂળ પાલનપુરના રહેવાસી ઈરફાન ઉર્ફે પોપટ સિંધી અને નયામત અલી ખાન નાગોરી નામના બે શખ્સોની ધરપકડ કરી હતી. બંને આરોપીઓ ડ્રગ્સની ડિલિવરી કરવા આવતા પહેલાં જ એસઓજીના હાથે ઝડપાઈ ગયા હતા.

તેઓની પાસેથી પોલીસે 29 લાખનું 296 ગ્રામ એમડી ડ્રગ્સ કબજે કર્યું છે. આ બંને પાલનપુરથી ખાસ અમદાવાદના સિંધુ ભવન રોડ પર આપવા આવ્યા હતા. આરોપીઓ અત્યાર સુધીમાં છેલ્લા 6 માસમાં ત્રણ વાર અમદાવાદ આવી એમડી ડ્રગ્સની ડિલિવરી કરી ચૂક્યા છે.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો- મૌર્ય ભાગ્યવાન)



ઈ-ભંગાર: અમદાવાદ મ્યુનિ. કોર્પો. દ્વારા ખરીદવામાં આવેલી. વિવિધ હેતુઓ માટેની ઈ-રિક્ષાઓ શહેરના શિવરંજની બ્રિજની નીચે ધુળ ખાઈ રહી છે. પડી પડી ઈ-રિક્ષા ઈ-ભંગાર બની જાય જો નવાઈ નહીં...



ઉહહ....ઓહહ...શું ઠંડી છે: કાનપુરમાં કાતિલ ઠંડીના કારણે એકજ દિવસમાં 25 લોકોના મોત થયા છે. શહેરમાં પણ ઠંડીથી બચવા બાળકોને ગરમ વસ્ત્રોથી સુસજ્જ કરવામાં આવ્યાં છે.



પતંગ-દોરી: ઉત્તરાયણ નજીકમાં છે ત્યારે શહેરમાં મશીનથી દોરી રંગનારાઓની સાથે જુની પરમ્પરા અનુસાર હાથથી માંજા વડે દોરી ઘસનારાઓ પણ કાર્યરત છે અને પતંગને આકાશમાં ઉડાડવા દોરી ઘસી રહેલા જણાય છે.



આધુનિક બળદ: એક સમયે ઘાંચી દ્વારા તલનું તેલ કાઢવા અને કચરિયું બનાવવા ઘાણી માટે બળદનો ઉપયોગ થતો હતો. હવે બળદનું સ્થાન મોટર બાઈકે લઈ લીધુ છે, જે બળદની જેમ આપમેળે ગોળ-ગોળ ફરે છે.

શાહપુરમાં લઠ્ઠાકાંડનો કથિત વીડિયો વાયરલ, બે લોકોને દારૂની અસર?

# અહીંયા શાંતિ છે, શહેરમાં લઠ્ઠાકાંડ થયાનો અહેવાલ ખોટો : પોલીસનો દાવો



» પોલીસે કહ્યું- વાયરલ વીડિયોમાં દેખાતો વ્યક્તિ ઢોલ વગાડતા બેભાન થયો હતો



ગુજરાત | વંદન

અમદાવાદ શહેરના શાહપુર વિસ્તારમાં લઠ્ઠાકાંડ સમાચાર વહેતા થયા હતા. એક કથિત વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જેમાં બે વ્યક્તિ દારૂ પીને બેભાન થયા હોવાનું જાણવા મળ્યું હતું. જોકે આ વાતને સ્થાનિક પોલીસે નકારી છે, અને કઈક બીજું કારણ બતાવ્યું છે.

થોડાક દિવસ પહેલા એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. વાયરલ વીડિયોમાં..બે વ્યક્તિ દારૂ પીને બેભાન થયા હોવાનો ઉલ્લેખ કરાયો હતો. વિડિયો, શાહપુર વિસ્તારના કીડીપાડાની પોળનો હોવાનો જાણવા મળ્યું હતું. જ્યારે આ મામલે સ્થાનિક પોલીસનો સંપર્ક કરવામાં આવતા તેમના દ્વારા કઈક અલગ જ કારણ બતાવવામાં આવ્યું છે. પોલીસે લઠ્ઠાકાંડની વાત નકારી છે, તેમનું કહેવું છે કે, વીડિયોમાં દેખાતા વ્યક્તિઓ ઢોલ વગાડવા આવ્યા હતા, જેમાંથી એકને ખેંચ આવતા બેભાન થયો હતો.

વધુમાં પોલીસે કહ્યું, સોશિયલ મીડિયા વાયરલ થયેલ વિડિયો અનુસંધાને શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવો કોઈ બનાવ બનવા પામેલ નથી અને આ વિડીઓ ક્લિપને હાલમાં કોઈ સમર્થન મળતું નથી, જે ઘેરમાર્ગ દોરનાર છે. શાહપુર વિસ્તારમાં શાંતિ છે, જેની તમામે નોંધ લેવી.

સાપ્તાહિક ગુજરાત વંદન

સંપાદકીય....

## વર્ષ પૂરું થતાં થતાં ખીણ પ્રદેશ આતંકમુક્ત બને તો જ માર્યા ગયેલા નિર્દોષ લોકોને સાચી શ્રદ્ધાંજલિ ગણાશે...!

ઇશુના નવા વર્ષની શરૂઆત દેશ-દુનિયામાં થઇ ગઇ છે. જો કે ભારતમાં કાશ્મિર પ્રદેશમાં રાજૌરીના હિન્દુ પરિવારો માટે નવુ વર્ષ કાળ બનીને આવ્યું અને ભારતને વર્ષોથી હેરાન-પરેશાન કરનારા દુશ્મન દેશ પાકિસ્તાન પરસ્ત આતંકીઓએ આધાર કાર્ડના આધારે અલગ તારવીને કેટલાક હિન્દુઓની હત્યા કરી




છે.આ અગાઉ કાશ્મિરી પંડિતોની પણ આ જ રીતે હત્યાઓ કરવામાં આવતી હતી. કોઈ સ્કૂલમાં જઈને ઓળખપત્રના આધારે કાશ્મિરી પંડિત સમુદાયની ટીચરને અલગ તારવીને બધાની વચ્ચે ગોળી મારીને હત્યા કરવાના બનાવો પણ બન્યા છે. જેને ટાર્ગેટ કીલીંગ એવુ નામ આપવામાં આવ્યું છે.

વર્તમાન કેન્દ્ર સરકાર કાશ્મિરમાં આતંકવાદ નાબૂદ થાય, સૌ અગાઉની જેમ હળીમળીને રહે તેવા ભરસક પ્રયાસો તમામ તાકાત લગાવીને કરી રહી છે. આપણી સેના પણ આતંકીઓને વીણી વીણીને હણી રહી છે. પણ પાકિસ્તાન દ્વારા એક પછી એક જથ્થામાં આતંકીઓને ભારતમાં મોકલે છે અને હવે તો હાઈબ્રીડ આતંકીઓની એક નવી જમાત બની છે. જેમાં સ્થાનિક નાગરિક આતંકી હુમલો કરીને જાણે કશું બન્યુ નથી એમ વળી સામાન્ય જનજીવનમાં ભળી જાય છે, જેથી તેના પર કોઇ શંકા ન કરે. આપણી સેના તમામ લોજીસ્ટીક સપોર્ટ સાથે આવા હાઈબ્રીડ આતંકીઓને પણ ખત્મ કરી રહી છે., પરંતુ આ આતંકીરૂપી રોગ એવો છે કે તે ઝટ મટે તેમ નથી.

વાસ્તવમાં કાશ્મિરમાં કાયમી શાંતિ નહીં થવા દેવા પાછળના કારણોમાં સ્થાનિક રાજકારણ અને પાક. પરસ્ત નેતાઓની ભારતવિરોધી માનસિકતા જવાબદાર છે એમ જો કહીએ તો તે યોગ્ય લેખાશે. સ્વાભાવિક છે કે જે હિન્દુ પરિવારોને નિશાન બનાવીને હુમલો કરાયો એ વિસ્તારમાંથી અન્ય હિન્દુ પરિવારો સલામતી માટે ત્યાંથી નિકળી જવાનો વિચાર કરે જ. કેમ કે પરિવારની સુરક્ષા એ સર્વોચ્ચ પ્રાથમિકતા હોય છે. આવા જ આતંકી હુમલાઓને કારણે હજારો કાશ્મિરી પંડિતોને પોતાના ઘરબાર બધુ જ છોડીને ખીણ પ્રદેશમાંથી નિકળી જવુ પડ્યું અને એમના એ ઘરો-સંપતિ, જમીન વગેરે. ભારતવિરોધી માનસિકતા ધરાવનાર કાશ્મિરીઓએ પચાવી પાડ્યું તે પણ એક સત્ય હકીકત છે. એવા પરિબળો જ મૂળ કાશ્મિરી પંડિતોને ફરીથી તેમના મૂળ સ્થળે રહેવા દેવા તૈયાર હોતા નથી અને હુમલાઓ કરીને ભયનું વાતાવરણ સર્જે છે. જેથી તેઓ પરત ન ફરે. આપણી સેનાના જવાનો રાજૌરીના હુમલાનો ચોક્કસ બદલો લેશે અને જે આતંકી સંગઠને જવાબદારી સ્વીકારી તેમની સામે બંદૂક દ્વારા પગલાં ભરશે જ. પરંતુ તે તેનો અંત નથી. અગાઉની સરકારોમાં પણ આતંકી હુમલાઓની વણઝાર લાગતી હતી અને અત્યારે પણ હુમલાઓ અટકતા નથી ત્યારે સત્તાવાળાઓએ કોઇ કાયમી ઉકેલ લાવવો જોઇએ. ખાસ કરીને હાઈબ્રીડ આતંકીઓને શોધી કાઢીને તેમના ઘરો પર બુલડોઝર ચલાવીને એક સંદેશો આપવો જોઈએ કે ખોટુ કરશો તો આવા પરિણામ ભોગવવા માટે તૈયાર રહો. 2023ના નવા વર્ષની શરૂઆત ભલે આતંકીઓના હુમલાઓથી થઇ પણ વર્ષ પુરૂ થતાં થતાં માત્ર રાજૌરી કે કૂપવાડા કે અન્ય સંવેદનશીલ સહિત સમગ્ર ખીણ પ્રદેશ આતંકમુક્ત બને તો માર્યા ગયેલા નિર્દોષ લોકોને સાચી શ્રધ્ધાંજલિ ગણાશે...

## ચાલો, નવા વર્ષનો સંકલ્પ લઇએ, કુછ અચ્છા કરે..કુછ સહી કરે..!

વર્ષો બદલાયા છે પણ કંઈ બદલાયું નથી તો આપણી કાર્યક્ષમતા અને ક્ષમતા. આ બે બાબતો છે જેને વધારવા માટે હંમેશા કામ કરવું જોઈએ.

બની શકે છે કે છેલ્લું વર્ષ કેટલાક માટે ઘણું સારું અને કેટલાક માટે ખરાબ રહ્યું હોય, પરંતુ આ બધામાં સૌથી સારી વાત એ છે કે આપણે આ પૃથ્વી પર સુરક્ષિત છીએ.




કેટલાક લોકો સફળતાના નવા શિખરોને સ્પર્શતા હશે, કેટલાક તે પગથિયાં પરથી સરકી ગયા હશે, કેટલાક લોકો જ્યાંથી શરૂઆત કરી હતી ત્યાં પહોંચી ગયા હશે, પરંતુ દરેકનો પોતાનો સંઘર્ષ ચાલુ છે.

પહેલાનું જીવન એટલું મુશ્કેલ નહોતું પરંતુ વર્તમાન સમયમાં દરેક સ્તરે સંઘર્ષ છે અને સંઘર્ષની પ્રકૃતિ એવી છે કે રોજબરોજના સંઘર્ષ પછી તમારી પાસે તમારા માટે પણ સમય નથી.

એ એક વાસ્તવિકતા છે કે જ્યારે તમે સંઘર્ષ કરી રહ્યા હો ત્યારે ઘણા લોકો તમારી સાથે નથી હોતા, ખાસ કરીને જેઓ તમારી સફળતા પર તમારી નજીકના બતાવે છે, જ્યારે તમારી નિષ્ફળતા પર તમને શાપ આપે છે.

જ્યારે આખી દુનિયા ધુમ્મસવાળું દેખાવા લાગે છે, ત્યારે જે માતા-પિતા હાથ પકડીને ધુમ્મસ હટાવવાની રાહ જુએ છે, કેટલાક લોકો અન્ય તમામ રસ્તાઓ પર અવરોધિત થઈ ગયા છે, તેથી જ્યારે પણ તેઓએ જીવનમાં પ્રાથમિકતા નક્કી કરવી હોય, ત્યારે તેમને હંમેશા પ્રાથમિકતા આપવી જોઈએ. જેઓ તમારા ખરાબ સમયમાં તમારી સાથે રહ્યા છે.

જ્યારે આપણે ઘરેથી નીકળીએ છીએ ત્યારે આપણે એકલા હોઈએ છીએ, પરંતુ જીવનની આ સફરમાં ઘણા સાથીઓ મળે છે અને છૂટા થાય છે, પરંતુ કેટલાક સાથી એવા હોય છે જે જીવનભર સાથી રહે છે.

નવા વર્ષમાં એ વાત પર ચિંતન કરવાની જરૂર છે કે ગયા વર્ષે આપણે જે લક્ષ્યાંક મેળવ્યો હતો તેની કેટલી નજીક હતા, જો આપણે લક્ષ્ય ચૂકી ગયા તો શું ખામીઓ હતી અને આપણી ખામીઓને દૂર કરવા માટે હવે શું કરી રહ્યા છીએ.

છેલ્લા એક વર્ષમાં આપણે પ્રકૃતિ અને આપણા પ્રિયજનો માટે શું કર્યું છે તેના પર ચિંતન કરવાની પણ જરૂર છે.

જાનના જોખમથી ભરેલા કામમાં મહિલાઓનો જોમ-જુસ્સો અને કામગીરી સલામ-એ-કાબિલ

# યુક્રેન યુદ્ધમાં મહિલાઓએ લલકાર્યું, "હમ ભી હૈ તૈયાર... માનું ધાવણ ધાયુ હોય તો આવી જાવ.."

સાપ્તાહિક ગુજરાત વંદન

2022નું વર્ષ વિદાય થઇ ગયું છે. 2022નું વર્ષ શરૂ થયું ત્યારે ફેબ્રુઆરીમાં રશિયાએ યુક્રેન પર આક્રમણ કરીને દુનિયાને ચોંકાવ્યાં હતા. 8 મહિનાથી યુધ્ધ ચાલી રહ્યું છે. હજારો સૈનિકો અને નાગરિકો માર્યા ગયા છે. અને નવા વર્ષમાં પણ યુધ્ધનો અંત આવે તેમ જણાતું નથી. યુક્રેનના આ યુધ્ધમાં પુરૂષોની સાથે મહિલાઓ પણ ખભે ખભા મિલાવીને પોતાનું યોગદાન આપી રશિયાનો મુકાબલો કરી રહી છે.



યુક્રેનના શહેર માયકોલાઈવ પર હુમલા બાદ ત્યાંની મહિલાઓ પણ યુદ્ધ સંબંધિત કામમાં લાગી ગઈ હતી. કેટલાક સૈન્યમાં જોડાયા અને યુદ્ધમાં લડવાનું શરૂ કર્યું, જ્યારે કેટલાક સૈનિકો અને નાગરિકો સુધી ખોરાક અને અન્ય સામાન પહોંચાડવાની પહેલ કરી છે.

સ્વિતલાના તરનોવા, જે દિવસે રશિયાએ તેના દેશ પર આક્રમણ કર્યું. એ જ દિવસે તે તેના જન્મસ્થળ માયકોલાઈવના દક્ષિણ શહેરમાં યુક્રેનિયન સૈન્યમાં જોડાઈ ગઇ. લગભગ 50 વર્ષની તરનોવા તે પહેલા એક કન્સ્ટ્રક્શન કંપનીમાં મેનેજર હતી. યુદ્ધ દરમિયાન, રશિયન સેના દ્વારા ખેરસન પર કબજો કર્યા પછી, ત્યાંથી લગભગ 70 કિલોમીટર દૂર, માયકોલિવેલ પણ જોખમમાં હતું. કાળો સમુદ્રના પરિવહન કેન્દ્ર ઓડેસા શહેરને કબજે કરવા માટે રશિયન સૈન્ય માટે માયકોલાઈવનું કબજે કરવું જરૂરી હતું.

તેથી જ રશિયનોએ માયકોલિવ પર મોટા પાયે અને વ્યવસ્થિત રીતે તોપના ગોળા છોડવાનું શરૂ કર્યું. તારાનોવા કહે છે કે, 24 ફેબ્રુઆરીના રોજ સવારે 11 વાગ્યે, ટેરિટોરિયલ ડિફેન્સ સાથેના મારા કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. તે બલિદાન નહોતું, પરંતુ તે સમયે એકમાત્ર નિર્ણય શક્ય હતો...

પાયદળમાં જોડાયા પછી, તારાનોવા ઘણીવાર રશિયન સૈનિકો સાથે નજીકની લડાઈમાં ભાગ લેતી. તેણે કહ્યું, "શરૂઆતમાં હું ક્લસ્ટર બોમ્બથી ખૂબ જ ડરી ગઇ હતી, જ્યારે પણ કોઈ બોમ્બ પડે ત્યારે મારું હૃદય ધડકવાનું બંધ કરી દેતું હતું." પણ પછી ભયનું સ્થાન નિશ્ચયએ લઇ લીધું. તારોનોવા કહે છે, "મને હવે છુપાવવાની જરૂર નથી લાગતી. મારે ફક્ત બદલો લેવાની જરૂર છે." સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં જ્યારે AFP ટીમ માયકોલાઈવમાં હતી, ત્યારે શહેરમાં દરરોજ રાત્રે બોમ્બ વિસ્ફોટ કરવામાં આવતો હતો.

એએફપીની એક ટીમે શોધ્યું કે જ્યારે તરનોવા રશિયનો સામે યુદ્ધમાં લડી રહી હતી, ત્યારે અન્ય મહિલાઓ અન્ય રીતે યુદ્ધમાં ફાળો આપી રહી હતી . "અમે અહીં પણ લડી રહ્યા છીએ. અમે સૈનિકોને ખવડાવીએ છીએ," 41 વર્ષીય સ્વિતલાના નિચુકે કહ્યું, જે બેકરીમાં કામ કરે છે.

જ્યારે AFP ટીમ તેને મળી ત્યારે તે શહેરના કેન્દ્રમાં એક જૂના એપાર્ટમેન્ટ બ્લોકનો કાટમાળ સાફ કરતી ઈમરજન્સી યુનિટ જોઈ રહી હતી. તે જે બેકરીમાં કામ કરે છે તે ગ્રાઉન્ડ ફ્લોર પર છે. બેકરીને પણ ભારે નુકસાન થયું હતું.

નજીકમાં રહેતી જુલિયા કહે છે કે તેના એપાર્ટમેન્ટ પર ત્રણ વખત હુમલો કરવામાં આવ્યો. જુલિયા, લગભગ 30 વર્ષની, આઈટીમાં કામ કરે છે અને તેની પુત્રી સાથે તુલનાત્મક રીતે સુરક્ષિત પશ્ચિમ યુક્રેનમાં રહેવા ગઈ હતી. પરંતુ તેણી વારંવાર યુક્રેન પરત ફરે છે, મોટે ભાગે તેણીએ શરૂ કરેલી ઓનલાઈન અપીલ દ્વારા મેળવેલા વાહનો અથવા લશ્કરી સાધનોનું વિતરણ કરવા માટે. બીજા પાડોશમાં, જુલિયા કિર્કિના નામની સંગીતશાસ્ત્રી પિયાનો વગાડે છે અને દર શુક્રવારે રેસ્ટોરન્ટમાં જાય છે.

તે કહે છે, "સંગીત એ આત્મા માટે શ્રેષ્ઠ દવાઓ પૈકીની એક છે. મારી વોકલ થેરાપી લોકોને શાંત અને આશાવાદી રહેવામાં મદદ કરે છે."

માયકોલાઈવના સ્થાનિક અધિકારીઓનું કહેવું છે કે શહેર 262 દિવસ સુધી રશિયન આર્ટિલરી દ્વારા અથડાતું રહ્યું અને 50 દિવસના બોમ્બમારાથી માંડ માંડ બચી શક્યું. ત્યારબાદ 13 નવેમ્બરના રોજ, યુક્રેનિયન સૈનિકો દ્વારા ખેરસનને ફરીથી કબજે કરવામાં આવ્યું અને માયકોલાઈવ હવે યુદ્ધની ફ્રન્ટલાઈનનો ભાગ ન હતી. ત્યાં સુધીમાં શહેરના 150થી વધુ રહેવાસીઓ સાથે મળીને 700થી વધુ લોકો માર્યા ગયા હતા.

3,00,000 થી 5,00,000 ની વચ્ચે લોકોએ શહેર છોડી દીધું. સ્થાનિક વહીવટીતંત્રના જણાવ્યાં અનુસાર, લગભગ 80 ટકા મહિલાઓએ પણ શહેર છોડી દીધું હતું, જેના કારણે શહેરમાં માત્ર પુરુષો જ બચ્યા હતા.પરંતુ મનોવિશ્લેષક ઈરિના વિક્ટોરોવના કહે છે કે સંવેદનશીલ સ્થિતિમાં હોવા છતાં, માયકોલાઈવમાં ઘણી સ્ત્રીઓ પોતાને પીડિત તરીકે જોતી નથી. વિક્ટોરોવના કહે છે- "તેની પાસે ગભરાવાનો કે પોતાનો નિયંત્રણ ગુમાવવાનો સમય નથી." જો કે તેણે કબૂલ્યું હતું કે બ્રેકડાઉનના કેટલાક કિસ્સાઓ બન્યા છે. સ્થાનિકોએ એએફપીને ફોન દ્વારા જણાવ્યું હતું કે લશ્કરી ખતરો હાલ પૂરતો દૂર કરવામાં આવ્યો છે પરંતુ જીવન હજુ પણ ખૂબ અનિશ્ચિત છે.

યુક્રેનમાં અન્યત્રની જેમ, રશિયા દ્વારા નાગરિક ઉર્જા પ્રણાલીઓને લક્ષ્યાંકિત કરવાને કારણે વીજળી, પાણી અને ગરમીનો આઉટેજ સામાન્ય છે. એલેક્ઝાન્ડ્રા સવિત્સ્કા, જે અગાઉ હેરડ્રેસર તરીકે કામ કરતી હતી, તે તેની જૂની નોકરી પર પાછા આવી શકી નથી. હવે તે અને તેના પતિ એક NGO ચલાવે છે જેના હેઠળ તેઓ સૈનિકો અને નાગરિકોમાં ખોરાક અને અન્ય વસ્તુઓનું વિતરણ કરે છે. સવિત્સ્કાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોસ્ટ કરવામાં આવેલા વિડિયોમાં 25 વર્ષીય સવિત્સ્કા હેલ્મેટ અને સેફ્ટી જેકેટ પહેરીને ખેરામાં ખોરાક અને અન્ય વસ્તુઓનું વિતરણ કરતી જોવા મળે છે.

"મારું જીવન ધરમૂળથી બદલાઈ ગયું છે. હું મહિલાઓને સુંદર બનાવતી હતી. હવે હું સ્વયંસેવક છું. તે મારું કામ છે," એમ તેણે ફોન દ્વારા એએફપીને જણાવ્યું...

પુસ્તક પરિચય



■ રિપલકુમાર પરીખ


## રસપ્રદ અને રોમાંચક નવલકથા: ફેંસલો

સાપ્તાહિક ગુજરાત વંદન

'નિર્ણય' એક સીધોસાદો છોકરો. જેણે હજુ તો જિંદગી બરાબર જોઈ કે જીવી પણ નથી. એવા કિશોરાવસ્થામાં પ્રવેશેલા ' નિર્ણય'ના જીવનમાં આવતી કપરી પળોની વાતો અને તેણે લેવો પડતો 'ફેંસલો'. આ 'ફેંસલો'માં નિર્ણયની સાથે સંકળાયેલા છે બીજા ત્રણ મહત્વનાં પાત્રો, જિયા, જય અને તુષાર. આ ચાર પાત્રોની જિંદગીમાં અચાનક એવી ઘટનાઓ બને છે કે જેને તેઓ કળી નથી શકતાં. આત્મીય સંબંધોની સાથે સામાજિક સંબંધોની વાત દર્શાવતી આ રસપ્રદ અને રોમાંચક નવલકથા એટલે 'ફેંસલો'

યુવાન લેખક, વ્યવસાયે એડવોકેટ અને રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક એટર્ની શ્રી ગૌરવ પંડ્યાની કસાયેલી કલમે લખાયેલી આ નવલકથા રસ અને રંજનની સાથે સાથે મંથન અને મંચનનો અદ્ભુત - અકલ્પનીય સંયોગ છે. વાર્તાનાં વિષયમાં સુંદર વૈવિધ્ય ધરાવતાં શ્રી ગૌરવ પંડ્યા વ્યક્તિત્વમાં પણ વૈવિધ્ય ધરાવે છે. તેમણે તેમની સંસ્થા 'તમન્ના કલ્ચરલ સોસાયટી' દ્વારા ભજવેલા વિવિધ નાટકોમાં અભિનય અને દિગ્દર્શકની પણ ભૂમિકા ભજવી છે.

જેમાંથી ઘણાં નોંધપાત્ર નાટકોને વિવિધ પારિતોષિકો પણ પ્રાપ્ત થયાં છે. આવાં દિલથી કલાકાર અને કલમથી લેખક




એવાં શ્રી ગૌરવ પંડ્યાનું આ ચોથું પુસ્તક છે.

પોતાનું અજવાળું પાથરતા શ્રી ગૌરવ પંડ્યા લખે છે, ' મને સુપર હિરો જોવાં કે સ્વીકારવા નથી ગમતાં. હું ટાઈમપાસ માટે પણ સ્પાઈડરમેન ન જોઉં. મને વાસ્તવિક પાત્રોનું સર્જન કરવું ગમે છે. એટલે મારી મોટા ભાગની વાર્તામાં એ બધું અને એવું બધું જોવા મળે, જે સામાન્ય રીતે માણસની આસપાસ બનતું હોય. ખાસ કરીને ' ફેંસલો ' માં પણ મેં એવાં જ પાત્રો લખ્યાં જે હું રોજ જોઉં છું, જીવું છું. અગાઉ ઊગવા, ખીલવાની વાત કરી હતી એ સાચું પણ હવે થોડો જુદો ભાવ જન્મે છે. હા, સૂરજ બની ઊગવું નથી. અજવાળું પાથરવું છે. પંખીની જેમ ઊડીએ કે પુષ્પની જેમ ઊગીએ, અગત્યનું એ છે કે, ' સુગંધ આપીએ. અજવાળું આપીએ. ' બસ આ 'ફેંસલો' નવલકથા પણ મારું આવું જ એક સર્જન છે. રોજ કરોડો કેસ જુદીજુદી કોર્ટોમાં ચાલે છે, પૂરા થાય છે, નવા દાખલ થાય છે, ત્યારે એક ફેંસલો મારો. દરિયામાં એક ટીપું મારું. '


આ નવલકથામાં લેખકે મજબૂત પાત્રાલેખન ઉપરાંત અહીં પ્રયોજેલા સંવેદનશીલ સંવાદોથી નવલકથા પ્રવાહી અને રસતરબોળ બની જાય છે. થોડાં સંવાદો અહીં માણીએ અને ' ફેંસલો ' વાંચવાનો ચોક્કસ ' નિર્ણય ' લઈએ.

* ન્યાયની દેવીને તો અંધ રાખીને બેઠા છીએ, પણ માનવતાની આંખોય ફૂટી ગઈ છે કે શું? * દુનિયા બદલવાની તમન્ના રાખનારાએ પહેલાં જાતને બદલવી પડે.


* જેમ સત્ય માટે લડવું એ મર્દાનગી છે, તે જ રીતે અસત્યનો સાથ ન દેવો એ પણ એક તાકાત છે.

* એ માણસ જ દિલથી જીવી શકે જેને મૃત્યુનો ભય ન હોય.

## જૂના ટેલિફોન અને ફિલ્મી ગીતો વચ્ચેનો અનોખો સંબંધ..











આજના મોબાઇલ યુગમાં ટેલિફોનના જુના ઉપકરણો ભલે ડબ્બા લાગતા હોય પણ એક સમયે તેની જરૂરતની સાથે ફિલ્મોમાં પણ તેનો બખૂબી ઉપોયગ કરવામાં આવ્યો છે. અમિતાભ અને હેમામાલિનીની 2003માં રજૂ થયેલી ફિલ્મ બાગબાનમાં અમિતાભ ટેલિફોન પર ગીત દ્વારા પોતાના દિલની મનોવ્યથા વ્યકત કરે છે. મેં યહાં તુ વહાં.. જિંદગી હૈ કહાં...આ ગીત સાંભળીએ ત્યારે હૈયુ હચમચી જાય એવો અભિનય બન્નેએ કર્યો છે.

અગાઉ, ટેલિફોન દ્વારા જે ગીત રજૂ કરવામાં આવ્યું તે તલત મહેસૂદના અવાજમાં એસ. ડી. બર્મન દ્વારા રચિત સુજાતા (1959) ફિલ્મનું ગીત 'જલતે હૈં જિસકે લિયે...' છે, જે અભિનેતા સુનીલ દત્ત અને અભિનેત્રી નૂતન પર ચિત્રિત છે. લગભગ સાડા ચાર મિનિટના આ ગીતમાં હીરો (સુનીલ દત્ત) પોતાની રોમેન્ટિક શૈલીમાં ટેલિફોન પર રિસીવર પકડીને નાયિકા (નૂતન)ને પોતાના હૃદયની સ્થિતિ કહી રહ્યો છે.

તે અગાઉ બીજા દસ વર્ષ પાછળ જઈએ તો પતંગા (1949) ફિલ્મનું ગીત 'મેરે પિયા ગયે રંગૂન વહાં સે કિયા હૈ ટેલિફોન...' મનમાં આવે છે, જેના કેન્દ્રમાં એક ફોન છે. તમે જોઈ શકો છો કે તે જમાનામાં લોકોને ફોનમાં કેવી રીતે રસ પડ્યો હશે.

બોધકથા

# વડોદરાના મહારાજાને બચાવનાર બે બહાદુર મિત્રોની સાહસ કથા

### જંગલમાં સિંહ મહારાજા સયાજીરાવ પર હુમલો કરે તે પહેલા હરિ અને અરજણ વ્હારે આવ્યાં....

સાપ્તાહિક ગુજરાત વંદન

તમે વડોદરા ગયા હશો અને કમાટીબાગમાં તો જોયો જ હશે ને ? આ બાગના મુખ્ય પ્રવેશદ્વાર પાસે પ્રવેશતાં ડાબી તરફ બે પૂતળાં જોવા મળશે. આ પૂતળાં બે યુવાન છોકરાઓનાં છે તે જોઈ કદાચ તમને સવાલ થાય કે આ પૂતળા હશે કોનાં ? એ છોકરાઓ કઈ રાજકુમાર જેવા લાગતા નથી બંનેના માથે ફાળિયાં બાંધેલ છે. એકના હાથમાં નાનકડી છરી જેવું હથિયાર છે અને બીજાના હાથમાં નાની લાકડી છે.

આ પૂતળાં હરિ અને અરજણ નામના બે યુવાન છોકરાનાં છે તે સુખપુર ગામ ધારી તાલુકો (અમરેલી) વતની હતા. તે જોઈએ તો એમ થાય કે ક્યાં વડોદરાને ક્યાં અમરેલીનું સુખપુર એમનાં પૂતળાં કમાટીબાગમાં કેમ ? આની પાછળ એક બહાદુરીભરી કથા છે. આજથી લગભગ ઘણા સમય પહેલાની આ વાત છે.

તે સમયે વડોદરામાં મહારાજા સયાજીરાવ રાજાનું રજવાડું હતું. તેઓ એક વાર કાંગસા ગામ પાસેના જગલમાં સિંહના શિકાર માટે ગયા હતા. શિયાળાની શરૂઆત હતી એટલે દિવસ જલદી આથમી જતો હોય છે.

કાંગસા ગામ નજીક એક વોકળો હતો (વોકળો એટલે નાનું નદી જેવું ઝરણું આ વોકળા પર સાંજના સમયમાં જંગલમાંથી પ્રાણીઓ પાણી પોવા આવતાં કાંગસા ગામની પશ્ચિમે ગીરનું જંગલ આવેલું હતું. શિકારી લોકો વોકળા પાસે માંચડો બાંધી પ્રાણીઓનો શિકાર કરતા માહારાજાએ માંચડો બંધાવ્યો. મહારાજા માંચડા પર તેમના મદદનીશો સાથે ગોઠવાયા. બાજુમાં સુખપુર નામનું એક ગામ હતું. હરિ અને અરજણ નામના બે જુવાનિયા શિકારના શોખીન હતા.

મહારાજા કેવી રીતે શિકાર કરે છે તે જોવા તેઓ આવ્યા હતા. બંને મિત્રો દૂર દૂર ઝાડની પાછળ સંતાઈને ઊભા હતા તેમની પાસે છરી જેવું નાનકડું હથિયાર હતું સૂરજ આથમી ગયો. ધીરે ધીરે અંધારું થવા લાગ્યું. એટલામાં વોળા પર એક સિંહ પાણી પીવા આવ્યો. મહારાજે નિશાન લઈ ગોળી છોડી,પરંતુ ગોળીએ ધાર્યું નિશાન ન પડ્યું

ગોળી ખાલી ગઈ અને બંદૂકના અવાજથી સિંહ ગુસ્સે થઈ ગયો. તેની નજર માંચડા પર પડી માંચડા પર શિકારીઓ ને જોતાં તે વીફર્યો. છલાંગ લગાવી માંચડા નજીક પહોંચી ગયો માંચડાને ભોંયભેગો કરવા તે એને ઝંઝેડવા લાગ્યો. માંચડા પર રહેલા સૌના જીવ તાળવે ચોંટી ગયા. મહારાજાને પણ ફરી ગોળી છોડવાની સૂધબૂધ ન રહી.

આ કટોકટીની પળે ઝાડ પાછળ સંતાયેલા હરિ અને અરજણ નામના જુવાનિયાં વહારે આવ્યા. તેઓ જીવના જોખમે પણ બહાર ખુલ્લામાં નીકળ્યા. અવાજ કરી સિંહનું ધ્યાન એમના તરફ ખેંચવા પ્રયત્ન કરવા લાગ્યા. થોડે દૂર સાક્ષાત મોત જેવો સિંહ એમના તરફ ફર્યો તે ખિજાયેલો તો હતો જ.


માંયડો હલતો બંધ થયો. મહારાજા હવે શાંત થયા. સિંહની નજર હવે પેલા બે જુવાનિયા તરફ હતી. સિંહ તે તરફ છલાંગ મારવાની તૈયારીમાં જ હતો ને ત્યાં મહારાજાએ ગોળો છોડી. આ વખતે ગોળી નિશાન ન ચૂક્યો તે સિંહને વાગી. સિંહ મૃત્યુ પામ્યો. આ બધું ખૂબ ઝડપથી બની ગયું મહારાજા માંચડા પરથી નીચે ઊતર્યા. જો હરિ અને અરજણ હિંમત કરી મદદે ન આવ્યા હોત તો મહારાજા ન બચ્યા હોત.

મહારાજા તે બંને જુવાનિયા પર ખૂબ ખુશ થયા. તેમને હૃદયપૂર્વક ધન્યવાદ આપ્યા. મહારાજા તો ઊંચા ગજાના માણસ હતા. જાનના જોખમે મદદ કરનાર બંને મિત્રોની એમણે કદર કરી તેમને વડોદરા બોલાવી બહુમાન આપ્યું. તેમની કાયમી યાદગીરી રહે તે માટે કમાટીબાગમાં એ બંનેના પૂતળાં ઊભાં કર્યા તમે હવે વડોદરા જાઓ તો કમાટીબાગની અવશ્ય મુલાકાત લેજો

બોધ : તમારા જીવનમાં તમને કેટલાય બહાદુર લોકો જોવા મળશે અને તમારે પણ બહાદુર બનવું જોઈએ અને લોકોની મદદ કરવી જોઈએ જેના લીધે તમે બહાદુર બની શકો.



Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.



# ચાઈનીઝ દોરી પર સૌથી મોટી રેડ, મહીસાગરમાં 21 લાખનો જથ્થો જપ્ત

## પોલીસે 12542 નંગ ફીરકીઓ ઝડપી પાડી, મહીસાગર, વડોદરા અને સુરતમાં ચાઇનીઝ દોરીથી એક-એક મોત થયા હતા

ગુજરાત | વંદન

મહીસાગર જિલ્લાના બાલાસિનોર જીઆઈડીસીમાંથી પ્રતિબંધિત ચાઈના દોરીનો મોટો જથ્થો પોલીસે ઝડપી પાડ્યો છે. ટ્રક ભરેલો જેટલો ચાઈના દોરીનો જથ્થો મળીને 21 લાખનો મુદ્દામાલ પોલીસે કબ્જે કર્યો છે, પરંતુ આરોપી ફરાર થવામાં સફળ રહ્યો છે. આવામાં સવાલ એ થઈ રહ્યો છે કે, આટલો મોટો ચાઈના દોરીનો જથ્થો કોની રહેમ નજર હેઠળ ગુજરાત સહિત મહીસાગર જિલ્લામાં ઘુસાડવામાં આવ્યો હતો? ઉતરાયણનો તહેવાર નજીક હોવાથી મહીસાગર જિલ્લાના અનેક વિસ્તારોમાં દોરી પતંગનું વેચાણ શરૂ થઈ ગયું છે. જેને લઈને મહીસાગર જિલ્લા પોલીસ દ્વારા પ્રતિબંધિત ચાઈના દોરી વહેંચતા વેપારીઓ પર વોચ રાખવામાં આવી રહી છે. તંત્ર દ્વારા ચાઈનીઝ દોરીના વેચાણ તથા ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. જોકે, આમ છતાં પણ બજારમાં ચાઈનીઝ દોરીનું વેચાણ થઈ રહ્યું છે, ત્યારે પોલીસ ચાઇનીઝ દોરી પકડવાની ઝૂંબેશ હાથ ધરી વિવિધ વિસ્તારોનું ચેકિંગ પણ કરવામાં આવી રહ્યું છે. મહીસાગર, વડોદરા અને સુરતમાં ચાઈનીઝ દોરીથી 1-1 વ્યક્તિના મોત થયા હતા, ત્યારે



પ્રતિબંધિત ચાઈનીઝ દોરી, તુક્કલ વેચાણ સામે મહીસાગર પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરી છે. જેમાં બાલાસિનોર વિસ્તારમાંથી મોટી માત્રમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો મોટો જથ્થો મળી આવતા બાલાસિનોર પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

રાજ્યમાં મકરસંક્રાંતિના તહેવારને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ દરમિયાન ગુજરાતમાં પોલીસ પણ આ તહેવારને લઈને સતર્ક જોવા મળી રહી છે. રાજ્યમાં ઠેર ઠેર પ્રતિબંધિત ચાઈનીઝ દોરી પકડી પાડવામાં આવી રહી છે, ત્યારે પ્રતિબંધિત ચાઈનીઝ દોરી, તુક્કલ વેચાણ સામે મહીસાગર પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરી છે. બાલાસિનોર પોલીસને બાતમીના આધારે મોટી સફળતા મળી છે. બાલાસિનોર ખાતે આવેલી જીઆઈડીસીના ગોડાઉનમાં રેડ કરતાં 21 લાખથી વધુની ચાઈનીઝ દોરી ઝડપી પાડી છે. પોલીસે 12542 નંગ ફીરકીઓ ઝડપી પાડી છે.

જીઆઈડીસીના ગોડાઉનમાં રેડ કરતાં અલગ-અલગ બ્રાન્ડની ચાઈના દોરીનો જથ્થો મળી આવ્યો હતો. અંદાજીત એક આઈશર ટેમ્પો અને છકડો ભરાય તેટલો ચાઈના દોરીનો જથ્થો મળી આવતા અનેક તર્ક વિતર્ક સર્જાયા છે. જિલ્લામાં એટલો બધો પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો જથ્થો આવ્યો ક્યાંથી, તે એક મોટો સવાલ છે. સાથે 12542 નંગ ફીરકીઓ સહિત કુલ 21,28,180 લાખનો મુદ્દામાલ ઝડપી પડ્યો છે.



## ધોરડો સફેદરણના આકાશમાં ૧૩મી જાન્યુઆરીએ

# ૧૯ દેશના ૧૩૨ પતંગબાજો લડાવશે અવનવી પતંગોના પેચ

ગુજરાત | વંદન

ધોરડો સફેદરણમાં ૧૩ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ પતંગ મહોત્સવનું આયોજન નિયત થયેલું છે. જયારે નર્મદા જિલ્લા વહિવટીતંત્ર અને ગુજરાત પ્રવાસન નિગમ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આગામી તા.૧૦ મી જાન્યુઆરી,૨૦૨૩ ને મંગળવારના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગર ખાતે "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૩" યોજાનાર છે.

પતંગ મહોત્સવમાં ૧૯ દેશના ૧૩૨ પતંગબાજો માટે તમામ આગતા-સ્વાગતા તેમજ પતંગ ઉત્સવ દરમિયાનની તમામ વ્યવસ્થા અંગે કલેકટરએ વિગતો મેળવી જરૂરી સુચન કર્યા છે. જેની તૈયારીની સમીક્ષા હેતુ ભુજ કલેકટર કચેરી ખાતે કલેકટર દિલીપ રાણાના અધ્યક્ષસ્થાને સંબંધીત વિભાગના અધિકારીઓ સાથે અગાઉ એક સમીક્ષા બેઠક યોજાઇ હતી. કાર્યક્રમને અનુરૂપ કાઈટીસ્ટો માટેના સ્ટોલ, સ્ટેજ તેમજ આનુસંગીક અન્ય વ્યવસ્થા કરવા કલેકટર દ્વારા સુચના આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમની રૂપરેખાની વિગતો મેળવવા સાથે સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તૃતિ, પતંગબાજોનું સન્માન, ઉપરાંત ફાયર બ્રિગેડ, મોબાઈલ ટોયલેટની સુવિધા, પાર્કિંગ વ્યવસ્થા, મેડીકલ ટીમ, પોલીસ વ્યવસ્થા , ટ્રાફિક



નિયમન તથા કોરોના સંબંધિત ગાઈડલાઈનનું પાલન થાય તે બાબત સુનિશ્ચિત કરવા ખાસ સુચના આપવામાં આવી હતી. નર્મદા જિલ્લા વહિવટીતંત્ર અને ગુજરાત પ્રવાસન નિગમ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આગામી તા.૧૦ મી જાન્યુઆરી,૨૦૨૩ ને મંગળવારના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગર ખાતે "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૩" યોજાનાર છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગર ખાતે યોજાનારા આ "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૩" પ્રસંગે ગુજરાત સહિત દેશભરના વિવિધ રાજ્યો તેમજ દેશ-વિદેશના પતંગબાજો આ પ્રસંગે ઉપસ્થિત રહી મહોત્સવમાં સહભાગી બનશે. આ મહોત્સવથી દેશ-વિદેશના પતંગબાજોના અવનવા પતંગોના કરતબો માણવાના અદભૂત અવસરનો લાભ લેવાની સોનેરી તક મળી રહેશે.

**10મીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી અકેતાનગર ખાતે પણ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે**

## ભુજ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન

# સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
આવનાર અઠવાડિયું આ રાશિના જાતકો માટે લાભદાયક સમય બની રહ્યો છે. ઘરમાં નજીકના લોકોનું આગમન થઈ શકે છે. મનોરંજનનો કોઇ કાર્યક્રમ બની શકે છે. જો કામને લઈને કોઇ પ્લાનિંગ કર્યું હોય તો તેમનો તુરંત જ અમલ કરો. શોપિંગ અને આડા-અવળા ખર્ચા થઈ શકે છે.

**વૃષભ** (બ.વ.ઉ)
છેલ્લાં ઘણા સમયથી જે સમસ્યાનો સામનો કરી રહ્યા છો તેમાંથી આ સપ્તાહે છુટકારો મળશે. ઘરમાં રહેલા વયો-વૃદ્ધ લોકોનું ધ્યાન રાખો અને તેમના દ્વારા આપવામાં આવેલા સલાહનો અમલ કરો. બીજા કોઈની વાતમાં દખલ ન કરો. કોઈ મિત્ર કે સંબંધીઓ સાથે ચાલી રહેલો વિવાદનું નિરાકરણ કરો.

**મિથુન** (ક.છ.ઘ)
આ અઠવાડિયે અનુભવ ને પ્રભાવશાળી લોકોના સંપર્કમાં રહો. લાભદાયી સુચન મળવાથી તમે કોઇ મોટો નિર્ણય લઇ શકો છો. કોઈ કારણ વગર પ્રવાસને કારણે સમય અને પૈસા બરબાદ થશે. તમારા ગુસ્સા અને આવેશને કાબુમાં રાખો. કોઇ નજીકના મિત્ર અને સંબંધી સાથે વિવાદ થઇ શકે છે.

**કર્ક** (ડ.હ)
આ સપ્તાહે કોઇ પણ કોલને નજર અંદાજ ન કરો કારણ કે કોઇ મહત્વના કામ અંગે સુચના મળી શકે છે. કામમાં એકાગ્રતા રાખવાથી આર્થિક સ્થિતી સારી રહેશે. પોતાના પર ભરોસો રાખીને તનતોડ મહેનત કરવી પડી શકે છે. કામના સ્થળે કોઇ સમસ્યા થઇ શકે છે.

**સિંહ** (મ.ટ)
આ અઠવાડિયે તમારું કોઈ કામ પૂરું થઇ શકે છે. પરિવારમાં કોઈ વ્યક્તિને સિદ્ધિ પ્રાપ્ત થવાને કારણે ઘરમાં ઉત્સાહનો માહોલ રહેશે. તમારી કામ કરવાની પદ્ધતિને બીજા સાથે શેર ન કરો, નહીં તો તમારી સાથે છેતરપિંડી થઇ શકે છે, પોતાના પર ભરોસો રાખીને જ કોઈ કામ કરો.

**કન્યા** (પ.ઠ.ણ)
આ અઠવાડિયે તમે તમારા માટે પણ થોડો સમય કાઢો. તમને ઘણી માનસિક શાંતિનો અનુભવ થશે.અને ઘણી સમસ્યાઓનો ઉકેલ પણ મળી જશે. ક્યાંક અટવાયેલા પૈસા પરત મળી શકે છે. વધુ પડતા સમાધાન અને હલચલની પ્રવૃત્તિઓથી દૂર રહેવું સારું રહેશે.

**તુલા** (ર.ત)
પોઝિટિવ નજર રાખવાથી તમારો આત્મવિશ્વાસ વધશે અને ઘણી સ્મસ્યાનોનું નિરાકરણ આવી શકે છે. સોસાયટી અને સામાજિક ગતિવિધિઓમાં તમારો સહયોગ મળશે. કોઈ નવી યોજનાની શરૂઆત થઈ શકે છે. આ રાશિના જાતકો પર્સનલ કામમાં જ વ્યસ્ત રહેશે.

**વૃશ્ચિક** (ન.ય)
ઘરમાં પરિવર્તન સંબંધી કોઈ યોજના બની શકે છે. આ માટે વાસ્તુના નિયમોનું પાલન કરવું જરૂરી છે, પરિવારમાં મિલ્કત ને અન્ય કોઈ મુદ્દાને લઈને મુંઝવણ હોય તો તેનું નિરાકરણ થઇ શકે છે. પાડોશી કે મિત્ર સાથે વિવાદ થઇ શકે છે. કોઈ અભદ્ર ભાષાનો ઉપયોગ ન કરો.

**ધન** (ભ.ધ.ફ)
કોઈ અનુભવ વ્યક્તિની સલાહને કારણે છેલ્લાં થોડા સમયથી જે સમસ્યા ચાલી રહી છે તેનું સમાધાન મળવાથી ઘરનો માહોલ પોઝિટિવ રહેશે. બાળકોના ભવિષ્યને લઈને વિચાર-વિમર્શ થશે. યુવાનોએ નિરર્થક પ્રવૃત્તિઓમાં ફસાઈને પોતાની કારકિર્દી સાથે રમત ન કરવી જોઈએ.

**મકર** (ખ.જ)
પરિવારમાં ચાલી રહેલી કોઈ સમસ્યામાં પરિવારના સહયોગથી નિરાકરણ થશે. મિલકતના ખરીદ-વેચાણને લગતા અટકેલા કામનું નિરાકરણ આવી શકે છે. તમારી પર્સનલ વાત કોઈ સાથે શેર ન કરો. સંતાનના કામને લઈને ભાગદોડ વધારે રહેશે. ધંધામાં વૃદ્ધિ થોડી ધીમી રહેશે.

**કુંભ** (ગ.સ.શ.ષ)
આવનાર સપ્તાહ તમે કામમાં વ્યસ્ત રહેશો અને સારું પરિણામ મળશે અને થાક લાગવા છતાં મન ખુશ રહેશે.સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં તમારો પ્રભાવ રહેશે. જમીન, વાહન વગેરેની ખરીદી માટે લોન લેવાની યોજના બનાવી શકાય છે તે ફક્ત તમારી સંપત્તિ અને સમૃદ્ધિમાં વધારો કરશે.

**મીન** (દ.ચ.ઝ)
આગામી અઠવાડિયું આ રાશિના જાતકોને કોઈ સારા સમાચાર મળશે. ઘરમાં શુભ કાંઈ યોજનાઓ બનશે.તમે ઉર્જા અને આત્મવિશ્વાસથી ભરપૂર રહેશો. કોઈપણ મુશ્કેલ કામને તમારી મહેનતથી ઉકેલવાની ક્ષમતા તમારામાં રહેશે. બાળકોની કોઈપણ પ્રવૃત્તિ હળવાશભરી રહેશે. થોડો સમય આત્મચિંતનમાં વિતાવો. મિત્રો અને સંબંધીઓ પર વિશ્વાસ કરવો તમારા માટે ફાયદાકારક રહેશે.

# સુરતના 3 એન.સી.સી. કેડેટની દિલ્હી પ્રજાસત્તાક પરેડ-2023 માટે પસંદગી

ગુજરાત | વંદન

નેશનલ કેડેટ કોર્પ્સની 74 માં સ્વતંત્ર દિવસ પરેડ ૨૦૨૩ માં ડાયમંડ સીટી સુરતના 3 એનસીસી કેડેટની પસંદગી કરવામાં આવી છે, દર વર્ષે ગુજરાત ના કુલ 111 જેટલા ગર્લ્સ-બોયઝ કેડેટ દિલ્હી ખાતે યોજાનાર RDC પરેડમાં ભાગ લે છે અને ગુજરાતનું નેતૃત્વ કરશે, જેમાં 5 ગુજરાત બટાલિયન એન.સી.સી સુરત યુનિટના અને પી.ટી.સાયન્સ કોલેજમાં અભ્યાસ કરતા કેડેટ દેબાસીસ શાહુ અને પી.આર. બી. કોલેજ બારડોલીમાં અભ્યાસ કરતી જુનિયર અંડર ઓફિસર સ્નેહલ રાઠોડનો સમાવેશ થાય છે.

9 ગુજરાત નેવલ નવસારી યુનિટની અને કેન્દ્રીય વિદ્યાલય-૩ ઓ.એન.જી.સી સુરત માં અભ્યાસ કરતી વિદ્યાર્થી પી.ઓ કેડેટ તેજસ્વીની વાસીયાનો સમાવેશ થાય છે. આ કેડેટએ દિલ્હી પરેડમાં જવાની કપરી પસંદગી પ્રક્રિયામાં પોતાનું બળ અને મહેનત કરી ગુજરાતના કુલ 111 વિદ્યાર્થીઓમાંથી તેઓ પસંદગી કરવામાં આવી છે. આ વર્ષની RDC એટલે રી-પબ્લિક ડે કેમ્પ 26 જાન્યુઆરીએ શિબિરની પરેડમાં ગુજરાતના માત્ર 111 કેડેટ ગયા છે અને તેઓ 29 મી જાન્યુઆરીએ વડાપ્રધાનની રેલીમાં પણ ભાગ લેશે.

ભારતના તમામ રાજ્યોના કેડેટને દિલ્હી એનસીસી કેન્ટોનમેન્ટમાં લાવવામાં આવ્યા છે. કોવિડ -19 ના નિયમોની ખાસ કાળજી લાઇ યોગ્ય પ્રક્રિયા પુરી કરવી 1 જાન્યુઆરી થી શિબિરની શરૂઆત થશે. આ કેડેટ ગુજરાતના 111 કેડેટ સાથે રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે.

## બેકરી પ્રોડક્ટના મેન્યુફેકચરિંગ લાયસન્સ માટે માંગી હતી લાંચ

# વલસાડમાં ફૂડ અને ડ્રગ્સ વિભાગના બે અધિકારી લાંચ લેતા ઝડપાયા

ગુજરાત | વંદન

એસીબીએ વલસાડમાં ફૂડ એંડ ડ્રગ્સ વિભાગના 2 અધિકારી લાંચ લેતા ઝડપી પાડ્યા છે. બેકરી પ્રોડક્ટના મેન્યુફેક્ચરિંગ લાયસન્સને લઈ 60 હજારની લાંચ માંગી હતી. મળતી વિગતો મુજબ ફરિયાદીની વલસાડ નજીકના એક ગામમાં બેકરી હોઈ ફેકટરીમાં બેકરી પ્રોડકટસના મેન્યુફેકચરીગ માટેના લાઈસન્સ બાબતે ફુડ એન્ડ ડ્રગ્સ



વિભાગ, વલસાડના લાઈસન્સ ઈશ્યુ કરનાર અધિકારી દિવ્યાગ બારોટ ફેકટરીમાં હેરાનગતિ નહીં કરવા વાર્ષિક હપ્તા પેટે રૂ.૫૦,૦૦૦ ની લાંચની માગી હતી. તથા ડુંગરીમાં આવેલી ફરીયાદીના સાળાની બેકરીના વાર્ષિક હપ્તા પેટે રૂ. ૧૦,૦૦૦ ફુડ સેફટી ઓફિસર જયોતીબેનને આપવાનુ જણાવ્યું હતું. ફરિયાદીની શિકાયત પછી નવસારી એસીબીએ ગોઠવેલા છટકામાં દિવ્યાંગ બાલકૃષ્ણ બારોટ, સિનિયર સેફ્ટી ઓફિસર, ફૂડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશન, વર્ગ-૨ તથા જ્યોતિ કિશોર ભાદરકા, ફુડ સેફ્ટી ઓફિસર, વર્ગ 3 ને લાંચ લેતા ઝડપી પાડયા.

# બાલાજી વેફર્સના ગોડાઉનમાં લૂંટ, 2 લાખની રોકડ રકમ લઈ લૂંટારુઓ ફરાર

ગુજરાત | વંદન

ગુજરાતમાં ચોરી અને લૂંટના કેસ વધી રહ્યાં છે. પોલીસનું નાઈટ પેટ્રોલિંગ પણ સવાલોમાં ઘેરાયું છે. તાજેતરમાં જ હાઈકોર્ટે પોલીસ તંત્રને પેટ્રોલિંગને લઈને આદેશો આપ્યા હતાં. પરંતુ ચોરો અને લૂંટારાઓને હવે પોલીસને કોઈ ડર રહ્યો ના હોય તેમ બનાવો વધી રહ્યાં છે.રાજકોટમાં એક કંપનીના ગોડાઉનમાં ચોકીદારને બંધક બનાવીને લૂંટારા 1.95 લાખની રોકડ રકમ લૂંટીને ફરાર થઈ ગયાં છે. પોલીસે ઘટના સ્થળે પહોંચીને કાર્યવાહી હાથ ધરી છે.

કંપનીના ડીલરે મીડિયાને જણાવ્યું હતું કે, 3 જેટલા લૂંટારુઓ અમારા ગોડાઉન પર આવ્યા હતા જેમાંથી એક લુટારુએ વંડો ઠેકીને અંદર પ્રવેશ કરીને ગોડાઉનનો દરવાજો ખોલી નાખ્યો હતો. ત્યાર બાદ બીજા બે લૂંટારુ અંદર પ્રવેશ્યા હતાં. ગોડાઉનના ચોકીદાર બેઠા હતા જેને લૂંટારુઓ બંધક બનાવી ગોડાઉનમાં રાખેલા 1.95 લાખ લૂંટી ફરાર થઈ ગયા છે. ચોકીદારે આ બનાવની જાણ ગોડાઉન માલિકને કરી હતી. ત્યારે ગોડાઉનના માલિક તાત્કાલિક ગોડાઉન પર પહોંચી ગયા હતાં.

# આજે એમ.જી. વડોદરા ઈન્ટરનેશનલ મેરેથોનની ૧૦મી આવૃત્તિ

## » સીએમ ફ્લેગ ઓફ કરાવી મેરેથોનનો શુભારંભ કરાવશે

ગુજરાત | વંદન

વડોદરા ઈન્ટરનેશનલ મેરેથોન દ્વારા વડોદરા ફરી એકવાર તા.૮ મી જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ ઈતિહાસ રચવા જઈ રહ્યું છે. એમ.જી. વડોદરા ઈન્ટરનેશનલ મેરેથોનનો એક ઝળહળતો ઈતિહાસ રહ્યો છે કે મુખ્યમંત્રી દ્વારા દરેક મેરેથોનને ફલેગ ઓફ આપવામાં આવે છે. એ જ પરંપરા જાળવી રાખતાં આ વર્ષે પણ ૧૦ મી એમ.જી. વડોદરા ઈન્ટરનેશનલ મેરેથોનને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ રવિવારે ફ્લેગ ઓફ કરાવી મેરેથોનનો શુભારંભ કરશે. આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રી હર્ષભાઈ સંઘવી પણ ખાસ ઉપસ્થિત રહી ફ્લેગ ઓફમાં જોડાશે.

કુણાલ ફડનીસ - મનીષ મારુ - સુનીલ અગ્રવાલ - મિતેષ દાંડે - ઈકબાલ મન્સૂરી - રાજુ વાઘેલા




- વ્રિજેશ ઠક્કર - આ બધાંમાં શું સામ્યતા છે? હા, આ બધા વ્યક્તિઓ વડોદરાના જ રહેવાસી છે. આ તમામ મેરેથોન રનર્સ છે. પણ ફક્ત એટલું જ નહીં, આ બધા દિવ્યાંગ રનર્સ છે, તેઓ "પ્રોસ્થેટિક લેગ" એટલે કે કૃત્રિમ પગ ધરાવે છે.

વડોદરા મેરેથોન વડોદરાની ઓળખ બની હોય તો મેરેથોનનો "દિવ્યાંગ પેરાલિમ્પિક રન" એ વડોદરા મેરેથોનની આગવી ઓળખ બની ચૂકી છે. તેમાંયે કૃત્રિમ અવયવો ધરાવતા આ તમામ દોડવીરો આપણને સૌને જિંદગીને ઝિંદાદિલીથી જીવવાની પ્રેરણા આપે છે.

આ તમામ દિવ્યાંગ રનર્સ અલગ અલગ કારણોસર વડોદરા મેરેથોનમાં જોડાયા છે. કોઈ સ્વત: પ્રેરણાથી, અંત:સ્ફુરણાથી તો કોઈ આપણા દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના "ફિટ ઈન્ડિયા" ના આહવાનથી પ્રેરિત થઈને જોડાયા છે. અમુક પોતાના ઉદાહરણથી સમાજને - આપણને સૌને પ્રોત્સાહિત કરવાના ઉમદા આશયથી આવ્યા છે. કોઈ તન-મનની ફિટનેસ વધારવા માટેના આ સામૂહિક ઈવેન્ટમાં સક્રિયપણે સહકાર આપવા - તેનો ભાગ બનવા માટે જોડાયા છે.

## શબ્દોની સંતાકૂકડી 43 — સાપ્તાહિક ગુજરાત વંદન



**ઊભી ચાવી**

(1) ભાગ્યહીન, દુર્ભાગ્ય, અભાગી [5]
(3) ખૂજલી, ખંજવાળ [2]
(4) પગની રજ [5]
(6) ફળની ઈચ્છાવાળું, કામનાથી કરેલું [3]
(7) દૂધ-દહીં રાખવાનું વાસણ [3]
(11)અપક્વતા, કસર [3]
(14) ફરિયાદ, અરજ [2]
(15) દુ:ખ, ખેદ, દિલગીરી [2]

**આડી ચાવી**

(2) વાયદો, પ્રતિજ્ઞા [3]
(5) નવ પછી આવે [2]
(7) પુરોહિત, શુક્લ [2]
(8) બુરખો, ઘૂંઘટો [3]
(9) રાજાના ગુણકિર્તન અને વખાણ કરવાનો ધંધો કરનારી એક જાતિ [3]
(10) પાદર, ખેતર કે ગામની હદ [2]
(12) અંગ્રેજીમાં સાહેબને કહેવાય [2]
(13) અથાણું [3]
(16) ખ્રિસ્તી ધર્મોપદેશક [3]
(17) પેટે, હિસાબમાં ગણી લેવું, સાટે [3]

**શબ્દોની સંતાકૂકડી-42નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 રા | 2 હ | દા | 3 રી | ■ | 4 લા | 5 વા |
| 6 ન | વ | ■ | 7 ત | 8 સુ | ■ | ર |
| ■ | 9 ન | 10 શો | ■ | 11 ખ | ગ્રા | સ |
| 12 છા | ■ | 13 ર | 14 બ | ડી | ■ | દા |
| 15 લ | ત | ■ | દી | ■ | 16 તા | ર |
| ક | ■ | 17 ર | ■ | 18 ક્યા | સ | ■ |
| ■ | 19 બ | જ | ર | ■ | 20 ક | ળ |

**શબ્દોની સંતાકૂકડી-43 નો ઉકેલ આવતા અંકે**

## કોયડો નં. 45 સુડોકુ — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | | 9 | | | | 6 | | |
| | 4 | | 8 | 7 | | | 1 | 2 |
| 8 | | | | 1 | 9 | | 4 | |
| | 3 | | 7 | | | 8 | | 1 |
| | 6 | 5 | | | 8 | | 3 | |
| 1 | | | | 3 | | | | 7 |
| | | | 6 | 5 | | 7 | | 9 |
| 6 | | 4 | | | | | 2 | |
| | 8 | | | | 1 | 4 | 5 | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-45નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 1 | 9 | 5 | 4 | 3 | 6 | 7 | 8 |
| 5 | 4 | 3 | 8 | 7 | 6 | 9 | 1 | 2 |
| 8 | 7 | 6 | 2 | 1 | 9 | 3 | 4 | 5 |
| 4 | 3 | 2 | 7 | 6 | 5 | 8 | 9 | 1 |
| 7 | 6 | 5 | 1 | 9 | 8 | 2 | 3 | 4 |
| 1 | 9 | 8 | 4 | 3 | 2 | 5 | 6 | 7 |
| 3 | 2 | 1 | 6 | 5 | 4 | 7 | 8 | 9 |
| 6 | 5 | 4 | 9 | 8 | 7 | 1 | 2 | 3 |
| 9 | 8 | 7 | 3 | 2 | 1 | 4 | 5 | 6 |


## ટાઈટન પર નહેરો, સરોવરો, સમુદ્રો વગેરે જેવી સક્રિય નદીના મજબૂત પુરાવા મળ્યા છે...

# માનવીનું નવુ ઘર:દૂર કહીં જાયેંગે..ટાઈટન પર દુનિયા બસાયેંગે...!

## તેમાં ઉર્જાનો એટલો વિપુલ ભંડાર છે કે લાખો લોકો તેમની ઉર્જા અને અન્ય જરૂરિયાતો સાથે સરળતાથી જીવી શકશે...!

ગુજરાત | વંદન

એ માનવી જ છે કે જે રહેવા માટે જગ્યાની શોધમાં ચંદ્ર, મંગળ અને હવે શબનિ ગ્રહના ઉપગ્ર ટાઇટન સુધી પહોંચવા માંગે છે. આપણી ધરાથી કરોડો કિ.મી. દૂરના આ ગ્રહો પર માનવ વસ્તી કઇ રીતે સ્થાપી શકાય, કઇ રીતે જઇ શકાય અને પરત પૃથ્વી પર આવી શકાય તેવા ઝડપી વાહનોની શોધખોળની સાથે ત્યાં કેવા મકાનો હશે, અન્ય સુખસુવિધા કેવી હશે તેની કલ્પનાને સાકાર કરવાની મથામણ નાસા સહિત દુનિયાભરની વિજ્ઞાન સંસ્થાઓ દ્વારા ચાલી રહી છે. ચંદ્ર અને મંગળ પછી હવે ટાઇટનનો વારો....!



આપણા સૌરમંડળના પ્રાકૃતિક ઉપગ્રહો અથવા ચંદ્રમાં કે જેણે પૃથ્વીની બહાર જીવનની સંભાવના અંગે વૈજ્ઞાનિકોને સૌથી વધુ આકર્ષિત કર્યા છે, તેમાં ચોક્કસપણે ટાઈટનનો સમાવેશ થાય છે, જે શનિ ગ્રહનો સૌથી મોટો ઉપગ્રહ છે. પૃથ્વી સિવાય ટાઈટન એ એકમાત્ર જાણીતું અવકાશી પદાર્થ છે, જેની સપાટી પર નહેરો, સરોવરો, સમુદ્રો વગેરે જેવી સક્રિય નદી પ્રણાલીની હાજરી માટે મજબૂત પુરાવા મળ્યા છે. આ સિવાય ટાઈટનમાં અત્યંત ગાઢ અને કંઈક અંશે પૃથ્વી જેવું વાતાવરણ પણ છે, જે હવામાન અને વરસાદ જેવી ઘટનાઓનું સંચાલન અથવા નિયંત્રણ કરે છે.

અવકાશ સંશોધન મિશનના સંદર્ભમાં, ટાઇટન અન્ય ગ્રહો-ઉપગ્રહો અને તારાઓ કરતાં વધુ યોગ્ય અને ઉપયોગી ઉપગ્રહ માનવામાં આવે છે. પૃથ્વીની બહાર જીવનના અસ્તિત્વ વિશે નક્કર માહિતી મેળવવા માટે વૈજ્ઞાનિકો લાંબા સમયથી ટાઈટન પર નજર કરી રહ્યા છે. આ ક્રમમાં, નાસાએ તાજેતરમાં સૌથી શક્તિશાળી ઈન્ફ્રારેડ સ્પેસ ટેલિસ્કોપ 'જેમ્સ વેબ ટેલિસ્કોપ'ના નજીકના-ઈન્ફ્રારેડ કેમેરા (નીર-કેમ) દ્વારા લેવામાં આવેલી તસવીરો જાહેર કરી છે.

આ અદભૂત છબીઓમાં, આપણે ટાઈટનના સમુદ્રો, સરોવરો, વાદળો અને હાઇડ્રોકાર્બનથી બનેલા રેતીના ટેકરા સરળતાથી જોઈ શકીએ છીએ. આ તસવીરો એટલા માટે પણ ખાસ છે કારણ કે પહેલીવાર અમે અવકાશમાં સ્થાપિત ટેલિસ્કોપની મદદથી પૃથ્વીથી લગભગ 1.5 અબજ કિલોમીટર દૂર સ્થિત ઉપગ્રહની સ્પષ્ટ તસવીરો લીધી છે.

ટાઈટન આપણા સૌરમંડળનો બીજો સૌથી મોટો ઉપગ્રહ છે અને તે આપણા મનુષ્યો માટે પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે ઘણા વૈજ્ઞાનિકો લાંબા સમયથી તેની સપાટી પર જીવનના અસ્તિત્વની સંભાવના વ્યક્ત કરી રહ્યા છે. નાસાના કેસિની મિશન દરમિયાન, એવા સંકેતો મળ્યા હતા કે ટાઇટન પર આવા કેટલાક કાર્બનિક તત્વો (કાર્બનિક સંયોજનો) અસ્તિત્વમાં છે, જે જીવન માટે જરૂરી માનવામાં આવે છે. તે સમયે પણ તેની સપાટી પર પ્રવાહી પાણીની હાજરીનો દાવો કરવામાં આવ્યો હતો. તેનું વાતાવરણ પણ ઘણું ગાઢ છે, જે તેને હાનિકારક કોસ્મિક રેડિયેશનથી રક્ષણ આપે છે.

ટાઇટન આપણા પૃથ્વીના ચંદ્ર કરતાં ઘણો મોટો (લગભગ 50 ટકા) છે અને ગુરુના ઉપગ્રહ ગેનીમીડ પછી સૂર્યમંડળનો બીજો સૌથી મોટો ઉપગ્રહ અથવા ચંદ્ર છે. રસપ્રદ વાત એ છે કે તેનું કદ બુધ ગ્રહ કરતા પણ મોટું છે. 20મી સદીના છેલ્લા દાયકાઓ સુધી, વૈજ્ઞાનિકો ટાઇટનને સૂર્યમંડળનો સૌથી મોટો ઉપગ્રહ માનતા હતા, પરંતુ જ્યારે વોયેજર અવકાશયાન તેની નજીકથી પસાર થયું ત્યારે વૈજ્ઞાનિકોને ખબર પડી કે તે વાસ્તવમાં ગુરુના ઉપગ્રહ ગેનીમીડ કરતાં પણ નાનો છે. ટાઇટનની શોધ કરવાનો શ્રેય ડચ ખગોળશાસ્ત્રી ક્રિસ્ટીઆન હ્યુજેન્સને આપવામાં આવે છે.

ટાઇટનની સૌથી મોટી વિશેષતા તેનું ગાઢ અને વ્યાપક વાતાવરણ છે. પૃથ્વીની જેમ, ટાઇટનનું વાતાવરણ મુખ્યત્વે નાઇટ્રોજન (૯૮ ટકા)થી બનેલું છે. તેની સપાટીનું હવાનું દબાણ પૃથ્વી કરતાં 45 ગણું વધારે છે. તેના પર મિથેનનાં વાદળો છે અને મિથેનનો જ વરસાદ થાય છે. તેના વાતાવરણમાં જીવન માટે જરૂરી અન્ય જટિલ કાર્બનિક અણુઓ (જટિલ કાર્બનિક અણુઓ) પણ બને છે, જે હળવા બરફની જેમ નીચે પડતા રહે છે. સૈદ્ધાંતિક રીતે, તે તમામ મૂળભૂત રાસાયણિક તત્વો ટાઇટન પર હાજર છે, જે જીવનની રચના માટે જરૂરી છે. ટાઇટન પર જીવન અસ્તિત્વ ધરાવે છે તેવી પણ ઉચ્ચ સંભાવના છે, પરંતુ તે ચોક્કસપણે પૃથ્વીના જીવન સ્વરૂપોથી અલગ હશે અને નાઇટ્રોજન-મિથેન પર આધારિત હશે.


વૈજ્ઞાનિકો દાવો કરી રહ્યા છે કે ટાઇટનની હાલની સ્થિતિ ભવિષ્યમાં માનવ વસાહત માટે ખૂબ જ યોગ્ય છે, તેમાં ઉર્જાનો એટલો વિપુલ ભંડાર છે કે લાખો લોકો તેમની ઉર્જા અને અન્ય જરૂરિયાતો પૂરી કરીને સરળતાથી જીવી શકશે. કેટલાક વિજ્ઞાનીઓ માને છે કે ટાઇટનની વર્તમાન વિશેષતાઓ થોડીક અંશે શરૂઆતની પૃથ્વી જેવી જ છે, તેથી શક્ય છે કે ટાઇટનના મહાસાગરો પ્રાચીન પૃથ્વીની જેમ જીવનના બીજને આશ્રય આપતા હોય! તે જ સમયે, વૈજ્ઞાનિકોનો બીજો વર્ગ, નક્કર પુરાવા વિના કોઈપણ પ્રકારની અટકળો ન કરવાની સલાહ આપી રહ્યો છે.

તાજેતરના ઘણા અભ્યાસોમાં, સંશોધકોએ સ્પષ્ટ તારણ કાઢ્યું છે કે આજથી લગભગ 5 અબજ વર્ષ પછી, જ્યારે સૂર્યના કોરમાં હાજર હાઇડ્રોજન બળતણ સમાપ્ત થઈ જશે અને તે ઊર્જા ઉત્પન્ન કરવા માટે અન્ય ભારે તત્વોને બાળી નાખવાનું શરૂ કરશે, તેથી તે લાલ રંગમાં ફેરવાઈ જશે. સુપરજાયન્ટ સ્ટાર. આ પરિવર્તન દરમિયાન, સૂર્ય ધીમે ધીમે બુધ, શુક્ર અને પૃથ્વીને ઘેરી લેશે, પરંતુ પછી ટાઇટનમાં રહેવા યોગ્ય ઝોન હશે. વસવાટયોગ્ય ઝોનમાં પહોંચતા જ ટાઇટનનું તાપમાન લગભગ પૃથ્વીના તાપમાન જેટલું થઈ જશે. જો ખરેખર આવું થાય તો ટાઇટન ભવિષ્યમાં માનવ સભ્યતાનું નવું ઘર બની શકે છે.

ટાઇટનના રહસ્યો જાણવા માટે દુનિયાભરના વૈજ્ઞાનિકો સખત મહેનત કરી રહ્યા છે. હાલમાં, નાસા 2027માં ટાઇટનને 'ડ્રેગનફ્લાય મિશન' મોકલવા પર જોરશોરથી કામ કરી રહ્યું છે. આ મિશન હેઠળ, વૈજ્ઞાનિકો ટાઇટન પર જીવનની શક્યતાઓની તપાસ કરવા માટે 'ડ્રેગનફ્લાય' નામનું રોબોટિક રોટોક્રાફ્ટ એટલે કે હેલિકોપ્ટર ડ્રોન મોકલવાની તૈયારી કરી રહ્યા છે.

મિશન ડ્રેગનફ્લાય જૂન 2027 માં શરૂ થવાનું છે અને 2034 માં ટાઇટન પહોંચવાની અપેક્ષા છે. આ મિશનની કિંમત લગભગ $850 મિલિયન નક્કી કરવામાં આવી છે. આ મિશન હેઠળ, ડ્રોન પ્રોપેલરનો ઉપયોગ કરીને, ટાઇટનની સપાટી પરથી નમૂનાઓ એકત્રિત કરીને, તે તેની જમીનની રચનાને સમજવાનો પ્રયાસ કરશે. નોંધપાત્ર રીતે, આવા મશીન અથવા ઉપકરણને પ્રોપેલર કહેવામાં આવે છે, જે કોઈપણ વાહનને આગળ ધકેલવામાં મદદ કરે છે.

ડ્રેગનફ્લાયનું મહત્વ એ વાત પરથી જાણી શકાય છે કે તેણે લગભગ ડઝન જેટલા પ્રસ્તાવિત પ્રોજેક્ટ્સમાં અન્ય અવકાશયાન કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું છે. તે જટિલ કાર્બનિક પરમાણુઓને શોધવા માટે સક્ષમ સાધનોથી સજ્જ કારનું કદ હશે. નાસાના 'ન્યૂ ફ્રન્ટિયર્સ પ્રોગ્રામ'ના ભાગ રૂપે ભંડોળ પૂરું પાડવામાં આવેલું તે ચોથું મિશન છે, જે મધ્યમ કદના ગ્રહોના પ્રોજેક્ટ્સ સાથે કામ કરે છે. આ કાર્યક્રમ અંતર્ગત ન્યૂ હોરાઇઝન્સ અવકાશયાન વામન ગ્રહ પ્લુટો પર છોડવામાં આવ્યું હતું. બસ એટલું સમજી લેવું કે આ મિશન ન્યુ હોરાઇઝન્સના પગથિયાં પર છે. પ્લુટો અને ક્વાઇપર બેલ્ટ માટે ન્યુ હોરાઇઝન્સ મિશન ઉપરાંત, જુનો મિશન બૃહસ્પતિ અને ઓસિરિસ-રેક્સ મિશન બેનુ એસ્ટરોઇડને ન્યૂ ફ્રન્ટિયર્સ પ્રોગ્રામ હેઠળ મોકલવામાં આવ્યા છે.



ડ્રેગન ફ્લાય ટાઇટનના વિષુવવૃત્તીય શુષ્ક પ્રદેશમાં સેલ્ક ક્રેટર નજીક સાગરી લા ટેલ ખાતે ઉતરશે, જે અત્યંત ઠંડા અને ગાઢ વાતાવરણ સાથે હાઇડ્રોકાર્બન સ્નોવફ્લેક્સની દુનિયા છે. ક્યારેક પ્રવાહી મિથેનનો વરસાદ થાય છે. પરંતુ પૃથ્વીના રણ જેવી ઘણી જગ્યાઓ છે, જ્યાં રેતીના ટેકરા, નાના પહાડો અને ઈમ્પેક્ટ ક્રેટર્સ છે. નાસાની ટીમ લેન્ડિંગ સાઇટ, તેની રચના અને સપાટી પર નજીકથી નજર રાખી રહી છે.

અત્યાર સુધી ઘણી બધી માહિતી જેમ કે સેલ્ક ક્રેટરનું કદ અને ઊંચાઈ માત્ર એક અંદાજ છે, તેથી 2034 પહેલા આ સંબંધમાં વધુને વધુ સચોટ માહિતી એકઠી કરવાની જરૂર છે.

ડ્રેગન ફ્લાય ટાઇટન પર ટૂંકી ઉડાન ભરશે અને અલગ-અલગ સ્થળોએ લેન્ડિંગ કરીને ત્યાંથી સેમ્પલ એકત્રિત કરશે. તેની સૌથી લાંબી ઉડાન 8 કિલોમીટર સુધીની હશે. આ વાહન લગભગ 175 કિલોમીટર સુધી ઉડાન ભરશે. આ અંતર અત્યાર સુધી મંગળ પર મોકલવામાં આવેલા તમામ રોબોટિક રોવર્સ દ્વારા કાપવામાં આવેલા અંતર કરતાં બમણા કરતાં વધુ હશે.

નાસાના વૈજ્ઞાનિક થોમસ ઝુબ્રુશેનના જણાવ્યા અનુસાર, 'ટાઇટન સૌરમંડળમાં સૌથી અનોખું છે અને તેની તપાસ માટે પ્રસ્તાવિત ડ્રેગનફ્લાય મિશન પણ પોતાનામાં અજોડ છે. ફક્ત એક હેલિકોપ્ટરની કલ્પના કરો જે ટાઇટનના કાર્બનિક રેતીના ટેકરાઓ પર માઇલો સુધી ઉડી શકે. વૈજ્ઞાનિકોને આશા છે કે ડ્રેગન ફ્લાય ટાઇટનના ગાઢ, અપારદર્શક વાતાવરણમાં પ્રવેશ કરી શકશે અને તેના અનેક રહસ્યો ખોલી શકશે. જો કે, પૃથ્વીની બહારના અન્ય અવકાશી પદાર્થો પર જીવનના ચિહ્નો શોધવાની ઝંખના વૈજ્ઞાનિકોને ટાઇટન તરફ જોતા રહેવા પ્રોત્સાહિત કરતી રહેશે.હકીકત માં!

## અનુસંધાન પેજ 01 પરથી...

### ઐતિહાસિક જોશીમઠના...

તેમાંથી કઇ રીતે સમગ્ર શહેરને બચાવી શકાય તેની સક્રિય વિચારણા ઉત્તરાખંડ સરકારા દ્વારા થઇ રહી છે. સ્થાનિક લોકોના જણાવ્યા પ્રમાણે જમીનોમાં પડેલી તિરાડો, મકાનોની નીચેથી પાણીનો પ્રવાહ જોતાં ગમે ત્યારે કંઇપણ થઇ શકે છે.

ઉત્તરાખંડના જોશીમઠમાં જે થઈ રહ્યું છે તે કોઈ દુર્ઘટનાથી ઓછું નથી. સેંકડો ઘરોમાં તિરાડો પડી રહી છે. ત્યાંની જમીન ડૂબવા લાગી છે. લોકોએ સ્થળાંતર કરવાનું શરૂ કરી દીધું છે. સેંકડો પરિવારોને ત્યાંથી અન્ય સ્થળે ખસેડવામાં આવી રહ્યા છે. આવી સ્થિતિમાં દરેકના મનમાં એક જ સવાલ ઉઠી રહ્યો છે કે જોશીમઠમાં આવું કેમ થઈ રહ્યું છે? શુક્રવારે ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામે પણ પરિસ્થિતિનો તાગ મેળવવા માટે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકમાં અનેક નિર્ણયો લેવામાં આવ્યા હતા. સીએમ ધામીએ લોકોને તેમના પુનર્વસન સુધી સલામત સ્થળે લઈ જવાના આદેશ આપ્યા હતા. બેઠકમાં, મુખ્યમંત્રીએ અધિકારીઓને જોશીમઠમાંથી 600 જેટલા પરિવારોને તાત્કાલિક અસરથી બહાર કાઢીને સલામત સ્થળે લઈ જવાનો આદેશ આપ્યો હતો.

જોશી મઠના ઘરોમાં તિરાડો કેમ પડી રહી છે અને ત્યાંની જમીન કેમ ધસી પડી છે તે જાણતા પહેલા... તાજેતરમાં બનેલી ઘટના વિશે જાણી લો. હકીકતમાં, ગયા વર્ષે 24 ડિસેમ્બર, 2022 ના રોજ, જોશીમઠના વિવિધ મકાનોમાં તિરાડો અને જમીન ધસી જવાના અહેવાલો સામે આવ્યા હતા. ત્યાંના સ્થાનિક લોકોએ આ અંગે માહિતી આપી હતી. નગરપાલિકા દ્વારા કરાયેલા સર્વે બાદ એક વર્ષમાં શહેરમાં 500થી વધુ મકાનોમાં તિરાડો પડી હોવાનું બહાર આવ્યું છે. આ પછી પણ વહીવટીતંત્ર તરફથી કોઈ સુધારો ન આવતાં ત્યાંના લોકોએ પ્રશાસન પર કોઈ સુધારાત્મક પગલાં ન લેવાનો આક્ષેપ કરીને રેલી કાઢી હતી.ત્રણ દિવસ પછી, એટલે કે 27 ડિસેમ્બરે, નિષ્ણાતોની પાંચ સભ્યોની ટીમે શહેરનું નિરીક્ષણ કર્યું. આ ટીમમાં વરિષ્ઠ અધિકારીઓ, ભૂસ્તરશાસ્ત્રના નિષ્ણાતો અને એન્જિનિયરો સામેલ હતા. તેમણે જે ઈમારતોમાં તિરાડો પડી હતી તેનું નિરીક્ષણ કર્યું. આ સિવાય અધિકારીઓએ અસરગ્રસ્ત લોકો સાથે વાત કરી, જેમના ઘરોમાં તિરાડો પડી ગઈ છે. આ પછી પાંચ સભ્યોની ટીમે જિલ્લા વહીવટીતંત્રને પોતાનો પ્રતિભાવ આપ્યો હતો.

### AI ફ્લાઈટમાં...

પોતાના કર્મચારીઓ પાસેથી પ્રોફેશનલ્સ અને વ્યક્તિગત રીતે ઉચ્ચ વ્યવહારની અપેક્ષા રાખે છે. અમને આ આરોપ ખૂબ જ પરેશાન કરનારા લાગી રહ્યા છે. આ શખ્સને વેલ્સ ફાર્ગોમાંથી ટર્મિનેટ કરી દેવામાં આવ્યો છે. અમે આ મામલે તપાસમાં પુરતો સહયોગ આપીશું.

### શરદ પવારને ...

શરદ પવારની આંગળી પકડીને રાજકારણમાં આવ્યા છે. ત્યારથી મને સંસદમાં જવા માટે પણ થોડો ડર લાગે છે.

ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2016માં એક કાર્યક્રમમાં શરદ પવારની હાજરીમાં કહ્યું હતું કે તેઓ 'શરદ પવારની આંગળી' પકડીને રાજકારણમાં આવ્યા છે. આ પહેલા પણ ઓગસ્ટ 2022માં જ્યારે મીડિયાએ શરદ પવારને પ્રશ્ન કર્યો હતો કે પીએમ મોદી કહે છે કે તેઓ શરદ પવારની આંગળી પકડીને રાજકારણમાં આવ્યા છે. તેના પર શરદ પવારે કહ્યું હતું કે મને ખબર ન હતી કે મારી આંગળી આટલી ભારે હશે.

### ચાલુ વર્ષે ...

માર્ચ 2023માં સમાપ્ત થઇ રહેલા ચાલુ નાણાકીય વર્ષમાં ભારતનો ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી) ગ્રોથ વૃદ્ધિ ઘટીને 7 ટકા રહેવાનો અંદાજ છે.

નોંધનિય છે કે, નાણાંકીય વર્ષ 2021-22માં ભારતીય અર્થતંત્રે 8.7 ટકાની જીડીપી વૃદ્ધિ નોંધાવી હતી. જો NSOની આગાહી સાચી ઠરે છે, તો ભારતનો GDP વૃદ્ધિ સાઉદી અરેબિયાના અપેક્ષિત 7.6 ટકાના વિકાસદર કરતા ઓછો હશે. સરકારે આ અગાઉ 8 થી 8.5 ટકાના વિકાસદરનો અનુમાન મૂક્યો હતો, જો કે તે રિઝર્વ બેન્કના 6.8 ટકાના અંદાજ કરતાં ઉંચો હતો.

### ભારતીય ટેનિસ ...

શાનદાર રહ્યું છે. આ ખેલાડીએ ટેનિસ કોર્ટ પર કેટલાય ખિતાબ પોતાના નામે કર્યા છે.

અહીં ઉલ્લેખનિય છે કે, સાનિયા મિર્ઝા અને પાકિસ્તાની ક્રિકેટર શોએબ મલિકના છુટાછેડાના સમાચાર વચ્ચે ખૂબ જ ચર્ચામાં રહ્યા હતા. આ ઉપરાંત હાલના દિવસોમાં સાનિયા મિર્ઝાએ પોતાના ઈંસ્ટાગ્રામ પર પોતાના દીકરા ઈઝહાન સાથે ફોટો શેર કર્યો છે અને લોકોને 2023ના નવા વર્ષની શુભકામનાઓ આપી છે.

### પંજાબ સરકારના...

કેટલાય મંત્રીઓના વિભાગો બદલાઈ શકે છે અને અમુક મંત્રીઓની છુટ્ટી પણ થઈ શકે છે. ફૌઝા સિંહના રાજીનામાને પણ તેની સાથે જોડીને જોવામાં આવી રહ્યું છે.

## અનુસંધાન પેજ 12 પરથી...

### અમદાવાદીઓ...

ઝાટકણી કાઢી હતી. ત્યારે રાજ્ય સરકારે કોર્ટમાં સોગંધનામું રજુ કર્યું છે. આજે હાઈકોર્ટમાં આ મુદ્દે સુનાવણી હાથ ધરાશે. હાઈકોર્ટે સરકારનો ઉધડો લીધા બાદ પોલીસ એક્શનમાં આવી ગઈ છે અને રાજ્યમાં અનેક જગ્યાઓથી ચાઈનીઝ દોરીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે તેમજ તેનું વેચાણ કરનારા વેપારીઓની ધરપકડ પણ કરવામાં આવી રહી છે.

### શાહીબાગમાં સાતમા...

વચ્ચે ફસાઈ જતા તેને ઉગારવા માટે ફાયરબ્રિગેડના જવાનોએ જબરી મહેનત કરી હતી. પરંતુ આગના લબકારા વચ્ચે પ્રાંજલ ફસાઈ ગયા બાદ તેને ઉગારવાનું મુશ્કેલ થયુ હતું તેમ છતાં ફાયરબ્રિગેડના જવાનોએ જોખમી રીતે પણ પ્રાંજલ સુધી પહોંચીને તેને બહાર લઈ આવ્યા હતા પરંતુ સારવારના અંતે તેનું મૃત્યુ થયું હતું. આ ઘટનાના પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું હતું કે, ફાયર ફાઈટર દ્વારા પાણીનો મારો ચલાવવામાં આવી રહ્યો હતો. પરંતુ ગ્રાઉન્ડફ્લોરથી ફુવારો મારતા પાંચમા માળ સુધી જ પાણી પહોંચતું હતું. જેથી મેં ફાયરના સ્ટાફને સીડી(સ્નોરકેલ) ખોલવા કહ્યું. પરંતુ તેમની સીડી કોઈ રીતે ખુલતી જ નહોતી. જેથી મેં તમને કહ્યું મારી સાથે આવો બાજુના બિલ્ડીંગમાંથી પાણી નાખો. હું તેમને બાજુના બિલ્ડીંગમાં લઈ ગયો અમે તેમની સાથે પાણી નખાવ્યું. પરંતુ ત્યાં સુધીમાં તો પ્રાંજલ બેભાન થઈ ગઈ હતી અને ખૂબ દાઝી ગઈ હતી. ફાયરબ્રિગેડનું પાણી સમયસર 7મા માળે પહોંચ્યું હોત તો છોકરી બચી જતી.

### જામનગરમાં...

બીજી તરફ, રાજકોટ પોલીસ દ્વારા આરોપીને જામનગર પોલીસને સોંપવાની કામગીરી પણ ચાલી રહી છે. જામનગર પોલીસની વધુ પૂછપરછમાં આરોપી પતિ શું જણાવે છે તે જોવું અતિ મહત્વનું બની રહેશે.

### મોદીની માતાને...

દિલીપ સખીયાએ જણાવ્યું હતું કે ટ્રસ્ટે છેલ્લા ચાર મહિનામાં દાતાઓની આર્થિક સહાયથી 75 ચેકડેમ બનાવ્યા છે. તેમણે કહ્યું કે નવીનતમ ડેમ બે અઠવાડિયામાં પૂર્ણ થશે અને તેની ક્ષમતા લગભગ 25 મિલિયન લિટર પાણીનો સંગ્રહ કરવાની હશે. તેમણે કહ્યું, "ડેમ 400 ફૂટ લાંબો અને 150 ફૂટ પહોળો હશે. એકવાર ભરાઈ ગયા પછી તે નવ મહિના સુધી સુકાશે નહીં. તે ભૂગર્ભજળ રિચાર્જ કરશે અને આસપાસના ગામોમાં ખેડૂતો અને પશુપાલકોને મદદ કરશે."

### ક્રૂડના ભાવ...

માત્ર રૂા.6.5 રહી ગઈ છે. ત્રણેય સરકારી તેલ કંપનીઓએ 6 એપ્રિલ 2022 પછી ભાવમાં એક પણ વખત બદલાવ નથી કર્યો.એપ્રિલમાં ક્રુડનો ભાવ 122.97 ડોલર હતં તો જુનમાં 116.01 ડોલર હતો અને હવે ઘટીને માત્ર 78.19 ડોલર છે.બીજા ત્રિમાસીક ગાળામાં રેકોર્ડબ્રેક ખોટ બાદ હવે ત્રણેય કંપનીઓ નફો દર્શાવી રહી છે.તેલ કંપનીઓ પેટ્રોલમાં નફો કરવા લાગી હોવા છતા ગ્રાહકોને કોઈ લાભ કે રાહત આપતી નથી અગાઉની ખોટ સરભર કરવામાં આવતી હોવાની દલીલ છે.

### ઉત્તરાયણ પર્વ...

પતંગબાજીમાં દાખવાતી બેદરકારી કે ઉન્માદના કારણે દરવર્ષે સેંકડો અબોલ પક્ષીઓ મોતના મુખમાં હોમાઈ જાય છે. શહેરમાં બાળકો અને યુવાનો દ્વારા થતી પતંગ ઉડાડવાની મોજ વચ્ચે તેજધાર દોરાથી પક્ષીઓના ઘવાવાના કિસ્સાઓ શરૂ થઈ ગયા છે. આવા કિસ્સાઓ સામે શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓએ પક્ષી બચાવો ઝુંબેશ શરૂ કરી દીધી છે. પતંગના તેજધાર દોરાઓ પાંખ, ગરદન, પગ પર લાગતાં પક્ષીઓ ઘવાઇ છે, તો ઘણીવાર ઊંચે આકાશેથી જમીન પર પટકાતાં કેટલાક પક્ષીઓનું મૃત્યુ પણ થાય છે.

# યુગપુરુષ સ્વામી વિવેકાનંદ

આપણે સૌ દર વર્ષે ૧૨ જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી કરીએ છીએ. આ ઉજવણી આપણે કેમ કરીએ છીએ? તે તો સૌને ખબર છે કે આપણાં યુગપુરુષ સ્વામી વિવેકાનંદની ૧૨ જાન્યુઆરીના રોજ જન્મજયંતી હોય છે. ( ૧૨ જાન્યુઆરીએ અંગ્રેજી કેલેન્ડર અનુસાર સ્વામી વિવેકાનંદનો જન્મ દિવસ "રાષ્ટ્રીય યુવા દિવસ" રૂપે સમગ્ર ભારતમાં ઉજવાય છે અને ૧૪ જાન્યુઆરીએ બંગાળી કેલેન્ડર અનુસાર સ્વામીજીની જન્મતિથિ છે. ) આપણે આ દિવસની ઉજવણી કેવી રીતે કરીએ છીએ? ફક્ત તેમનાં વિશે થોડું ઘણું જાણી લઈએ છીએ અને તેમને પાછાં ભુલી જઈએ છીએ. આપણાં મહાપુરુષોને સાચી અંજલી આપણે તેમનાં જીવનચરિત્રો વાંચીને, તેમણે બતાવેલાં આદર્શો પર ચાલીને કરવી જોઈએ. આપણાં જીવનનાં આદર્શો, આપણાં રાષ્ટ્ર- પુરુષોનું જીવનચરિત્ર હોવું જોઈએ કે જેમણે પોતાનું સમગ્ર જીવન, ધર્મ અને દેશસેવા માટે ન્યોછાવર કરી દીધું હતું. આજે આપણે યુગપુરુષ સ્વામી વિવેકાનંદ વિશે જાણીએ અને તેમનાં પદચિન્હો પર ચાલવાનો સંકલ્પ લઈએ.

ભારતનાં આધ્યાત્મિક વારસાનું નવસંસ્કરણ કરનાર, અનન્ય સત્યાનુરાગી, દરિદ્ર પ્રત્યે અપાર અનુકંપા ધરાવનાર, રામકૃષ્ણ પરમહંસના શિષ્ય અને એમના વિચારોનાં સંદેશવાહક સ્વામી વિવેકાનંદનો જન્મ ૧૨ જાન્યુઆરી, ૧૮૬૩ના રોજ કોલકાતાના સુપ્રસિદ્ધ વિદ્યાનુરાગી, સંસ્કારસંપન્ન, ધર્માનુરાગી દત્ત પરિવારમાં થયો હતો. તેમનું બાળપણનું



નામ નરેન્દ્રનાથ હતું. નરેન્દ્રની વિચારસરણી પર તેમનાં માતાપિતાની ખૂબ અસર પડી હતી. પિતાએ તેમનાં બૌદ્ધિક દિમાગથી તથા માતાએ તેમનાં ધાર્મિક સ્વભાવથી બાળક નરેન્દ્રનો ઉછેર કર્યો હતો. આથી બાળપણથી જ તેમનામાં આધ્યામિકતા તથા ઈશ્વર સાક્ષાત્કાર માટે લગાવ દેખાવા લાગ્યો હતો. ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવી શકે તેવાં વ્યક્તિની શોધમાં નરેન્દ્રનાથ રામકૃષ્ણને મળ્યાં અને તેમના શિષ્ય બની ગયા. તેઓ પાછળથી શિકાગો ગયા અને સન ૧૮૯૩ની વિશ્વધર્મ પરિષદમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ.

પ્રખર વક્તા, સ્વામી વિવેકાનંદને યુનાઈટેડ સ્ટેટ્સના અમુક મંચોએ, યુનિવર્સિટીઓ અને ક્લબોમાં વક્તવ્ય આપવા નિમંત્રણ આપ્યું હતું. તેમણે કેટલાંક જાહેર અને ખાનગી ભાષણો પણ કર્યાં. અમેરિકા, ઈંગ્લેંડ અને યુરોપનાં તથા અન્ય કેટલાક દેશોમાં વેદાંત, યોગ અને હિન્દુ ધર્મનો તેમણે પ્રચાર કર્યો. તેમણે અમેરિકા તથા ઈંગ્લેંડમાં વેદાંત સોસાયટીઓની પણ સ્થાપના કરી. પછીથી તેઓ ભારત પરત આવ્યા તથા સન ૧૮૯૭માં તેમણે રામકૃષ્ણ મઠ તથા મિશન - એક સમાજસેવી તથા આધ્યાત્મિક સંસ્થાની સ્થાપના કરી. સ્વામી વિવેકાનંદને ભારતના પ્રથમ રાષ્ટ્ર-નિર્માતાઓ પૈકીના એક ગણવામાં આવે છે. મહાત્મા ગાંધી, જવાહરલાલ નેહરુ, સુભાષચન્દ્ર બોઝ, અરવિંદ ઘોષ, રાધાકૃષ્ણન જેવા અન્ય રાષ્ટ્રીય નેતાઓ તથા વિચારકો પર તેમના તત્વજ્ઞાનનો પ્રભાવ પડ્યો હતો. ૧૯મી સદીના ગુઢવાદી સંત રામકૃષ્ણના પરમ શિષ્ય સ્વામી વિવેકાનંદ રામકૃષ્ણ મિશનના સ્થાપક બન્યા. તેઓને યુરોપ અને અમેરિકામાં વેદાંત અને યોગના જન્મદાતા ગણવામાં આવે છે અને તેમને પરસ્પરની આસ્થા ઉભી કરવાનો તથા ૧૯મી સદીનાં અંતે હિન્દુ ધર્મને વિશ્વકક્ષાએ માન્યતા અપાવવાનો શ્રેય આપવામાં આવે છે. આધુનિક ભારતમાં હિન્દુ ધર્મના પુનરોદ્ધારમાં વિવેકાનંદને મુખ્ય પરિબળ સમા ગણવામાં આવે છે. તેઓ "અમેરિકાના ભાઈઓ તથા બહેનો" સંબોધન સાથેના તેમના પ્રવચનથી દુનિયાભરમાં ખૂબ જાણીતા બન્યાં. તે ભાષણ દ્વારા તેમણે શિકાગો ખાતે વિશ્વ ધર્મ પરિષદમાં સન ૧૮૯૩માં હિન્દુ ધર્મનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.

સ્વામી વિવેકાનંદ આપણાં સૌ માટે તેમની દાર્શનિક રચનાઓનું શરીર છોડીને ગયા છે. યોગ (રાજ યોગ, કર્મ યોગ, ભક્તિ યોગ, જ્ઞાન યોગ) પરના તેમનાં પુસ્તકો (સમગ્ર વિશ્વમાં આપેલા વક્તવ્યોમાં સંકલિત કરાયેલ) અત્યંત અસરકારક છે અને યોગની હિંદુ પદ્ધતિઓમાં રસ ધરાવનાર માટે આજે પણ પાયારૂપ ગણાય છે.

# કાગળ જેટલા પાતળા સોલાર સેલમાંથી હવે કાપડ પણ વીજળી પેદા કરી શકશે..!

## આ ટેક્નોલોજીની મદદથી પ્રવાસમા તંબુને પણ સોલાર પાવર સ્ત્રોતમાં બદલી શકાય છે...

ગુજરાત | વંદન

ટેક્નોલોજી એટલી બધી પ્રગતિ કરી રહી છે કે આપણે દરરોજ એક નવી અનોખી અને અદ્ભુત શોધ જોવા મળે છે. તાજેતરની સિદ્ધિ સૌર કોષ (સોલાર સેલ)ના રૂપમાં હાંસલ કરવામાં આવી છે, જ્યાં MITના સંશોધકોએ અત્યંત પાતળા અને હળવા સૌર કોષો બનાવ્યા છે, જેની તુલના કાગળ સાથે કરી શકાય છે. સંશોધકોનું કહેવું છે કે આ સોલાર સેલનો ઉપયોગ કરીને કોઈપણ સપાટીને પાવર સ્ત્રોતમાં રૂપાંતરિત કરી શકાય છે...!

એમઆઈટી અનુસાર, આ ટકાઉ અને લવચીક સૌર કોષો, માનવ વાળ કરતાં ઘણા પાતળા, મજબૂત અને હળવા વજનના ફેબ્રિક સાથે ચોંટેલા હોય છે. આ તેમને નિશ્ચિત સપાટી પર સ્થાપિત કરવાનું સરળ બનાવે છે. આ પહેરવાલાયક વસ્તુઓના રૂપમાં હાલતા-ચાલતાં પ્રવાસમાં ઉર્જા પ્રદાન કરી શકે છે અથવા કટોકટીમાં મદદ કરવા માટે દૂરના સ્થળોએ પરિવહન કરી શકાય છે. આ પરંપરાગત સોલાર પેનલના વજનના સોમાં ભાગના છે, પ્રતિ કિલોગ્રામ 18 ગણી વધુ શક્તિ ઉત્પન્ન કરે છે અને પ્રિન્ટિંગ પ્રક્રિયાનો ઉપયોગ કરીને સેમિકન્ડક્ટિંગ શાહીમાંથી બનાવવામાં આવે છે જે ભવિષ્યમાં મોટા વિસ્તારના ઉત્પાદન સુધી માપી શકાય છે.

આ ટેક્નોલોજીની મદદથી પ્રવાસમાં ઉપયોગમાં લેવાતા તંબુ(ટેન્ટ)ને પણ સોલાર પાવર સ્ત્રોતમાં બદલી શકાય છે. એમઆઈટી દ્વારા વિકસિત સોલાર સેલ માનવ વાળ કરતાં પણ પાતળા છે. સંશોધન પત્રના મુખ્ય લેખક, વ્લાદિમીર બુલોવિક કહે છે, 'આપણા હળવા વજનના ફોટોવોલ્ટેઇક (PV) કોષોનું વર્તમાન સંસ્કરણ સિલિકોન PVs જેટલું કાર્યક્ષમ નથી, પરંતુ તેનું વજન ઘણું ઓછું છે અને આ પાવર કોષોનો પરંપરાગત કોષોની તુલનામાં ઉપયોગ કરી શકાય છે. PV ને બદલવા માટે સિલિકોન ત્યાં હશે નહીં, બલ્કે જ્યાં સિલિકોન PV કામ કરતું નથી ત્યાં કામ કરશે.

ખૂબ જ પાતળા હોવાને કારણે, તેઓ સરળતાથી નુકસાન અથવા તૂટી શકે છે. આ સમસ્યાને દૂર કરવા માટે સંશોધકોએ ડાયનેમા નામના ખાસ ફેબ્રિકનો ઉપયોગ કર્યો છે. આ સામગ્રી પર હજુ પણ કામ ચાલુ છે. એકવાર તે સંપૂર્ણ રીતે વિકસિત થઈ જાય, તે ઘણી રીતે ઉપયોગમાં લઈ શકાય છે.






# એમેઝોનને પણ નડી મોંઘવારી, હજારો કર્મચારીઓની કરશે છટણી

ગુજરાત | વંદન

કોરોનાકાળના ભયાનક મંઝરથી બહાર આવીને લોકો ફરી રોજગાર-ધંધા પર લાગ્યા છે. ગાડી પાટા પર ધીરે ધીરે આવી રહી હતી એવામાં ફરી જાણી મંદીનો માહોલ જામ્યો છે. છેલ્લાં કેટલાંક સમયમાં એક બાદ એક દુનિયાની દિગ્ગજ કંપનીઓ પોતાના કર્મચારીઓની છટણી કરી રહી છે. આ ટ્વીટર જેવી દિગ્ગજ કંપની બાદ આ લીસ્ટમાં હવે એમેઝોનનું નામ ઉમેરાયું છે. એમેઝોન 18 હજાર કર્મચારીઓની છટણી કરશે, કંપનીએ 'અનિશ્ચિત અર્થતંત્ર'ને આ પાછળનું કારણ ગણાવ્યું

અમેઝોને જાહેર કર્યું છે કે, તે 18 હજારથી વધુ એમ્પ્લોઝને લે-ઓફ કરશે એટલે કે નોકરીમાંથી કાઢશે. કંપનીએ 'અનિશ્ચિત અર્થતંત્ર'ને આ પાછળનું કારણ ગણાવ્યું છે. નોંધનીય છે કે, ઓનલાઈન રિટેલ જાયન્ટે રોગચાળા દરમિયાન "ઝડપથી ભરતી" કરી હતી. સીઈઓ એન્ડી જેસીએ તેમના સ્ટાફને આપેલા નિવેદનમાં કહ્યું કે, કંપનીએ નવેમ્બરમાં 10,000 છટણીની જાહેરાત કરી હતી. જેસીએ જણાવ્યું હતું કે, કંપનીનું નેતૃત્વ "ખરેખર જાગૃત છે અને જાણે છે કે આવું પગલું લોકોને મુશ્કેલીમાં નાખે છે. અમે આ નિર્ણયોને હળવાશથી લેતા નથી."

તેમણે કહ્યું કે, "અમે અસરગ્રસ્તોને ટેકો આપવા માટે કામ કરી રહ્યા છીએ અને પેકેજો પ્રદાન કરી રહ્યા છીએ જેમાં વિભાજન ચુકવણી, સંક્રમિત સ્વાસ્થ્ય વીમા લાભો અને એક્સ્ટર્નલ જોબ પ્લેસમેન્ટ સપોર્ટનો સમાવેશ થાય છે." ઉલ્લેખનીય છે કે, 2020થી 2022ની વચ્ચે શરૂઆતમાં ડિમાન્ડને પહોંચી વળવા કંપનીએ પોતાનો ગ્લોબલ સ્ટાફ ડબલ કરી નાખ્યો હતો. એમઝોનમાં સપ્ટેમ્બરના અંતમાં વિશ્વભરમાં 1.54 મિલિયન કર્મચારીઓ હતા, જેમાં ખાસ કરીને તહેવારોની સીઝન દરમિયાન વધેલી પ્રવૃત્તિના સમયગાળા દરમિયાન ભરતી કરાયેલા એમ્પ્લોઝનો સમાવેશ થતો નથી.

## બજારોનાં અંતરંગ

### લાખો BSNL ગ્રાહકો માટે ગુડ ન્યૂઝ, ટૂંક સમયમાં શરૂ થશે 5G સેવા




દેશની સૌથી મોટી જાહેર ક્ષેત્રની કંપની ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL) 2024માં 5G સેવા શરૂ કરશે. કેન્દ્રીય માહિતી અને ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે ગુરુવારે આ માહિતી આપી છે. તેમણે કહ્યું કે BSNL એ 4G નેટવર્કને રોલ આઉટ કરવા માટે TCS અને C-DOTની આગેવાની હેઠળના કન્સોર્ટિયમને શોર્ટલિસ્ટ કર્યું છે, જે કરાર હેઠળ ઓર્ડર આપ્યાની તારીખથી લગભગ એક વર્ષમાં 5G પર અપગ્રેડ કરવામાં આવશે.

### NCLTએ RCap માટેની હિંદુજાની ઓફરને હાલમાં બાજુ પર રાખી

રિલાયન્સ કેપિટલ માટે સૌથી ઊંચી બોલી લગાવનાર ટોરેન્ટ જૂથને રાહત આપતાં નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (એનસીએલટી)એ કંપનીના લેન્ડર્સને હિંદુજા જૂથની ઓક્શન પછી કરવામાં આવેલી સુધારેલી ઓફરને નવી સુનાવણી સુધી બાજુમાં રાખવા માટે જણાવ્યું છે. એડીએજી જૂથની નાદાર કંપની માટે રૂ. 8640 કરોડનું સૌથી ઊંચું બીડિંગ કરનાર ટોરેન્ટે લેન્ડર્સને હિંદુજા તરફથી ઓક્શન પૂરી થઈ ગયા બાદ કરવામાં આવેલી રૂ. 9000 કરોડની ઓફરને ગણનામાં નહિ લેવા માટે જણાવ્યું હતું. કંપનીએ આ પ્રકારની વિલંબિત ઓફર્સને સ્વીકારવાથી સમગ્ર ચેલેન્જ પ્રોસેસ નિરર્થક બની રહે છે.

### ખોરાક અને ખાતરની સબસિડી ઘટાડવા સરકારની તૈયારી



કોરોના મહામારીના કારણે વધતી જતી રાજકોષીય ખાધને પહોંચી વળવા સરકાર ખાદ્ય અને ખાતર ઉત્પાદનો પરની સબસિડી ઘટાડવાની તૈયારી કરી રહી છે. આ મામલા સાથે જોડાયેલા બે સરકારી અધિકારીઓએ જણાવ્યું કે એપ્રિલથી શરૂ થઈ રહેલા નવા નાણાકીય વર્ષમાં સરકાર ખાતર અને ખાદ્ય ઉત્પાદનોની સબસિડીમાં મોટો ઘટાડો કરી શકે છે. વર્તમાન નાણાકીય વર્ષમાં સરકાર આ વસ્તુ પર લગભગ 3.7 લાખ કરોડ રૂપિયા ખર્ચી રહી છે. અધિકારીઓનું કહેવું છે કે નાણાકીય વર્ષ 2023-24 માટે ખોરાક અને ખાતર પરની સબસિડીમાં લગભગ 26 ટકાનો ઘટાડો થઈ શકે છે. તેનો હેતુ વધતી જતી રાજકોષીય ખાધને નિયંત્રિત કરવાનો છે.

### રવી વાવેતર વિસ્તાર 4 ટકાની વૃદ્ધિ સાથે 6.45 કરોડ હેક્ટરે પહોંચ્યો



દેશમાં 645 લાખ હેકટરમાં શિયાળુ પાકોનું વાવેતર થઈ ચૂક્યું છે. જે ગઈ સિઝનમાં સમાનગાળામાં જોવા મળતાં 617.43 લાખ હેકટરની સરખામણીમાં 4.5 ટકા વૃદ્ધિ દર્શાવે છે. તમામ મુખ્ય શિયાળુ પાકોના વાવેતરમાં ચાલુ વર્ષે વૃદ્ધિ જોવા મળી રહી છે. સાનૂકૂળ આબોહવા તથા પાણીની સગવડને કારણે આમ બન્યું છે. દેશમાં સૌથી વધુ વાવેતર ધરાવતાં શિયાળુ પાક ઘઉંનું વાવેતર 3.6 ટકા વૃદ્ધિ સાથે 325.10 લાખ હેકટરમાં નોંધાઈ ચૂક્યું છે. જે ગઈ સિઝનમાં 313.81 લાખ હેકટર પર જોવા મળતું હતું. મોટાભાગના ઘઉં ઉત્પાદક રાજ્યોમાં વાવેતરમાં વૃદ્ધિ નોંધાઈ છે. જેમકે ઘઉંનું સૌથી ઊંચું વાવેતર ધરાવતાં રાજ્ય ઉત્તર પ્રદેશમાં વાવેતર 3.59 લાખ હેકટર વૃદ્ધિ દર્શાવે છે. આ સિવાય રાજસ્થાનમાં વાવેતર વિસ્તાર 2.52 લાખ હેકટર ઊંચો જોવા મળે છે. મહારાષ્ટ્ર(1.89 લાખ હેકટર), ગુજરાત(1.10 લાખ હેકટર), બિહાર(0.87 લાખ હેકટર), મધ્યપ્રદેશ(0.85 લાખ હેકટર), છત્તીસગઢ (0.66 લાખ હેકટર) અને પશ્ચિમ બંગાળ(021 લાખ હેકટર)ની વાવેતર વૃદ્ધિ સૂચવે છે.

### અદાણી ગ્રુપ કંપનીઓ માટે 5-જી સેવા આપશે : એપ પણ લોન્ચ કરશે

અદાણી ગ્રુપ હવે 5-જી સેવા આપવા આગળ આવી રહ્યા છે પરંતુ તેઓ હાલ ઈન્ડસ્ટ્રીયલ 5-જી સેવા આપશે. ખાસ કરીને આર્ટિફીશ્યલ ઈન્ટેલીજન્સ અને મશીન લર્નિંગ તેમજ ઈન્ડસ્ટ્રીયલ કલાઉડ કેપીબીલીટીમાં પોતાનો બિઝનેસ આગળ વધારી રહ્યા છે. ઉપરાંત તેઓ એક સુપર એપ. પણ લોન્ચ કરશે જે 5-જી સેવા આધારિત હશે. ગૌતમ અદાણીએ નવા વર્ષે કર્મચારીઓને સંબોધન કરતા જણાવ્યું કે, રાષ્ટ્ર નિર્માણમાં અદાણી ગ્રુપએ મજબૂત રીતે યોગદાન આપવા આગળ વધી રહ્યું છે. યુએઈ, કઝાકીસ્તાન, મોરક્કો, ઓમાન, વિયેતનામ, ઈજીપ્ત અને સાઉદી અરેબીયામાં આપણે બિઝનેસ માટે આગળ વધી રહ્યા છીએ. ઉપરાંત 2023નું વર્ષ બિઝનેસ ટુ બિઝનેસ એપ. અને 5-જી સેવા માટે મહત્વનું બની રહેશે.

## એક વર્ષમાં કંપનીના શેરે તેના રોકાણકારોની મૂડીમાં પાંચ ગણો વધારો કર્યો

# જ્યોતિ રેઝિન્સ એન્ડ એડહેસિવ્સે તેના રોકાણકારોને મલ્ટિબેગર રિટર્ન આપ્યું

ગુજરાત | વંદન

સ્પેશિયાલિટી કેમિકલ સેક્ટરની કંપની જ્યોતિ રેઝિન્સ એન્ડ એડહેસિવ્સે તેના રોકાણકારોને મલ્ટિબેગર રિટર્ન આપ્યું છે. એક વર્ષમાં આ કંપનીના શેરે તેના રોકાણકારોની મૂડીમાં પાંચ ગણો વધારો કર્યો છે. મંગળવારે ટ્રેડિંગના અંતે શેર બીએસઈ પર રૂ. 1249 પર બંધ થયો હતો. જોકે છેલ્લા પાંચ દિવસમાં તેના શેરમાં 1.42 ટકાનો ઘટાડો થયો છે. તો છેલ્લા એક મહિનામાં જ્યોતિ રેઝિન અને એડહેસિવ્સના સ્ટોકમાં 5.99 ટકાનો ઘટાડો થયો છે.

મહત્વનું છે કે, જ્યોતિ રેઝિન્સનો શેર 30 માર્ચ, 2015ના રોજ રૂ.3.40 પર હતો. ત્યારથી અત્યાર સુધીમાં આ સ્ટોક લગભગ 365 ગણો વધ્યો છે. જ્યોતિ રેઝિન્સનો શેર હવે રૂ. 1250ને પાર કરી ગયો છે. જો કોઈ વ્યક્તિએ માર્ચ 2015માં આ સ્ટોકમાં આશરે રૂ.




28,000નું રોકાણ કર્યું હોય અને તેને અત્યાર સુધી પકડી રાખ્યું હોય તો તેના રોકાણની રકમ રૂ. એક કરોડમાં ફેરવાઈ ગઈ હોત. આ સ્ટૉકની ખાસ વાત એ છે કે, તેણે લાંબા ગાળામાં નહીં, પરંતુ ટૂંકા ગાળામાં જબરદસ્ત વળતર આપ્યું છે.

નોંધનીય છે કે, ગયા વર્ષે 3 જાન્યુઆરીએ તેનો શેર રૂ. 373.12 પર હતો. છેલ્લા એક વર્ષમાં જ્યોતિ રેઝિન્સનો સ્ટોક 235.55 ટકા વધ્યો છે. આ સ્ટૉકનું 52 સપ્તાહનું નીચલું સ્તર રૂ.323.00 છે. તો 52 સપ્તાહનો સૌથી વધુ 1,818.45 રૂપિયા છે, જે તેણે 15 સપ્ટેમ્બર 2022ના રોજ હાંસલ કર્યો હતો.

### કંપની આ વસ્તુનું કરે છે ઉત્પાદન

જ્યોતિ રેઝિન અને એડહેસિવ્સ સિન્થેટિક રેઝિન એડહેસિવ્સનું ઉત્પાદન કરે છે. તે યુરો 7000 બ્રાન્ડ નામ હેઠળ વિવિધ પ્રકારના લાકડાના એડહેસિવ્સ બનાવે છે. કંપનીએ આ બ્રાન્ડને વર્ષ 2006માં લોન્ચ કરી હતી. અહેવાલો મુજબ તે હવે બજારમાં બીજી સૌથી મોટી વેચાતી એડહેસિવ બ્રાન્ડ છે. કંપનીના નાણાકીય પ્રદર્શનના આંકડાઓ પર નજર કરીએ તો સપ્ટેમ્બર ક્વાર્ટરમાં આવકમાં વધારો થયો હતો. પરંતુ નફામાં ઘટાડો જોવા મળ્યો હતો. જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં કંપનીનો નફો રૂ. 9.07 કરોડથી ઘટીને રૂ. 8.82 કરોડ થયો હતો, જ્યારે આવક રૂ. 63.9 કરોડથી વધીને રૂ. 65.65 કરોડ થઈ હતી.

# 100 વર્ષનો વારસો ધરાવતી Sosyoમાં Reliance 50% હિસ્સો હસ્તગત કરશે

ગુજરાત | વંદન




રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડ ("RCPL") જાહેરાત કરી છે કે, તે ગુજરાતમાં મુખ્યમથક ધરાવતી સોસીયો હજૂરી બેવરેજીસ પ્રાઈવેટ લિમિટેડ (SHBPL)માં 50% ઈક્વિટી હિસ્સો હસ્તગત કરશે. આ કંપની ફ્લેગશિપ બ્રાન્ડ 'Sosyo' હેઠળ બેવરેજ બિઝનેસની માલિકી ધરાવે છે અને તેનું સંચાલન કરે છે. હાલના પ્રમોટરો, હજૂરી પરિવારની SHBPLમાં બાકીના હિસ્સાની માલિકી ચાલુ રહેશે.

અબ્બાસ હજૂરી અને તેમના પુત્ર અલીઅસગર હજૂરી દ્વારા સંચાલિત SHBPLના પોર્ટફોલિયોમાં સોસીયો, કાશ્મીરા, લેમી, જિનલિમ, રનર, ઓપનર, હજૂરી સોડા અને S'eau (સ'ઉ) સહિત અનેક પીણાની બ્રાન્ડ્સ ધરાવે છે, કંપનીએ ફોર્મ્યૂલેશન ડેવલપ કરવાની તેની મજબૂત કુશળતાના આધારે 100થી વધુ ફ્લેવર્સ લોન્ચ કરી છે. સોસીયો બ્રાન્ડ ગુજરાતમાં મજબૂત વફાદાર ગ્રાહક સમૂહનો આધાર ધરાવે છે.

આ મૂડીરોકાણ અંગે બોલતાં રિલાયન્સ રિટેલ વેન્ચર્સ લિમિટેડના એક્ઝેક્યુટિવ ડિરેક્ટર ઈશા અંબાણીએ જણાવ્યું કે, "આ રોકાણ અમને સ્થાનિક હેરિટેજ બ્રાન્ડ્સને સશક્ત બનાવવાના અમારા વિઝનને આગળ વધારવામાં અને તેમને નવી વૃદ્ધિની તકો સાથે આગળ આવવામાં મદદ કરે છે. અમે અમારા કન્ઝ્યુમર બ્રાન્ડ પોર્ટફોલિયોમાં સદી જૂની સોસીયોની સ્વદેશી હેરિટેજ બેવરેજ બ્રાન્ડ્સની સામર્થ્યને આવકારીએ છીએ અને અમને વિશ્વાસ છે કે અમારું જ્ઞાન, ગ્રાહકરૂચિ પ્રત્યેની આંતરદૃષ્ટિ અને છૂટક બજારમાંની વિતરણ ક્ષમતા સોસીયોના વિકાસની ગતિને વેગ આપવામાં મદદ કરશે."

# એલોન મસ્કની કંપની ટેસ્લા પર દક્ષિણ કોરિયાએ 2.2 લાખ ડોલરનો દંડ ફટકાર્યો

ગુજરાત | વંદન

દક્ષિણ કોરિયા દ્વારા એલોન મસ્કની ઈલેક્ટ્રિક કાર કંપની ટેસ્લાને 2.2 લાખ ડોલરનો દંડ ફટકારવામાં આવ્યો છે. દક્ષિણ કોરિયાના એન્ટિટ્રસ્ટ રેગ્યુલેટર કોરિયા ફેર ટ્રેડ



કમિશન (KFTC) એ જણાવ્યું હતું કે ટેસ્લાએ તેના વાહનોની કિંમત વિશે ભ્રામક દાવા કર્યા છે. કંપનીએ ગ્રાહકોથી છુપાવ્યું હતું કે નીચા તાપમાનમાં તેની ઈલેક્ટ્રિક કારની રેન્જ ઓછી થઈ જાય છે. મીડિયા અહેવાલો અનુસાર, ટેસ્લાએ તેની કારની ક્ષમતા અંગે અતિશયોક્તિપૂર્ણ દાવા કર્યા છે. આમાં, પેટ્રોલ-ડીઝલ કારની તુલનામાં એક જ ચાર્જ પર ડ્રાઈવિંગ રેન્જ, ઈંધણની બચત વિશે મોટા દાવા કરવામાં આવ્યા હતા.

## ઉપયોગી માહિતી

# 2023ના ટોપ કોર્સ જેમાં વધારે નોકરીઓ આવવાની શક્યતા રહેલી છે...

ગુજરાત | વંદન

નવું વર્ષ 2023 શરૂ થઈ ગયું છે. તેની સાથે જ આપણે નવી યોજનાઓ પણ બનાવીએ છીએ. જો તમે તમારી કરિયરનું આયોજન કરતા વિદ્યાર્થી હોવ તો - આગળ શું કરવું ? કયા સેક્ટરમાં જવું ? ક્યાં જવું ફાયદાકારક રહેશે ? નોકરી કરતા ઘણા લોકો એવું પણ વિચારે છે કે તેઓ તેમની કરિયર કેવી રીતે સારી બનાવી શકે છે. આ લેખ તમને આ મૂંઝવણમાંથી બહાર નીકળવામાં મદદ કરી શકે છે. આ લેખમાં ટોપ અભ્યાસક્રમોની માહિતી છે, જેમાં વધારે નોકરીઓ આવવાની શક્યતાઓ રહેલી છે.

આ લેખ કેટલાક રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય રિપોર્ટ અને સર્વેક્ષણોના આધારે તૈયાર કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ માર્કેટ એનાલિસિસ અને ટોપની કંપનીઓની ડિમાન્ડ અને સ્ટ્રેટજી આધારે જાહેર કરવામાં આવ્યા હતા.

### વર્ષ 2023ના ટોચના અભ્યાસક્રમો

1 **Courses in Health Care and Pharma** | કોવિડને ધ્યાનમાં રાખીને એવું માનવામાં આવે છે કે, હેલ્થકેર અને ફાર્મા સેક્ટરમાં મોટી સંખ્યામાં ભરતી કરવામાં આવશે. સ્વાભાવિક છે કે હેલ્થકેર પ્રોફેશનલ્સની માંગ વધશે. ઘણી ફાર્મસી કંપનીઓએ પણ નવી ભરતી શરૂ કરી છે. એક મીડિયા રિપોર્ટ અનુસાર ફાર્મા કંપનીઓ સ્થાનિક ફોર્મ્યુલેશન માર્કેટમાં તેમનો હિસ્સો વધારવાનો પ્રયાસ કરી રહી છે અને આ માટે તેઓ મોટી સંખ્યામાં મેડિકલ રિપ્રેઝન્ટેટિવ્સ અથવા ફિલ્ડ મેનેજરની ભરતી કરી રહી છે. આવી સ્થિતિમાં, ઓલ ટાઈમ ફેવરિટ એમબીબીએસ સિવાય, નર્સિંગ કોર્સ, ફાર્મા કોર્સ, રેડિયોલોજી, ફિઝિયોલોજી સહિતના અન્ય મેડિકલ ટેકનિકલ કોર્સ કરવા ફાયદાકારક રહેશે. આ સિવાય મેડિકલ રિસર્ચ સેક્ટરમાં જવાના દૃષ્ટિકોણથી BSC કેમેસ્ટ્રી જેવા કોર્સ પણ સારા રહેશે.

2 **Courses in Banking, IT, Finance** | KPMG રિપોર્ટ અનુસાર આ વર્ષે ઘણી કંપનીઓ મોટી સંખ્યામાં છટણી કરી શકે છે અથવા ભરતી કરવાનું બંધ કરી શકે છે, પરંતુ અહેવાલમાં એવું કહેવામાં આવ્યું છે કે 'કેટલાક ક્ષેત્ર આ યુગમાં પણ નવી આશા અને ઘણી તકો લાવશે. તેમાં IT, બેન્કિંગ, ફાઈનાન્સિયલ સર્વિસિસ અને ઈન્સ્યોરન્સ એટલે કે BFSI સેક્ટરનો સમાવેશ થાય છે. આ સિવાય ઈ-કોમર્સ, ટેલિકોમ, ફાર્મા, ઈન્ટરનેટ બિઝનેસમાં 2022ની સરખામણીમાં 20 ટકા વધુ નોકરીઓ આવશે. સ્વાભાવિક છે કે બીકોમ, એમબીએથી લઈને એન્જિનિયરિંગ સુધી અને આ સિવાય આ ક્ષેત્રોને લગતા વિશેષ અભ્યાસક્રમો તમને ઘણો ફાયદો આપી શકે છે.

3 **Courses in AI, Data Science, Cyber Security, Cloud** | ટેક્નિકલ સેક્ટરની વાત કરીએ તો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડેટા સાયન્સ, સાયબર સિક્યુરિટી અને ક્લાઉડ ટેક્નોલોજી આવનારા સમયમાં દુનિયા પર પ્રભુત્વ જમાવવા જઈ રહી છે. હવે આ ક્ષેત્રોમાં સ્કિલ્ડ પ્રોફ્શનલ્સની ડિમાન્ડ વધી ગઈ છે. જો તમે વિજ્ઞાનમાં સારા છો, તો આ અભ્યાસક્રમો તમારા માટે ખજાના સુધી પહોંચવાના માર્ગથી ઓછા નથી.

4 **Courses in Automation, Robotics** | ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક એવું ક્ષેત્ર છે, જેમાં વિશ્વમાં મંદી પ્રથમ આવે છે, પરંતુ વૈશ્વિક સ્તરે મહત્તમ તકો પણ આ ક્ષેત્રમાં છે. જો કે, જો તમે તમારી જાતને ઓટોમેશન નિષ્ણાંત બનાવો છો, તો તમારી નોકરીની સુરક્ષા અને કરિયર ગ્રોથની તકો વધુ હશે. રોબોટિક્સ પણ ઉત્તમ તકો પૂરી પાડશે.

5 **Education Courses** | શિક્ષણનું ક્ષેત્ર એક એવું વિશ્વ છે, જ્યાં ભૂતકાળમાં ઘણી તકો હતી, આજે પણ છે અને ભવિષ્યમાં પણ મળતી રહેશે. સામાન્ય ગ્રેજ્યુએશન થયા પછી તમે B.Ed/M.Ed કરી શકો છો. અથવા તમે શિક્ષણ સંબંધિત અન્ય વિશિષ્ટ અભ્યાસક્રમો કરી શકો છો. સરકારી ભરતીથી લઈને પ્રાઈવેટ અને ઓનલાઈન પ્લેટફોર્મ પર, તમારા માટે પુષ્કળ નોકરીઓ હશે. આ ઉપરાંત, તમે તમારા પોતાના સ્તર પર કોચિંગ અથવા ટ્યુશન ક્લાસમાંથી પણ સારી કમાણી કરી શકો છો.

6 **Environment Courses** | સમગ્ર વિશ્વમાં જળવાયુ પરિવર્તનનો મુદ્દો મોટો છે. તે વ્યવસાયથી લઈને સામાન્ય જીવન સુધી વિવિધ રીતે અસર કરી રહ્યું છે. આવી સ્થિતિમાં પર્યાવરણ ક્ષેત્રે રિસર્ચર, એનાલિસ્ટ, એનવાયર્નમેન્ટલિસ્ટની માંગ તો છે જ. તેનાથી પણ વધુ ગ્રીન જોબ્સ માટે પ્રોફેશનલ્સની માંગ વધી રહી છે. જેમ કે- એગ્રીકલ્ચર ટેક્નિશિયન, ઓર્ગેનિક ફાર્મિંગ મેનેજર, રિન્યુએબલ એનર્જી ટેકનિશિયન, વગેરે. તેથી જ એગ્રિકલ્ચરના એડવાન્સ્ડ કોર્સ, રિન્યુએબલ એનર્જી સંબંધિત અભ્યાસક્રમો તમારા માટે ગોલ્ડ સમાન સાબિત થશે.

# ભારતમાં મોટા શહેરોની તુલનામાં ગામડાં રોજગારી આપવામાં આગળ

ગુજરાત | વંદન

ભારતમાં બેરોજગારી દર ડિસેમ્બર મહિનામાં વધીને 8.30 ટકા પર પહોંચી ગયો છે તે 16 મહિનાના સૌથી ઉંચા સ્તર પર છે. રવિવારે સેન્ટર ફોર મોનીટરીંગ ઈન્ડીયન ઈકોનોમી તરફથી આ આંકડો જાહેર કરવામાં આવ્યો છે. આ પહેલા ગત મહિને રોજગારી દર 8 ટકા રહ્યો હતો.

આંકડા અનુસાર શહેરોમાં બેરોજગારી દર ડિસેમ્બરમાં વધીને 10.09 ટકાએ પહોંચ્યો છે, જે ગત મહિને 8.96 ટકા પર રહ્યો હતો, જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં બેરોજગારીનો દર 7.55 ટકાથી ઘટીને 7.44 ટકા થઈ ગયો છે.

સેન્ટર ફોર મોનીટરીંગ ઈન્ડીયન ઈકોનોમીના માધ્યમથી કહેવામાં આવ્યું છે કે બેરોજગારી દરમાં વધારો એટલો ખરાબ નથી, જેટલો દેખાઈ રહ્યો છે. સંસ્થાન તરફથી વિશેષજ્ઞ મહેશ વ્યાસે જણાવ્યું હતું કે આનું કારણ એ છે કે આ પહેલા શ્રમ ભાગીદારી દરમાં સારો વધારો જોવામાં આવ્યો છે. જે ડિસેમ્બરમાં વધીને 40.48 ટકા થઈ ગઈ છે, જે 12 મહિનામાં સૌથી વધુ છે.તેમણે જણાવ્યું હતું કે સૌથી મહત્વની વાત એ છે કે ડિસેમ્બરમાં રોજગાર દર વધીને 37.1 ટકા થઇ ગયો છે. જે જાન્યુઆરી 2022 બાદથી સૌથી વધુ છે. 2024ની લોકસભા ચૂંટણી પહેલા મોંઘવારીને રોકવી અને લાખો યુવાનો માટે રોજગારીનું સર્જન કરવું વડાપ્રધાન મોદી સરકાર માટે સૌથી મોટો પડકાર છે. ડિસેમ્બરમાં હરિયાણામાં બેરોજગારી દર વધીને 37.4 ટકા થઈ ગયો. ત્યારબાદ રાજસ્થાનમાં બેરોજગારી દર 28.5 ટકા અને દિલ્હીમાં 20.8 ટકા છે. મહિલાઓના બેરોજગારી દરમાં ઘટાડો : સર્વેમાં જાણવા મળ્યું કે મહિલાઓનો બેરોજગારી દર જુલાઈ-સપ્ટેમ્બરના સમયગાળામાં એક વર્ષ પહેલા 11.6 ટકાથી ઘટીને 9.4 ટકા થઈ ગયો છે. એપ્રિલ-જૂનમાં તે 9.5 ટકા રહ્યો હતો. જો કે એ આ તુલના જુલાઈથી સપ્ટેમ્બર 2021માં કરાઈ હતી. એપ્રિલથી જૂન 2022 દરમિયાન બેરોજગારી દર શહેરી વિસ્તારમાં 7.6 ટકા હતો.

# NDTVમાં અદાણીનો હિસ્સો વધીને હિસ્સો 64.71 ટકાએ પહોંચ્યો

- રાધિકા રોય અને પ્રણોય રોયે એનડીટીવીમાં પોતાનો ૫% હિસ્સો રાખ્યો

ગુજરાત | વંદન

AMG મીડિયા નેટવર્ક્સ લિમિટેડ (AMNL) તેની પરોક્ષ પેટાકંપની RRPR મારફત રાધિકા રોય અને પ્રણોય રોય પાસેથી એનડીટીવીમાં ૨૭.૨૬% હિસ્સો હસ્તગત કરવા સાથે હવે AMG મીડિયા નેટવર્ક્સ લિમિટેડ (AMNL) અને તેની પેટાકંપનીઓનો એનડીટીવીમાં કુલ ૬૪.૭૧% અંકુશિત હિસ્સો મેળવી લીધો છે. રાધિકા રોય અને પ્રણોય રોયે એનડીટીવીમાં પોતાનો ૫% હિસ્સો રાખ્યો છે. એનડીટીવીના નવા રુપરંગમાં તેઓની હાજરી આવકારદાયક છે.

અદાણી ગ્રૂપના સ્થાપક અને ચેરમેન ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે, "વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રતિભા સાથે NDTVમાં વધુ જોમ-જૂસ્સો પૂરીને તેને એક સમૃદ્ધ બહુવિધ મંચ સાથે વૈશ્વિક સમાચાર સંસ્થામાં પરિવર્તિત કરવાનો અદાણી ગ્રૂપને વિશેષાધિકાર મળ્યો છે."

AMG મીડિયા નેટવર્ક્સ લિમિટેડના સીઈઓ સંજય પુગલિયાએ જણાવ્યું હતું કે, "આ તકે હું રાધિકા રોય અને પ્રણય રોયના આ મૈત્રીપૂર્ણ અને સહજ પરિવર્તન માટે આભાર માનુ છું. એનડીટીવીને બહુલક્ષીય મલ્ટિ-મીડિઆ ડિજિટલ પ્લેટફોર્મ બનાવવા માટે. ન્યુઝરુમને શક્તિશાળી કરવા માટે તેમાં રોકાણ કરવા અમારી સૌ પ્રથમ યોજના છે. વધુ પ્રાદેશિક સામગ્રી, નવા રુપરંગ, વૈયક્તિકરણ અને દર્શકો સાથે સંવાદના સેતુ દ્વારા મજબૂત સંશોધન સામગ્રીના સથવારે NDTVની ડિજિટલ પહોંચનો વ્યાપ વધારવા માટે વધુ કર્મઠ સંવાદદાતાઓ, નિર્માતાઓ અને સંપાદકોની જરૂર પડશે.ભારતીય નાગરિકો અને ભારતમાં થતી ગતિવિધીઓમાં રસ રુચિ ધરાવતા લોકોના જીવનમાં ખરેખર મૂલ્ય ઉમેરે એવા સમાચારો પહોંચાડવાનો અમારો પ્રયાસ રહેશે"

નિયંત્રણમાં ફેરફાર બાદ નિવૃત્ત વરિષ્ઠ આઈ.એ.એસ.અધિકારીઓ સુનિલ કુમાર અને અમન કુમાર સિંઘની નિમણૂક સાથે એનડીટીવીના બોર્ડને વધુ મજબૂત બનાવવામાં આવ્યું છે. અગાઉ સંજય પુગલિયા અને સેન્થિલ સિન્નિયા ચેંગલવારાયણની બોર્ડમાં નિમણૂક કરવામાં આવી હતી. આ




તમામ નવા ડાયરેકટર્સ સમાચાર, સાક્ષરતા અને જાહેર નીતિ, સુશાસન, મીડિઆ, બ્રાન્ડિંગ, સંચાર, ટેકનોલોજી અને અર્થતંત્ર સહીતના વિવિધ ક્ષેત્રોમાં બહોળો અનુભવ ધરાવે છે અને તેમની ક્ષમતાઓ, કૌશલ્યો અને સમૃધ્ધ અનુભવ NDTVને નવી ઉંચાઈએ લઈ જવા માટે અત્યંત મૂલ્યવાન હશે. અદાણી ગ્રૂપની બિઝનેસ ફિલસૂફીને અનુરૂપ આ પગલાં તમામ હિતધારકોના મૂલ્ય નિર્માણને નોંધપાત્ર રીતે વેગ આપશે અને બજારમાં વૃદ્ધિને ઝડપી લેવામાં મદદ કરશે.NDTVની ગણના 'ભારત અને એશિયાના સૌથી વિશ્વસનીય અને આધારભૂત સમાચાર પ્રસારણકર્તા' તરીકે થાય છે. NDTV ની ઓનલાઈન મજબૂત હાજરી છે અને તે વિવિધ પ્લેટફોર્મ પર ૩૫ મિલિયનથી વધુ દર્શકો સાથે સોશિયલ મીડિઆ પર સૌથી વધુ અનુસરવામાં આવતા ન્યૂઝ હેન્ડલ્સ પૈકીની એક છે. AMNL સાચા અર્થમાં આંતરરાષ્ટ્રીય સામગ્રી સાથે વધુ સચોટ, ધારદાર અને સુસંગત સમાચાર અહેવાલોના આધારે વૈશ્વિક સમાચાર નેટવર્કનું નિર્માણ કરશે.

AMNLના વધી રહેલા પોર્ટફોલિયોમાં B ક્વીન્ટ પ્રાઈમ અને NDTV પ્રોફિટ વચ્ચેની સામ્યતાની જેમ સિનર્જીનો ઉપયોગ જરૂરી છે. Bક્વીન્ટ Prime એ ભારતનું સંપૂર્ણ ડિજિટલ હાજરી સાથેનું સૌથી નવું અને સૌથી વધુ ભરોસાપાત્ર નાણાકીય સમાચાર પ્લેટફોર્મ છે. જ્યારે NDTV પ્રોફિટ એ સ્થાયી NDTVની એક બિઝનેસ ટીવી ચેનલ છે.

NDTV એક અગ્રણી મીડિઆ હાઉસ છે જેણે ત્રણ દાયકા કરતા વધુ સમયથી વિશ્વસનીય સમાચારો આપવાનો પાયો નાંખ્યો છે. NDTV 24x7, NDTV India અને NDTV પ્રોફિટ નામની ત્રણ રાષ્ટ્રીય સમાચાર ચેનલોનું કંપની સંચાલન કરે છે. ઉપરાંત તે ઑનલાઈન મજબૂત હાજરી પણ ધરાવે છે અને વિવિધ પ્લેટફોર્મ પર ૩૫ મિલિયનથી વધુ દર્શકો સાથે સોશિયલ મીડિયા પર સૌથી વધુ અનુસરવામાં આવતા સમાચાર હેન્ડલ્સ પૈકીનું એક છે.

# શેરોમાં ઘટાડાની હેટ્રિક : ત્રણ દિવસમાં સેન્સેક્સ 1067 પોઈન્ટ તૂટીને 60 હજારની નીચે

ગુજરાત | વંદન

અમેરિકામાં આર્થિક આંકડા રિકવરીના આવતાં ફુગાવાના મામલે ચિંતા સાથે યુ.એસ. ફેડરલ રિઝર્વ અને અન્ય દેશોની સેન્ટ્રલ બેંકો દ્વારા વ્યાજ દરોમાં વધારો ચાલુ રહેવાના અંદાજો સામે બીજી તરફ વૈશ્વિક આર્થિક વૃદ્ધિ મામલે આઈએમએફની તાજેતરમાં ચેતવણી અને ચાઈનામાં કોરોનાના કેસો વધી રહ્યા સામે સરહદો ખોલી નાખવામાં આવતાં વિશ્વના અન્ય ભાગોમાં કોરોના ફેલાવાના ફફડાટે સેન્ટીમેન્ટ સતત ડહોળાયું હતું.

અમેરિકા અને એશીયાના બજારોની નરમાઈ સાથે આજે ભારતીય શેર બજારોમાં પણ સળંગ ત્રીજા દિવસે ઈન્ડેક્સ બેઝડ ફોરેન ફંડોની એક્ઝિટના પરિણામે ઘટાડાની હેટ્રિક લાગી હતી. બેંકિંગ-ફાઈનાન્સ ક્ષેત્રે ધિરાણ વૃદ્ધિ સામે એનપીએનું જોખમ વધવા લાગ્યું હોઈ બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં ધોવાણ વધ્યું હતું.

આ સાથે આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી કંપનીઓ માટે ભારતમાં નેગેટીવ અહેવાલો વચ્ચે વૃદ્ધિને બ્રેક લાગવાની અને આઈટી ઉદ્યોગમાં નવી રોજગારીનું સર્જન ધીમું પડવાના અંદાજોએ આજે ટીસીએસ પાછળ ફંડોએ હેમરીંગ કર્યું હતું.

આ સાથે હેલ્થકેર, મેટલ-માઈનીંગ શેરોમાં વેચવાલીએ સેન્સેક્સ ૬૦૦૦૦ની સપાટી ગુમાવી અંતે ૪૫૨.૯૦ પોઈન્ટ ગબડીને ૫૯૯૦૦.૩૭ અને નિફટી સ્પોટ ૧૩૨.૭૦ પોઈન્ટ તૂટીને ૧૭૮૫૯.૪૫ બંધ રહ્યા હતા. આમ ત્રણ દિવસમાં સેન્સેક્સમાં ૧૦૬૭ પોઈન્ટ અને નિફટીમાં ૨૭૬ પોઈન્ટનો ઘટાડો નોંધાયો છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# ખૂબ જ ખાસ છે મનાલી વિન્ટર કાર્નિવલ, તમે પણ કરો પરિવાર સાથે એન્જોય

હિમાચલના કુલ્લૂ-મનાલીમાં દર વર્ષે 5 દિવસો સુધી ચાલતો વિંટર કાર્નિવલ ફેસ્ટિવલ ઉજવવામાં આવે છે. શું તમે આ વિંટર કાર્નિવલ ફેસ્ટિવલ અંગે જાણો છો. જો તમને ખબર ન હોય તો, ચિંતા કરવાની જરૂર નથી, આજે આ લેખમાં અમે તમને જણાવી રહ્યા છીએ આ ફેસ્ટિવલ અંગે બધુ જ. જો તમે મનાલીમાં ન્યૂયર ઉજવવાનું વિચારી રહ્યા હોવ તો, વિંટર ફાર્નિવલ ફેસ્ટિવલમાં જવાનું ચૂકતા નહીં.

## હિમાચલના મનાલીમાં થાય છે વિન્ટર કાર્નિવલ

આપણા દેશમાં આખા વર્ષ દરમિયાન ઘણા તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. હિમાચલમાં મનાલી વિંટર ફેસ્ટિવલ ખૂબજ ફેમસ છે. જો તમે કોઈ સુંદર જગ્યાએ ન્યૂયર સેલિબ્રેટ કરવા ઈચ્છતા હોવ તો, મનાલી જવું જ જોઈએ. સાથે-સાથે મનાલીમાં તમે જાણીતા વિંટર કાર્નિવલની મુલાકાત લઈ શકો છો. અહીં તમને ખૂબજ મજા આવશે.

## 5 દિવસ સુધી ચાલે છે આ તહેવાર...

વિંટર કાર્નિવલ 2 થી 6 જાન્યુઆરી દરમિયાન ધામધૂમથી ઉજવવામાં આવે છે. પહેલીવાર વર્ષ 1977 માં વિંટર કાર્નિવલ ઉજવવામાં આવ્યો હતો. દર વર્ષે આ ફેસ્ટિવલ ઉજવવામાં આવે છે. આ ફેસ્ટિવલમાં તમને હિમાચલ કક્ચરના ભોજનથી લઈને બીજી ઘણી અવનવી વસ્તુઓ જોવા મળશે. એવામાં જો તમે હિમાચલ કલ્ચર અંગે જાણવા ઈચ્છતા હોવ તો આ વર્ષે પરિવાર સાથે મનાલી વિંટર કાર્નિવલમાં અચૂક જવું જ જોઈએ.

## પૂજા-અર્ચનાથી થાય છે કાર્નિવલની શરૂઆત...


પાંચ દિવસ સુધી ચાલતા આ કાર્નિવલની શરૂઆત દેવી મંદિરમાં પૂજા-અર્ચનાની થાય છે. આ દરમિયાન વરસાદ હોય કે બરફવર્ષા, સ્થાનિક લોકો અને પ્રવાસીઓ પર કોઈ અસર જોવા મળતી નથી. અહીંના લોકો આ ફેસ્ટિવલ માટે બહુ ઉત્સાહિત હોય છે. એવામાં અહીં આવતા પ્રવાસીઓ કાર્નિવલમાં થતી રોમાંચક રમતો, લોક ગીતો અને લોક ડાન્સનો ભાગ બની મનાલીની સુંદરતાને ખૂબજ નજીકથી નિહારે છે.



# વારંવાર ફોન જોવાની આદત હોય તો સુધારી દો

આજની આ ફાસ્ટ લાઈફમાં દિવસેને દિવસે મોબાઈલ ફોનનો ઉપયોગ વધતો જાય છે. અનેક લોકોને સ્માર્ટફોન વગર ચાલતુ હોતુ નથી. આ માટે કહેવાય છે કે એક ટાઈમ જમવાનું ના મળે તો ચાલે પણ ફોન તો સાથે જ હોવો જોઈએ. એમ લાગી રહ્યુ છે કે સ્માર્ટફોન વગર લોકોની જીંદગી અધૂરી બની ગઈ છે. પરંતુ તમને એક વાત એ જણાવી દઈએ કે તમને પણ વારંવાર ફોન જોવાની આદત છે તો તમારે આ આદતને સુધારવી જોઈએ. આ આદતથી તમને અનેક ઘણું નુકસાન થઈ શકે છે. આ આદત તમારા સ્વાસ્થ્ય માટે ખરાબ સાબિત થાય છે.

આમ, જો તમને જણાવી દઈએ કે તમે મન મક્કમ કરીને કોઈ પણ આદત છોડો છો તો એ છૂટી જ જાય છે. તમને જાણીને નવાઈ લાગશે કે એક અહેવાલ મુજબ સરેરાશ વ્યક્તિ દિવસમાં 85 વાર એમનો ફોન ચેક કરતા હોય છે, એટલે કે દર 15 મિનિટમાં એક વાર. બીજા શબ્દોમાં કહીએ તો દર 15 મિનિટમાં તમારું ધ્યાન તમે જે કરી રહ્યા છો એમાં ભટકવાની સંભાવના વધારે રહે છે.



ફોનના વધારે પડતાં ઉપયોગથી એના રેડિએશનથી કેન્સર થવાનું જોખમ

આ સમસ્યા એ છે કે તમે તમારા ફોનમાં જેમ સમય વધારે પસાર કરો છો એમ તમારા મગજ પર પણ એની ખરાબ અસર પડે છે. પરંતુ તમને એક વાત એ જણાવી દઈએ કે તમને વારંવાર ફોન જોવાની આદત છે તો તમારે એલર્ટ થઈ જવાની જરૂર છે. તો જાણો આ વિશે થતા ગંભીર નુકસાન વિશે.

## આ છે ગંભીર અસરો...

- » ફોનના વધારે પડતા ઉપયોગથી એના રેડિએશનથી કેન્સર થવાનું જોખમ રહેલું છે.
- » ઈલેક્ટ્રોમેગ્નેટિક વિકિરણથી હાડકાંઓ પર અસર થાય છે. આ સાથે જ આમાં રહેલા મિનરલ લિક્વિડ સમાપ્ત થઈ શકે છે.
- » તમને ફોન શરીર પર મુકીને ઊંઘવાની આદત છે તો આ તમારે બદલવી જોઈએ. આના રેડિએશનથી મસ્તિષ્ક પર ખોટો પ્રભાવ પડી શકે છે.
- » ફોનમાંથી નિકળતા ઈલેક્ટ્રોમેગ્નેટિક વિકિરણથી ડીએનએ સુધી પ્રભાવિત થઈ શકે છે.
- » ફોનનો વધારે ઉપયોગ કરવાથી માનસિક રોગીના દર્દી બની શકો છો.
- » વધારે ફોનનો ઉપયોગ કરો છો તો કોશિકાઓ પર પ્રભાવ પડે છે. આ સાથે જ બ્રેનમાં ઓક્સીજન સરખી રીતે પહોંચતુ નથી.

# શિયાળામાં ભરપૂર મળતી કોબીનું પીઓ જ્યૂસ, થશે બહુ ફાયદા

શિયાળામાં કોબી લીલીછમ અને સ્વાદિષ્ટ આવતી હોવાથી તેનું સેવન ભરપૂર પ્રમાણમાં કરવામાં આવે છે. તેમાં રહેલ પોષકતત્વો શારીર માટે ખૂબજ ફાયદાકારક ગણાય છે. કોબીનું શાક તો આપણા સૈના ઘરમાં કરવામાં આવે જ છે, સાથે-સાથે તેનો સલાડ પણ બનાવવામાં આવે છે અને તેનો ઉપયોગ ચાઈનિઝ વાનગીઓ અને સૂપ બનાવવા માટે પણ કરવામાં આવે છે. પરંતુ શું તમે કોબીનો જ્યૂસ પીધો છે ક્યારેય. તેનાથી શરીરને ઘણા ફાયદા મળે છે. કોબીમાં વિટામિન, ઝિંક, ફોસ્ફરસ, કૉપર, પોટેશિયમ, કાર્બોહાઈડ્રેટ, ફાઈબર, ફાઈટોન્યૂટ્રીએન્ટ્સ વગેરે ભરપૂર હોય છે. ચાલો જાણીએ કોબીનો જ્યૂસ બનાવવાની રીત અને તેના ફાયદા.

## કોબીનો જ્યૂસ પીવાથી મળતા ફાયદા

કોબીનો જ્યૂસ શરીર માટે ખૂબજ ફાયદાકારક ગણાય છે. તેમાં રહેલ વિટામિન અને અન્ય પોષકતત્વો શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારે છે. આ સિવાય કોબીમાં ભરપૂર માત્રામાં એન્ટી-ઑક્સિડેન્ટ હોય છે, જે શરીરને નુકસાનકારક ફ્રી રેડિકલ્સથી બચાવવામાં મદદ કરે છે. નિયમિત કોબીનો જ્યૂસ પીવાથી શરીરને અનેક ફાયદા મળે છે.



## ફ્રી રેડિકલ્સથી બચાવે છે કોબીનો જ્યૂસ

કોબીના જ્યૂસમાં રહેલ વિટામિન સી અને એન્ટી-ઑક્સિડેન્ટ ગુણો શરીરને નુકસાનકારક ફ્રી રેડિકલ્સથી બચાવવાનું કામ કરે છે. રોજ સવારના સમયે તેનો જ્યૂસ પીવો ખૂબજ ફાયદાકારક ગણાય છે.

## ઈન્ફ્લેમેશનની સમસ્યામાં ફાયદાકારક છે...

કોબીમાં એન્ટી-ઈંફ્લેમેટરી ગુણો હોય છે, તેમાં સલ્ફર કંપાઉન્ડ પણ હોય છે, જે શરીરમાં થતા ઈંફ્લેમેશનને ઘટાડવામાં ફાયદાકારક ગણાય છે. રોજ સવારે કોબીનો જ્યૂસ પીવાથી શરીરમાં આવતા સોજાને ઘટાડવામાં ફાયદો મળે છે.

## એન્ટી કેન્સર ગુણો હોય છે કોબીના જ્યૂસમાં

કોબીમાં એન્ટી કેન્સર ગુણો હોય છે. તેમાં રહેલ સલ્ફોરાફેન શરીરમાં કેન્સર કોશિકાઓને વિકસિત થતી અટકાવે છે. તેનું નિયમિત સેવન કરવાથી કેન્સરનો ખતરો ઓછો થાય છે.

## શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારે છે કોબીનો જ્યૂસ

શરીરની રોગ પ્રતિકારક શક્તિ નબળી હોય તો તમે બહુ જલદી બીમાર પડી શકો છો. તેનાથી બચવા માટે રોજ સવારે કોબીનો જ્યૂસ પીવો જોઈએ. કોબીના જ્યૂસમાં રહેલ એન્ટી-ઑક્સિડેન્ટ અને વિટામિન શરીરની રોગપ્રતિકારક ક્ષમતાને બૂસ્ટ કરે છે.

## આંખો માટે પણ ફાયદાકારક છે કોબીનો જ્યૂસ

આંખ માટે પણ કોબીનો જ્યૂસ ખૂબજ ફાયદાકારક ગણાય છે. તેમાં રહેલ પોષકતત્વો આંખની રોશની વધારે છે. નિયમિત તેનું સેવન કરવાથી મોતિયાબિંદની સમસ્યામાં બહુ રાહત મળે છે. સ્વાસ્થ્ય માટે કોબીનું સેવન ખૂબજ ફાયદાકારક ગણાય છે. નિયમિત તેનું સેવન કરવાથી શરીરને અનેક ફાયદા મળે છે. કોઈપણ બીમારીમાં કોબીનું સેવન કરતાં પહેલાં ડૉક્ટરનો સંપર્ક ચોક્કસથી કરવો જોઈએ.

# હાઈ કોલેસ્ટ્રોલની સમસ્યામાં એલોવેરાના ઉપયોગથી મળશે બહુ ફાયદો

આજના સમયમાં અસંતુલિત ખાનપાન અને અનિયમિત દિનચર્યાના કારણે હાઈ કોલેસ્ટ્રોલની સમસ્યા બહુ વધી રહી છે. પહેલાં આ સમસ્યા મોટાભાગે બુજુર્ગોમાં જ જોવા મળતી હતી, પરંતુ આજકાલ તો આ સમસ્યા યુવાનોમાં બહુ મોટા પ્રમાણમાં જોવા મળે છે. હાઈ કોલેસ્ટ્રોલના કારણે હાર્ટ અટેક, સ્ટ્રોક અને કોરોનરી આર્ટરી ડિસીઝ જેવી હ્રદયની સમસ્યાઓ પણ વધવા લાગે છે. વાસ્તવમાં આપણા ભોજનમાં રહેલ અનહેલ્ધી ફેટના સેવનથી તમારા શરીરમાં કોલેસ્ટ્રોલ વધવા લાગે છે. જે લોકોનું ડાયટ અને ભોજન અસંતુલિત હોય અને પૂરતી શારીરિક એક્ટિવિટી ન હોય તેમને હાઈ કોલેસ્ટ્રોલનો ખતરો બહુ વધારે રહે છે. શિયાળામાં હાઈ કોલેસ્ટ્રોલની સમસ્યાનો ખતરો બહુ વધી જાય છે. હાઈ કોલેસ્ટ્રોલને ઘટાડવા માટે એલોવેરાનો ઉપયોગ બહુ ફાયદાકારક ગણાય છે. તેમાં રહેલ ગુણો કોલેસ્ટ્રોલને ઘટાડવાની સાથે-સાથે હાર્ટને હેલ્ધી રાખવામાં પણ મદદ કરે છે.

## હાઈ કોલેસ્ટ્રોલ ઘટાડવા માટે એલોવેરા એટલે કે કુંવારપાઠાના ફાયદા

એલોવેરામાં અનેક ઔષધિય ગુણો હોય છે, જેનો ઉપયોગ અનેક બીમારીઓ મટાડવા માટે કરવામાં આવે છે. એલોવેરાનું સેવન કરવાથી શરીરમાં રહેલ કોલેસ્ટ્રોલનું સ્તર ઘટાડવામાં પણ ફાયદો મળે છે. તેમાં રહેલ ગુણો ટ્રાઈગ્લિસરાઈડના લેવલને ઘટાડવામાં અને લેક્સ્ટિવ ગુણ હેલ્ધી કોલેસ્ટ્રોલને વધારવામાં મદદ કરે છે. નેશાનલ સેન્ટર ફોર બાયોટેક્નોલૉજી ઈન્ફોર્મેશનમાં છપાયેલ એક સ્ટડી અનુસાર એલોવેરાનું સેવન કરવાથી શરીરમાં વધેલ કોલેસ્ટ્રોલને ઓછો કરવામાં પણ મદદ મળે છે અને નસોમાં ફેટી પદાર્થ બનવાનો પણ બંધ થઈ જાય છે.

માત્ર હાઈ કોલેસ્ટ્રોલની સમસ્યામાં જ નહીં પરંતુ શરીરની ઘણી બીમારીઓમાં એલોવેરાનું સેવન ખૂબજ ફાયદાકારક ગણાય છે. તેનો જ્યૂસ પીવાથી શરીરમાં રહેલ ટૉક્સિક



પદાર્થ બહાર નીકળે છે. આ સિવાય એલોવેરાનું સેવન કરવાથી હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીઝ અને હ્રદય સંબંધિત સમસ્યાઓનો ખતરો ઓછો થવાની સાથે-સાથે તેમાં બહુ ફાયદો પણ મળે છે. તેના જ્યૂસમાં રહેલ ગુણો બ્લડ વેસલ્સમાં બ્લોકેજને ઘટાડવામાં મદદ કરે છે.

## એલોવેરાનો ઉપયોગ કેવી રીતે કરવો?

હાઈ કોલેસ્ટ્રોલની સમસ્યામાં એલોવેરાનું સેવન ઘણી રીતે કરી શકાય છે. નિયમિત એલોવેરાનો જ્યૂસ પીવાથી હાઈ કોલેસ્ટ્રોલ ઓછો કરવામાં મદદ મળે છે. આ સિવાય તમે એલોવેરાનું શાક કે સ્મૂધી બનાવીને પણ તેનું સેવન કરી શકો છો. એલોવેરામાં રહેલ ઔષધીય ગુણો તમારી ત્વચા અને વાળને સુંદર બનાવવામાં મદદ કરે છે. હાઈ કોલેસ્ટ્રોલને ઓછો કરવા અને હ્રદય સંબંધિત બીમારીઓના ખતરાને ઓછો કરવા માટે એલોવેરા બહુ ફાયદાકારક ગણાય છે.

# શું તમે જાણો છો 'મકરસંક્રાંતિ' અને 'ઉતરાયણ' કેમ ઉજવવામાં આવે છે ?

ગુજરાતમાં મકરસંક્રાતિનો તહેવાર ખુબ જ ધામધૂમથી ઉજવાય છે. આ દિવસે ગુજરાતમાં પતંગ ચગાવવાનું વધારે મહત્વ છે. આખો દિવસ લોકો ખુબ જ મોજ મસ્તી કરે છે. આ દિવસે ગુજરાતમાં દરેક માણસ પોતાની અગાસી પર હોય છે અને ફક્ત પુરૂષો જ નહિ પરંતુ મહિલાઓ પણ પગંત ચગાવે છે. પછી ભલેને એ નાનું બાળક હોય કે ઘરડો વ્યક્તિ.

ઉતરાયણનો તહેવાર હિન્દી કેલેન્ડર અનુસાર પોષ મહિનાની એ તિથિએ મનાવવામાં આવે છે જ્યારે સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે છે. આ તહેવાર 14 અને 15 તારીખે ઉજવવામાં આવે છે. અલગ અલગ રાજ્યમાં તહેવારોના અલગ અલગ નામ શા માટે રાખવામાં આવ્યા છે તે જાણો. મકરસંક્રાંતિના દિવસે રાજસ્થાન અને ગુજરાતમાં પતંગ ઉડાડવાની પરંપરા છે.

જેના કારણે ગુજરાતમાં પતંગ મહોત્સવના નામે આ તહેવાર ઉલ્લાસ સાથે ઉજવવામાં આવે છે. પતંગ ઉડાવવા સિવાય આ દિવસે ઘરમાં સૂર્યપૂજા કરવા માટે ઘેવર, ફૈની, તલના લાડુ પણ બનાવવામાં આવે છે. આ ખાસ દિવસે અહીના લોકો મહિલાઓને સુહાગના સામાન આપવાનું શુભ ગણે છે.

**તમિલનાડુ |** મકરસંક્રાંતિનો તહેવાર તમિલનાડુમાં પોંગલના નામે ઓળખાય છે. આ દિવસે લોકો ઘરમાં સાફ સફાઈ કર્યા બાદ આંગણામાં લોટ અને ચોખાના લોટથી રંગોળી બનાવે છે. આ પછી માટીના વાસણમાં ખીર બનાવવામાં આવે છે. જેનો ભોગ પહેલાં સૂર્યદેવને ચઢાવવામાં આવે છે. તમિલનાડુમાં આ તહેવાર 4 દિવસ સુધી ઉજવવામાં આવે છે.

**ઉત્તરપ્રદેશ |** મકરસંક્રાંતિનો તહેવાર ઉત્તરપ્રદેશમાં ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. આ દિવસે ઘરમાં અડદની દાળની ખીચડી બનાવવામાં આવે છે. આ સિવાય લોકો આ દિવસે તલના લાડુ, તલના ગજક અને મગફળીના સ્વાદની પણ મજા માણે છે.

**બિહાર- ઝારખંડ |** મકરસંક્રાંતિના તહેવાર પર બિહાર અને ઝારખંડમાં ખીચડીની સાથે દહીં-ચૂડા (ચેવડો) બનાવવાની પરંપરા છે. આ સિવાય અહીંના લોકો રાતના ભોજનમાં તલથી બનેલા વ્યંજન ખાય છે.

**મહારાષ્ટ્ર |** મહારાષ્ટ્રમાં મકર સંક્રાંતિનો તહેવાર 3 દિવસ સુધી ઉજવવામાં આવે છે. આ સમયે મહારાષ્ટ્રની પારંપરિક પૂરણ પોળી ખાવામાં આવે છે. સાથે તલથી બનેલા વ્યંજનોને વહેંચવામાં આવે છે. તેની પાછળ જૂની કડવાશને ભૂલીને પહેલ કરવાની પરંપરા છે

મકરસંક્રાંતિના દિવસે પતંગ ચગાવવાની સાથે સાથે લોકો તલપાપડી, બોર, શેરડી વગેરેની મજા માણે છે. આ દિવસે ગુજરાતની અંદર બીજું કંઈ પણ પ્રખ્યાત છે તે છે ઉંધિયુ. ગુજરાતના દરેક ઘરમાં આ દિવસે ઉંધિયું બને છે અને તેની સાથે જલેબીની પણ મજા લે છે. આખો દિવસ ખુશીથી પસાર કર્યા બાદ રાત્રે પણ લોકો ખુશી ઉજવે છે. રાત્રે આકાશમાં પતંગની સાથે તુક્કલ ચગાવે છે. આમ ગુજરાતમાં ખુબ જ ધામધુમથી મકરસંક્રાતિની ઉજવણી થાય છે.

**પોંગલ |** તમિલનાડુમાં મકરસંક્રાતિને પોંગલના રૂપમાં ઉજવે છે. સૌર પંચાગ અનુસાર આ તહેવાર પહેલી તારીખે



આવે છે. તમિલનાડુની અંદર પોંગલ ખાસ કરીને ખેડુતો માટેનો તહેવાર છે. પોંગલ સામાન્ય રીતે ત્રણ દિવસ સુધી ઉજવાય છે. પહેલા દિવસે કચરાને એકત્રિત કરીને સળગાવવામાં આવે છે બીજા દિવસે લક્ષ્મીની પૂજા થાય છે અને ત્રીજા દિવસે પશુ ધનની પૂજા કરવામાં આવે છે.

પોંગલના દિવસે સ્નાન કર્યા બાદ ખુલ્લા આંગણમાં માટીના નવા વાસણની અંદર ખીર બનાવવામાં આવે છે. જેને પોંગલ કહેવાય છે. ત્યાર બાદ સૂર્ય ભગવાનને નૈવેધ ચડાવ્યા બાદ ખીરને બધા પ્રસાદનાં રૂપમાં ગ્રહણ કરે છે. આ દિવસે પુત્રીનું અને જમાઈનું ઘરે સ્વાગત કરવામાં આવે છે. ત્રીજા દિવસે ખેડુતો પોતાના પશુઓને ખુબ જ સુંદર રીતે શણગારીને તેમનું સરઘસ કાઢે છે.

**લોહડી |** લોહડી શીખ પરિવારો માટે ખુબ જ મહત્વનો તહેવાર છે. લોહડી મકરસંક્રાતિના એક દિવસ પહેલાં ઉજવવામાં આવે છે. દરેક વખતે 13 જાન્યુઆરીએ દરેક પંજાબી પરિવારમાં આ તહેવાર ઉજવવામાં આવે છે અને તે દિવસે આનો વિશેષ ઉત્સાહ હોય છે. વળી આ ઉત્સાહ ત્યારે બમણો થઈ જાય છે જ્યારે આ દિવસે ઘરની અંદર નવી વહું કે નવા જન્મેલા બાળકની પહેલી લોહડી હોય. આ દિવસે બાળકોમાં પણ ખુબ જ ઉત્સાહ રહે છે. મોડી રાત્રે ખુલ્લી જગ્યાએ આગ સળગાવવામાં આવે છે. આખો પરિવાર અગ્નિની ચારે તરફ પ્રદક્ષિણા કરે છે. ત્યાર બાદ બધાને પ્રસાદ વહેચવામાં આવે છે. પ્રસાદની અંદર મુખ્ય રીતે તલ, ગજક, ગોળ, મગફળી અને મકાઈની ધાણી વહેચવામાં આવે છે. આગ લગાવ્યા બાદ તેની આસપાસ ચોખા, સાકરીયા અને રેવડી વેરવામાં આવે છે જેને ત્યાં હાજર રહેલા લોકો ઉઠાવે છે. એવી માન્યતા છે કે જે વ્યક્તિ આગની વચ્ચેથી ધાણી કે મગફળી ઉઠાવે છે તેની ઈચ્છા પૂર્ણ થાય છે.

ત્યાર બાદ નાચ-ગાનનો કાર્યક્રમ શરૂ થાય છે. મોડી રાત્રી સુધી આ કાર્યક્રમ ચાલે છે અને તેમાં ખાસ કરીને મક્કે કી રોટી અને સરસોનું સાગ બનાવવામાં આવે છે. આ રીતે આખો પરિવાર હસતા-ગાતા લોહડીની ઉજવણે કરે છે અને તેમનું આખુ વર્ષ આવી રીતે જ પસાર થાય તેવી પ્રાર્થના કરે છે.મહારાષ્ટ્રમાં આ દિવસે મહિલાઓ પોતાના પતિના દિર્ઘાયુ માટે પ્રાર્થના કરે છે તેમજ ઘરની સુખ શાંતિ માટે મકરસંક્રાંતિથી વસંત પંચમી તેમજ ચૈત્ર માસના આખા મહિના સુધી હલ્દી કંકુનું આયોજન કરે છે.મકરસંક્રાંતિના દિવસે વિવાહીત મહિલાઓ અરસ પરસ એકબીજાને હલ્દી કંકુનો ચાંલ્લો લગાવે છે, તલથી બનાવેલી મીઠાઈ ખવડાવે છે અને મહેમાન મહિલાઓને સુહાગની વસ્તુઓ ભેટ સ્વરૂપે આપે છે. આ દિવસે દાન આપવાનું વિશેષ મહત્વ હોય છે તેથી દાન પણ કરવામાં આવે છે અને બ્રાહ્મણોને ભોજન પણ કરાવવામાં આવે છે.

એવું માનવામા આવે છે આ દિવસે ભગવાન વિષ્ણુ દ્વારા અસુરો તેમજ દેવો વચ્ચે થયેલા સંગ્રામ નો અસુરો ના સંહાર સાથે અંત આવ્યો હતો. આ સાથે ત્યારે ભગવાન દ્વારા તમામ અસુરો ના માથા ને મંદાર પહાડ મા દાટી દેવા મા આવ્યા હતા. આ પ્રમાણે આ દિવસ ને નરશી તેમજ નકારાત્મકતા નો અંત મનાય છે.આ સાથે માતા યશોદાએ કૃષ્ણ ને પુત્ર સ્વરૂપે પામવા માટે ઉપવાસ કર્યુ હતુ, ત્યારે ભગવાન સૂર્યનારાયણ ઉત્તરાયણ મા જઈ રહ્યા હતા તેમજ ત્યાર થી આ દિવસે ને મકરસક્રાંતિ કેહવા મા આવી અને ત્યાર થી આ મકરસક્રાતિ નો ઉપવાસ ચાલુ થયુ હતુ. આ સાથે મહાભારત મા પણ આ દિવસ નો ઉલ્લેખ થયેલ છે કેમ કે આ જ દિવસે પિતામહ ભીષ્મે પોતાના દેહ નો ત્યાગ કરી પોતાની ઈચ્છામૃત્યુ પામી મોક્ષ મેળવ્યો હતો.

પિતામહ આ દિવસ ની રાહ જોતા હતા અને ત્યાં સુધી તેઓ પોતે અર્જુન દ્વારા પથરાયેલ બાણો ની શૈયા પર જ કષ્ટ સહન કરતા ઉતરાયણ ની રાહ જોઈ રહ્યા હતા. એવું માનવામા આવે છે કે દક્ષિણાયન અંધકાર નો સમય છે માટે તે સમયે મૃત્યુ થવા થી માનવ ને મુક્તિ મળી શકતી નથી.આથી ભગવાન સૂર્યનારાયણ નુ ઉત્તરાયણ થવુ શુભ ગણાય છે કેમકે આ પ્રકાશ નો સમય મનાય છે.આ સાથે બીજી એક માન્યતા એવી પણ છે કે આ જ દિવસે ભગવાન સૂર્યનારાયણ પોતાના પુત્ર ભગવાન શની ને મળવા માટે તેના ઘરે જાય છે. આમ તો ભગવાન શનિ ને મકર રાશિ ના સ્વામીગ્રહ માનવામા આવે માટે જ તેને મકરસંક્રાતિ ના નામ થી ઓળખવામા આવે છે.

# ભારતમાં 3થી 26 માર્ચ દરમિયાન રમાઈ શકે છે વિમેન્સ IPL




■ 26 તારીખે યોજાશે ફાઈનલ મેચ

ગુજરાત | વંદન

વિમેન્સ ઈન્ડિયન પ્રીમિયર લીગ 2023 ભારતમાં 3થી 26 માર્ચ દરમિયાન રમાવાની છે. ભારતમાં મહિલા ક્રિકેટને મોટું પ્રોત્સાહન આપતાં ભારતીય ક્રિકેટ બોર્ડે ઓક્ટોબરમાં યોજાયેલી વાર્ષિક સાધારણ સભામાં ટુર્નામેન્ટની યોજના રજૂ કરી હતી. જોકે ટુર્નામેન્ટની તારીખો અને કાર્યક્રમ હજુ નક્કી થયા નથી. એક રિપોર્ટ અનુસાર, બીસીસીઆઈ 2023ના વિમેન્સ ટી-20 વર્લ્ડ કપના સમાપનના એક સપ્તાહ બાદ આ ટુર્નામેન્ટનું આયોજન કરવા માંગે છે, જે સાઉથ આફ્રિકામાં 10 ફેબ્રુઆરીથી શરૂ થવાનું છે.પ્રથમ વિમેન્સ આઈપીએલ ભારતમાં 22 મેચો સાથે પાંચ ટીમોની મેચ બનવાની છે. દરેક ટીમમાં 18 ખેલાડીઓ હશે. જેમાં વધુમાં વધુ છ વિદેશી ખેલાડીઓ હશે અને તેઓ તેમની પ્લેઇંગ ઈલેવનમાં પાંચ વિદેશી ખેલાડીઓના નામ આપી શકે છે.

## 8 જાન્યુઆરીએ ખુલશે મીડિયા રાઇટ્સ માટે બિડ્સ

દરેક ટીમ અન્ય ટીમો સામે બે વખત રમશે. જેના કારણે તે 20 ગ્રુપ સ્ટેજની મેચો રમશે અને ટેબલ ટોપર ફાઈનલ માટે ક્વોલિફાય થશે. બીજા અને ત્રીજા સ્થાને રહેનારી ટીમો એલિમિનેટર ફિક્સરમાં ટકરાશે અને બીજા ક્રમે રમાનારી ફાઈનલીસ્ટમાં સ્થાન મેળવશે. આ પહેલાં શુક્રવારે (9 ડિસેમ્બર) BCCIએ મહિલા IPL 2023-2027 માટે મીડિયા રાઈટ્સ માટે બીડ્સ મંગાવી હતી. બિડ્સ 8 જાન્યુઆરીની આસપાસ ખોલવામાં આવશે અને ટેન્ડર પસંદ કરવાની છેલ્લી તારીખ 31 ડિસેમ્બર નક્કી કરવામાં આવી છે. આ સમગ્ર પ્રક્રિયા ઈ-હરાજીને બદલે બંધ બોલીમાંથી પસાર થશે. BCCIએ કોઈ પણ કેટેગરી માટે કોઈ બેઝ પ્રાઈસ નક્કી કરી નથી. મીડિયા રાઈટ્સ માટે ત્રણ કેટેગરી ટેલિવિઝન, ડિજિટલ અને બંનેનું કોમ્બિનેશન હશે.


## ઓવલ ખાતે યોજાઇ શકે છે ફાઇનલ

આ દરમિયાન BCCI IPL 2023 માટે મીની ઓક્શનનું આયોજન કરશે. પરંતુ હજી સુધી મેન્સ ટૂર્નામેન્ટની તારીખોને ઔપચારિક સ્વરૂપ આપ્યું નથી. એવું જાણવા મળ્યું છે કે, બોર્ડ વિદેશી ખેલાડીઓની ઉપલબ્ધતા અંગેની પુષ્ટિની રાહ જોઈ રહ્યું છે. તેઓ મે મહિનાના અંત પહેલા સિઝનનું સમાપન કરવા પણ વિચારી રહ્યા છે, કારણ કે ભારતને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં રમવાની તક છે, જે 7 જૂને ધ ઓવલ ખાતે યોજાય તેવી સંભાવના છે.

સતત બીજી વખત ભારત ટુર્નામેન્ટની યજમાની કરશે, રણવીર-દિશા સહિત આ સ્ટાર્સ સામેલ થશે

# Hockey: વર્લ્ડ કપની ઓપનિંગ સેરેમનીમાં સ્ટાર્સનો મેળો જામશે

ગુજરાત | વંદન




13 જાન્યુઆરીથી મેન્સ હોકી વર્લ્ડ કપ-2023 શરૂ થશે. ભારતને સતત બીજી વખત આ ટુર્નામેન્ટની યજમાની મળી છે. આ પહેલા પણ આ ટુર્નામેન્ટ માત્ર ભારતમાં જ રમાતી હતી અને તમામ મેચ ઓડિશાના ભુવનેશ્વરમાં યોજાઈ હતી. આ વખતે ભુવનેશ્વરની સાથે સાથે રાઉરકેલામાં પણ મેચ રમાશે. હોકી વર્લ્ડ કપનો ઉદ્ઘાટન સમારોહ 11 જાન્યુઆરીએ કટકના બારાબતી સ્ટેડિયમમાં યોજાશે.

આ ઉદ્ઘાટન સમારોહમાં ઓડિશાની સંસ્કૃતિ જોવા મળશે. આ સાથે ટેક્નોલોજીનું પણ પ્રદર્શન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સંસ્કૃતિ અને ટેક્નોલોજીનો અનોખો સમન્વય જોવા મળશે. આ કાર્યક્રમમાં ઘણા મોટા સ્ટાર્સ પણ ભાગ લેશે.

સતત બીજી વખત હોકી વર્લ્ડ કપના યજમાન તરીકે ભારત અને ઓડિશા એ સુનિશ્ચિત કર્યું છે કે ટૂર્નામેન્ટમાં ભાગ લઈ રહેલા 15 રાષ્ટ્રોના ખેલાડીઓ અત્યાર સુધીની સૌથી અદભૂત ઘટનાનો આનંદ ઉઠાવે તેની ખાતરી કરવા માટે વિશ્વ કપ દરેક પગલાં લે છે. .

આ શોમાં પરંપરાગત ઓડિયા સંગીત અને નૃત્યની સાથે નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. આ શો રાષ્ટ્રીય ટીવી ચેનલ પર પ્રસારિત થશે.

હોકી ઈન્ડિયાના પ્રમુખ પદ્મશ્રી ડૉ. દિલીપ તિર્કીએ જણાવ્યું હતું કે "ઉજવણી ટુર્નામેન્ટનો એક અભિન્ન ભાગ છે, તે આપણા રાજ્ય અને સતત બીજી વખત હોકી વર્લ્ડ કપની યજમાની કરી રહેલા આપણા દેશ બંને માટે ગર્વની નિશાની છે. સ્થાનિક ફિલ્મ ઉદ્યોગ, બોલિવૂડ, પરંપરાગત ગાયકો અને વિદેશના કલાકારો સાથે, આ એક એવો શો હશે જેને તમે ચૂકવા માંગતા નથી."

તેમણે ઉમેર્યું, "ટૂર્નામેન્ટના યજમાનોમાંના એક તરીકે, અમારા તમામ રાષ્ટ્રીય અને વિદેશી મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત કરવું અને તેમને અમારી સાથે હોકીની ભાવના ઉજવવા આમંત્રણ આપવાનું મને ખૂબ જ ગર્વ છે." આ શોમાં ભારતના રણવીર સિંહ અને દિશા પટાની તેમજ બ્લેકસ્વાન, ઓડિશાની શ્રેયા લેન્કા દર્શાવતા પ્રખ્યાત K-pop બેન્ડ દ્વારા જીવંત પ્રદર્શન દર્શાવવામાં આવશે.

સ્ટાર્સમાં પ્રીતમ છે, હોકી વર્લ્ડ કપ 2023 ગીતોના લેખક અને સંગીતકાર, જેઓ બેની દયાલ, નીતિ મોહન, લિસા મિશ્રા, અમિત મિશ્રા, અંતરા મિત્રા, શ્રીરામ ચંદ્ર, નકાશ જેવા અદ્ભુત ગાયકો સાથે પરફોર્મ કરશે અને અમને મંત્રમુગ્ધ કરશે.

## આવેશખાને 12 વિકેટ લઈને મચાવ્યો કહેર



■ મધ્યપ્રદેશની ટીમે મેળવી ચોથી જીત

ગુજરાત | વંદન

ભારતના ઝડપી બોલર આવેશ ખાન હાલમાં રણજી ટ્રોફીમાં ચમકી રહ્યો છે. તેણે પોતાની ટીમ માટે એક મેચમાં 12 વિકેટ લીધી હતી. મધ્યપ્રદેશ હાલમાં રણજી ટ્રોફીમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન છે. ઝડપી બોલર આવેશ ખાને પોતાની ટીમ માટે 12 વિકેટ લીધી હતી.

ગ્રુપ ડીની મેચમાં શુક્રવારે મધ્યપ્રદેશની ટીમે વિદર્ભની ટીમને 205 રનથી હરાવી હતી. ઝડપી બોલર આવેશ ખાને પોતાની ટીમ માટે બીજી પારીમાં 5 વિકેટ લીધી હતી. આવેશ ખાને 12 વિકેટ લઈને પોતાની ટીમની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. મધ્યપ્રદેશની ટીમ રણજી ટ્રોફીની આ સિઝનમાં 4 જીત સાથે ગ્રુપ ડીમાં પ્રથમ સ્થાને છે.

# ઉનડકટે 38 રનમાં 8 વિકેટ ઝડપીને મચાવ્યો ખળભળાટ



■ જયદેવ ઉનડકટ રણજી ટ્રોફીના ઈતિહાસમાં પહેલી જ ઓવરમાં હેટ્રિક ઝડપનારો બન્યો પ્રથમ બોલર

ગુજરાત | વંદન

સૌરાષ્ટ્રના ફાસ્ટ બોલર જયદેવ ઉનડકટે રણજી ટ્રોફીની મેચની પહેલી જ ઓવરમાં હેટ્રિક ઝડપીને ઈતિહાસ રચી દીધો હતો. આ સાથે તે રણજીના ઈતિહાસમાં પહેલી જ ઓવરમાં હેટ્રિક ઝડપનારો સૌપ્રથમ બોલર બન્યો હતો. તેણે રાજકોટમાં શરુ થયેલી મેચમાં દિલ્હી સામે ત્રીજા બોલે ધ્રુવ શોરેયને, ચોથા બોલે વૈભવ રાવલને અને પાંચમા બોલે યશ ધુલને આઉટ કરતાં હેટ્રિક પૂર્ણ કરી હતી. તેણે કારકિર્દીનો શ્રેષ્ઠ દેખાવ કરતાં 39 રનમાં 8 વિકેટ ઝડપી હતી.

દિલ્હીની શરુઆત અત્યંત કંગાળ રહી હતી. ટોચના છમાંથી પાંચ બેટ્સમેન 0માં આઉટ થયા હતા. જોકે ત્યાર બાદના ખેલાડીઓએ લડત આપતા સ્કોરને 133 સુધી પહોંચાડ્યો હતો. સૌરાષ્ટ્રે મક્કમ શરુઆત કરતાં એક વિકેટે 184 રન કર્યા હતા. ઓપનર હરવિક દેસાઈ 104 રને નોટઆઉટ હતો.

# રોહિત-કોહલી હવે T20માં રમતા જોવા નહિ મળે

■ BCCIના અધિકારીએ કહ્યું- ન્યૂઝીલેન્ડ સામેની T20 સિરીઝમાં બન્ને પ્લેયરનાં નામ પર હવે વિચારણા નહિ

ગુજરાત | વંદન

ન્યૂઝીલેન્ડની સામેની T20 સિરીઝમાં ટીમ ઈન્ડિયાના બે મેઈન પિલ્લર એવા રોહિત શર્મા અને વિરાટ કોહલી ટીમમાં નહિ હોય. ત્યારે ટીમના કેપ્ટન તરીકે હાર્દિક પંડ્યા હશે. જોકે ન્યૂઝીલેન્ડ સામેની 3 વન-ડે અને 3 T20 મેચની સિરીઝ માટેની ટીમની જાહેરાત કરવામાં આવી નથી. આ ટીમની જાહેરાત નવી સિલેક્શન કમિટી કરશે. ન્યૂઝીલેન્ડ સામેની સિરીઝમાં પહેલા વન-ડે સિરીઝ શરૂ થશે, જે 18 જાન્યુઆરીએ રમાશે. તેના પછી 3 મેચની T20 સિરીઝ 27 જાન્યુઆરીથી શરૂ થશે.

મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે T20 સિરીઝમાંથી સિનિયર્સ પ્લેયર વિરાટ કોહલી અને રોહિત શર્માને આરામ આપવામાં આવી શકે છે. સ્પોર્ટ્સની એક વેબસાઈટને BCCIના એક અધિકારીએ જણાવ્યું હતું કે ન્યૂઝીલેન્ડ સામેની હોમ સિરીઝમાં 3 મેચની T20 સિરીઝમાં રોહિત અને વિરાટને ટીમમાં લેવા માટે વિચાર કરવામાં નહિ આવે.

## વન-ડે વર્લ્ડ કપ રહેશે પહેલી પ્રાથમિકતા



આ વર્ષે ભારતમાં જ ઓક્ટોબર-નવેમ્બરમાં વન-ડે વર્લ્ડ કપ રમાવવાનો છે. હાલમાં જ BCCIએ રિવ્યૂ મીટિંગમાં વન-ડે વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને ઘણા મહત્ત્વના નિર્ણયો લીધા હતા. વન-ડે વર્લ્ડ કપ માટે 20 ખેલાડીઓને જ અજમાવવાનો પણ નિર્ણય લીધો હતો.

મોહમ્મદ શમી, દિનેશ કાર્તિક, રવિંચંદ્ર અશ્વિન જેવા સિનિયર પ્લેયર્સ પહેલાથી જ T20 પ્લાનમાંથી બહાર થઈ ગયા છે.

જોકે આ 20 ખેલાડીઓ કોણ છે, તેનું લિસ્ટ બહાર પડ્યું નથી. પરંતુ એવું માનવામાં આવી રહ્યું છે કે રોહિત, વિરાટ સહિત શ્રીલંકાની સામે વન-ડે સિરીઝમાં સામેલ ખેલાડીઓ તે લિસ્ટમાં હશે. આ ઉપરાંત કાર એક્સિડન્ટમાં ઈજાગ્રસ્ત થયેલા રિષભ પંત, રવીન્દ્ર જાડેજા અને જસપ્રીત બુમરાહને પણ સામેલ કરવામાં આવશે. રિવ્યૂ મીટિંગમાં સિનિયર પ્લેયર્સને ઈજાથી બચાવવા માટે મહત્ત્વના પગલાં લેવાની પણ વાત કરી હતી.

# જય શાહે 2023-24 માટેનું એશિયન ક્રિકેટિંગ કેલેન્ડર જાહેર કર્યું

■ એશિયા કપ 2023ના સપ્ટેમ્બર માં યોજાશે

ગુજરાત | વંદન

એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC)ના ચેરમેન જય શાહે (Jay Shah) 2023-24 માટે એશિયન ક્રિકેટનું કેલેન્ડર જાહેર કર્યું છે. એશિયા કપ 2023 સપ્ટેમ્બર મહિનામાં યોજાશે. ગઈ વખતે રનરઅપ રહેનાર પાકિસ્તાન આ વખતે યજમાની કરવાનું હતું, જોકે બાદમાં જય શાહે જાહેરાત કરેલી કે પાકિસ્તાનમાં એશિયા કપ રમાશે નહીં. આ માટે વેન્યુની જાહેરાત આગામી સમયમાં થઈ શકે છે.

## ભારત-પાકિસ્તાન એક ગ્રુપમાં



ખાસ વાત એ છે કે, સપ્ટેમ્બરમાં થનાર વનડે એશિયા કપમાં ભારત અને પાકિસ્તાન (India vs Pakistan Asia Cup 2023)ની ટીમ એક જ ગ્રુપમાં છે. આ ગ્રુપમાં ત્રીજી ટીમ ક્વોલિફાયર દ્વારા આવશે. જ્યારે અન્ય ગ્રુપમાં શ્રીલંકા, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાન છે.

### સપ્ટેમ્બર 2024માં વુમન્સ એશિયા કપ

નોંધનીય છે કે, વિમેન્સ એશિયા કપ સપ્ટેમ્બરે 2024માં રમાશે. ઈન્ડિયા, પાકિસ્તાન, શ્રીલંકા અને બાંગ્લાદેશની ટીમ સાથે અન્ય બે ટીમો ક્વોલિફાયર દ્વારા ભાગ લેશે..

### 2023માં ભારતમાં આ ટૂર્નામેન્ટ્સ રમાશે

- મેન્સ ચેલેન્જર કપ: ફેબ્રુઆરી
- મેન્સ અંડર-16 રિજનલ: માર્ચ
- મેન્સ પ્રીમિયર કપ: એપ્રિલ
- વુમન્સ T20 ઈમર્જિંગ કપ: જૂન
- મેન્સ ઈમર્જિંગ એશિયા કપ: જુલાઈ
- મેન્સ વનડે એશિયા કપ: સપ્ટેમ્બર
- મેન્સ અંડર-19 ચેલેન્જર કપ: ઓક્ટોબર
- મેન્સ અંડર-19 પ્રીમિયર કપ: નવેમ્બર
- મેન્સ અંડર-19 એશિયા કપ: ડિસેમ્બર

# અર્શદીપે શ્રીલંકા સામેની બીજી T20માં શરમજનક રેકોર્ડ બનાવ્યો

■ પાંચ નો બોલ ફેંક્યા, બે ઓવરમાં 37 રન આપ્યા

ગુજરાત | વંદન



શ્રીલંકાએ બીજી ટી-20માં ભારતને 16 રને હરાવીને ત્રણ મેચની શ્રેણીમાં પુનરાગમન કર્યું છે. હવે ત્રણ મેચની ટી20 શ્રેણી 1-1થી બરાબર છે. બીજી T20માં શ્રીલંકાએ ભારત સામે 207 રનનો વિશાળ ટાર્ગેટ આપ્યો હતો. શ્રીલંકાના બેટ્સમેનોએ ભારતીય ફાસ્ટ બોલરોને જોરદાર માર માર્યો હતો. છેલ્લી મેચમાં ન રમનાર અર્શદીપ સિંહને આ મેચમાં તક આપવામાં આવી છે. જોકે, તેણે બે ઓવરમાં 18.50ની ઈકોનોમીમાં 37 રન આપ્યા. આ પછી કેપ્ટન હાર્દિક પંડ્યાએ તેને બોલિંગ ન આપી. અર્શદીપે બે ઓવરમાં પાંચ નો બોલ ફેંક્યા.

આ સાથે તેણે એક શરમજનક રેકોર્ડ પણ બનાવ્યો હતો. અર્શદીપ T20 ઈન્ટરનેશનલમાં સૌથી વધુ નો બોલ ધરાવનાર બોલર બની ગયો છે. અર્શદીપે ડેબ્યુ કર્યાને એક વર્ષ પણ નથી થયું અને તેણે આ શરમજનક રેકોર્ડ હાંસલ કર્યો છે. અર્શદીપે અત્યાર સુધીમાં 22 T20 આંતરરાષ્ટ્રીય મેચ રમી છે અને તેમાં 14 નો બોલ ફેંક્યા છે. અગાઉ આ રેકોર્ડ ત્રણ બોલરોના નામે હતો. જેમાં પાકિસ્તાનનો હસન અલી, વેસ્ટ ઈન્ડિઝનો કીમો પોલ અને ઓશાન થોમસનો સમાવેશ થાય છે. ત્રણેયએ 11-11 નો બોલ ફેંક્યા છે.અર્શદીપ શ્રીલંકાના દાવની બીજી ઓવર નાખવા આવ્યો હતો અને તેણે આ ઓવરમાં ત્રણ નો બોલ ફેંક્યા હતા. આ ઓવરમાં 19 રન આવ્યા અને શ્રીલંકાને વેગ મળ્યો. આ પછી અર્શદીપ 19મી ઓવરમાં બોલિંગ કરવા આવ્યો અને આ ઓવરમાં બે નો બોલ ફેંક્યા. 19મી ઓવરમાં 18 રન બનાવ્યા હતા.

# મલિકે 155 કિમીની ઝડપે બોલ નાંખીને ઈતિહાસ રચ્યો

■ ભારત તરફથી આંતર-રાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી ઝડપી બોલ નાંખવાનો રેકોર્ડ

ગુજરાત | વંદન



ભારતીય ફાસ્ટ બોલર ઉમરાન મલિકે શ્રીલંકા સામેની પ્રથમ ટી-20માં 155 કિમી પ્રતિ કલાકની ઝડપે બોલ નાંખીને ઈતિહાસ રચી દીધો હતો. આ સાથે તે આંતરરાષ્ટ્રીયક્રિકેટમાં સૌથી ઝડપી બોલ નાંખનારો ભારતીય બોલર બની ગયો હતો. તેણે આ રેકોર્ડ ઈનિંગની 17મી ઓવરના ચોથા બોલે નોંધાવ્યો હતો. જેના પર તેને શનાકાની વિકેટ પણ મળી હતી.

અગાઉ ભારત તરફથી સૌથી ઝડપી બોલ નાંખવાનો રેકોર્ડ બુમરાહના નામે હતો. તેણે 2018-19ની બોર્ડર ગાવસ્કર ટ્રોફીની એડિલેડ ઓવલ ટેસ્ટમાં 153.36 કિમી પ્રતિ કલાકની ઝડપે બોલ નાંખ્યો હતો. જે અત્યાર સુધી ભારત તરફથી નંખાયેલો સૌથી ઝડપી બોલ હતો.

આ યાદીમાં બુમરાહ પછી મોહમ્મદ શમી સ્થાન ધરાવે છે. જેણે 153.3 કિમી પ્રતિ કલાકની ઝડપે બોલ નાંખ્યો હતો. જ્યારે નવદીપ સૈની 152.85 કિમીની ઝડપે બોલ નાંખીને ચોથા ક્રમે છે

# મારો રેકોર્ડ તોડતા-તોડતા ઉમરાન તેના હાડકાં ના તોડી દે : અખ્તર

ગુજરાત | વંદન

ઉમરાન મલિકે ફરી એક વખત મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં તેની તેજ ગતિથી સૌને ચૌંકાવી દીધા છે. ઉમરાનની ગતિ પર પાકિસ્તાનના પુર્વ ફાસ્ટ બોલર શોએબ અખ્તરે પણ કોમેન્ટ કરી છે. ઉમરાને શ્રીલંકાની સામે પહેલા ટી20 મેચમાં 155 Kmphની તેજ ગતિથી બોલને ફેક્યો હતો. ઉમરાન તેની તુફાની સ્પીડ વાળી બોલ પર શ્રીલંકાના કેપ્ટન દાસુન શનાકાને પેવેલિયનનો માર્ગ દેખાડી દીધી હતી. આ મેચની સૌથી તેજ ગતિથી ફેકાયોલો બોલ હતો. આ સાથે જ મલિકે ભારત માટે સૌથી તેજ ગતિથી ફેકવાના જસપ્રીત બુમરાહના રેકોર્ડ પણ તોડી નાખ્યો છે. બુમરાહની અત્યાર સુધી સૌથી તેજ ગતિની બોલ 153.36 કિલોમીટર પ્રતિ કલાકની રફતારથી રહી હતી.



## દેશ-વિદેશના ક્રિકેટરો મલિકની ખૂબ પ્રશંસા કરી રહ્યાં છે...

ઉમરાન મલિક હવે ભારતનો સૌથી ઝડપી બોલર બની ગયો છે, તેની ચર્ચા આખી દુનિયામાં થઈ રહી છે. ભારત અને વિદેશના ક્રિકેટરો તેની પ્રશંસા કરી રહ્યા છે અને સલાહ પણ આપી રહ્યા છે. આ વચ્ચે વિશ્વમાં સૌથી ઝડપી બોલ ફેંકવાનો રેકોર્ડ ધરાવનાર શોએબ અખ્તરે પણ ઉમરાન મલિક વિશે પોતાનો અભિપ્રાય આપ્યો છે. શોએબ અખ્તરે કહ્યું મને ખુશી થશે કે તે મારો રેકોર્ડ તોડશે, પરંતુ મારો રેકોર્ડ તોડતા-તોડતા તે તેના હાડકાં તોડી ના દે. મારો કહેવાનો મતલબ એ છે કે તે ફિટ હોવો જોઈએ. શોએબ અખ્તરે 161 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે સૌથી તેજ ગતિથી બોલ ફેંકવાનો કારનામો કર્યો હતો.



# વેક્સિન નહીં જ લઉ, યોકોવિચની જીદના કારણે US ટુર્નામેન્ટ્સ ગુમાવશે

ગુજરાત | વંદન

સર્બિયાના ટેનિસ સ્ટાર યોકોવિચને કોરોનાની વેક્સિન ન મૂકાવી હોવાથી આ વર્ષે પણ અમેરિકામાં યોજાનારી હાર્ડકોર્ટની મેજર ટુર્નામેન્ટ ગુમાવવી પડશે તે નક્કી થઈ ગયું છે. અમેરિકાએ વિદેશી મુલાકાતીઓ માટે કોરોનાની વેક્સિન ફરજીયાત બનાવી છે અને આ કારણે યોકોવિચ આ વર્ષે પણ ઈન્ડિયન વેલ્સ તેમજ માયામી એટીપી ૧૦૦૦ સિરીઝ ટુર્નામેન્ટમાં ભાગ લઈ શકશે નહીં. અમેરિકાએ વિદેશી મુલાકાતીઓ માટે જાહેર કરેલા કોરોનાની વેક્સિન અંગેના નિયમો બાદ યોકોવિચે કહ્યું કે, મારી પાસે આ ટુર્નામેન્ટ્સમાં ન રમવા સિવાયનો કોઈ વિકલ્પ બાકી નથી. અલબત્ત, યોકોવિચ હજુ યુએસ ઓપનમાં રમે તેવી શક્યતા છે કારણ કે અમેરિકાના ટ્રાન્સપોર્ટેશન સિક્યોરીટી એડમિનિસ્ટ્રેશને જાહેર કરેલા નિયમો ૧૦મી એપ્રિલ સુધી જ અમલમાં રહેશે, ત્યાર બાદ તેમાં ફેરફાર થઈ શકે છે. જોકે આ દરમિયાન ઈન્ડિયન વેલ્સ (તા. ૬-૧૯ માર્ચ) અને માયામી ઓપન (૨૦ માર્ચથી ૨ એપ્રિલ) યોજાશે. જેમાં યોકોવિચ રમી શકે તેમ નથી.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# યુક્રેન પર હુમલાનો વીડિયો સિનેમાગૃહોમાં બહાદુરી તરીકે બતાવવા પુતિનનો આદેશ

ગુજરાત | વંદન

રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધને 10 મહિનાથી વધુ સમય થઈ ગયો છે. દરમિયાન, ઘણા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે, રશિયન સેનાએ યુક્રેનના વિવિધ વિસ્તારોમાં નાગરિકો પર નિર્દયતા દાખવી હતી. આમાં, બુચાથી મેરીયુપોલ સુધીના ભીષણ રોકેટ હુમલા અને તેમાં માર્યા ગયેલા યુક્રેનિયન નાગરિકોની સામૂહિક કબરોની શોધના અહેવાલો છે. દરમિયાન, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને હવે તેમના અધિકારીઓને દેશના સિનેમાઘરોમાં યુક્રેન સામેના હુમલા પરની ડોક્યુમેન્ટરી ફિલ્મોની શ્રેણી બતાવવાનું શરૂ કરવાનો આદેશ આપ્યો છે.

અહેવાલો કહે છે કે, પુતિને આદેશ આપ્યો છે કે રશિયાએ યુક્રેનમાં જે રીતે યુદ્ધ કર્યું છે, તે સામાન્ય નાગરિકોને સિનેમા હોલમાં બતાવવામાં આવે, જેથી લોકો રશિયન શાસનની 'નિયો-નાઝી' (Neo Nazi) વિચારધારાથી વાકેફ થાય. ક્રેમલિને એક નિવેદન જારી કરીને કહ્યું છે કે, રશિયાના સંસ્કૃતિ મંત્રાલયે 1 ફેબ્રુઆરી સુધીમાં આ આદેશનો અમલ કરવો પડશે.

ઉલ્લેખનીય છે કે, પુતિને ગયા વર્ષે જ યુક્રેનમાં સૈનિકો મોકલવાનો નિર્ણય લીધો હતો. ત્યારે રશિયન રાષ્ટ્રપતિએ રાષ્ટ્રને સંબોધનમાં કહ્યું કે, યુક્રેનનું ડિમિલિટરાઈઝેશન જરૂરી છે. હવે, એક વર્ષ પછી, યુક્રેનમાં રશિયાની મર્યાદિત સિદ્ધિઓ વચ્ચે, પુતિને સંરક્ષણ મંત્રાલયને આદેશ આપ્યો છે કે, તેઓ યુક્રેન સામે રશિયાના હુમલાઓ પર ડોક્યુમેન્ટરી બનાવવા માટે તૈયાર રશિયન ફિલ્મ નિર્માતાઓને મદદ કરે.

આદેશમાં કહેવામાં આવ્યું છે કે, ફિલ્મ નિર્માતાઓએ યુક્રેનમાં રશિયાની સફળ સૈન્ય કાર્યવાહી અને તેને અંજામ આપનારા સૈનિકોની બહાદુરી દર્શાવવી જોઈએ. રશિયાના સંરક્ષણ પ્રધાન સર્ગેઈ શોઈગુને આ કાર્ય પૂર્ણ કરવા માટે 1 માર્ચ સુધીનો સમય આપવામાં આવ્યો છે.

નોંધપાત્ર રીતે, રશિયા દ્વારા યુક્રેન વિરુદ્ધ યુદ્ધ શરૂ કરવામાં આવ્યું ત્યારથી મોટાભાગની રશિયન ચેનલો અને મીડિયા સંસ્થાઓએ પુતિનના સૈન્ય અભિયાનના સમર્થનમાં પ્રસારણ શરૂ કર્યું છે. તે જ સમયે, સ્વતંત્ર મીડિયા ચેનલો કાં તો બંધ કરી દેવામાં આવી છે અથવા તેમનું ભંડોળ બંધ કરવામાં આવ્યું છે. આ દરમિયાન ઘણા પત્રકારોએ પણ રશિયા છોડી દીધું છે.



## ચીન કરતા ભારતમાં રશિયન ક્રુડઓઇલની આયાત વધી

# રશિયાથી ક્રુડ ઓઇલ આયાતમાં નવો રેકોર્ડ: રોજ 1.17 મિલિયન બેરલ ભારત પહોંચે છે...



ગુજરાત | વંદન

યુક્રેન યુદ્ધ સાથે વિશ્વભરમાં ક્રુડતેલના ભાવમાં વધારા અને સતત અફડાતફડી જેવી સ્થિતિ વચ્ચે ભારતમાં રશિયન ક્રુડતેલની આયાત સતત વધી રહી છે અને ડિસેમ્બર માસમાં રશિયાએ ભારતને રોજનું 1.17 મિલિયન બેરલ ક્રુડતેલ સપ્લાય કર્યુ હતું તે અત્યાર સુધીનો સૌથી મોટો રેકોર્ડ છે. ભારતમાં ક્રુડતેલની ડિસેમ્બરમાં જે આયાત થઈ તેમાં દર ચાર બેરલમાં એક રશિયા તરફથી મળ્યું હતું. એનર્જી કાર્ગો ટ્રેકર ના જણાવ્યા પ્રમાણે ઓકટોબરથી ડિસેમ્બર દરમ્યાન રશિયાના ક્રુડતેલની ભારતમાં આયાત સતત વધી રહી છે.

ખાસ કરીને સરકારી ઓઈલ કંપનીઓ એ રોજનું છ લાખ બેરલ અને ખાનગી ઓઈલ કંપનીઓએ 5.70 લાખ બેરલ ક્રુડતેલ આયાત કર્યુ છે અને તેમાં અત્યાર સુધી ભારતનાં સૌથી મોટા ક્રુડતેલ સપ્લાયર યુએઈનો હિસ્સો ઘટયો છે અને અમેરિકાથી આવતું ક્રુડતેલમાં 20 ટકા જેવો ઘટાડો થયો છે. ભારતને રશિયા દ્વારા દરિયાઈ સારકામમાંથી જે ક્રુડતેલ ઉપલબ્ધ બને છે તે પુરુ પાડે છે અને તે ચીન કરતા લગભગ ડબલ છે અને યુરોપીયન દેશોને જે ક્રુડતેલ અપાય છે તેના કરતા નવ ગણું વધુ છે અને પ્રથમ વખત ચીન કરતા ભારતે રશિયામાંથી વધુ ક્રુડતેલ આયાત કર્યું છે.

એક તબકકે ભારતને ક્રુડતેલ પહોંચાડવા માટે રશિયા પાસે કાર્ગો જહાજ સહિતની સમસ્યા હતી અને વિમા કંપનીઓ પણ યુક્રેન-રશિયા યુદ્ધને કારણે જોખમ લેવા તૈયાર ન હતું પરંતુ હવે બાલ્ટીક અને બ્લેક-સીના માર્ગે ભારતમાં ક્રુડતેલ સરળતાથી આયાત થઈ રહ્યું છે જેને કારણે ભારતને આંતરરાષ્ટ્રીય બજાર કરતા સસ્તુ ક્રુડતેલ મળી રહ્યું છે. સૌથી મહત્વનું એ છે કે ભારતે રશિયા સાથે ડોલરને બાયપાસ કરીને રૂપિયા અને રૂબલમાં ક્રુડતેલના આયાત તેમજ ભારતમાંથી અન્ય નિકાસનો વ્યવહાર ગોઠવી દીધો છે જેને કારણે ભારતમાં ડોલરની માંગ પણ ઘટી છે.

# મંદિરનું કામ 2024 સુધીમાં પૂર્ણ થઈ જશે

■ રામલલ્લાના અભિષેકની આવી તારીખ, મૂર્તિને લઈને પણ મોટો નિર્ણય લેવામાં આવ્યો

ગુજરાત | વંદન



અયોધ્યામાં રામ મંદિર નિર્માણનું કામ ઝડપ ગતિએથી ચાલી રહ્યું છે. દેશના લોકો કામ પૂર્ણ થવાની રાહ જોઈ રહ્યા છે. આ મંદિરનું કામ 2024 સુધીમાં પૂર્ણ થઈ જશે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયનું એક મોટું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું છે કે, ડિસેમ્બર 2023માં જ ભગવાનની મૂર્તિનો અભિષેક કરવામાં આવશે. શ્રી રામજન્મભૂમિતીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સચિવ ચંપત રાયે જણાવ્યું કે, અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ ઝડપથી ચાલી રહ્યું છે અને આ વર્ષે ડિસેમ્બરમાં ભગવાન રામની મૂર્તિના અભિષેક માટે ગર્ભગૃહ તૈયાર થઈ જશે.

**અયોધ્યામાં ભગવાન રામનું વિરાટ સ્વરૂપના પણ દર્શન થશે** | એટલું જ નહીં, અયોધ્યામાં ભવ્ય રામ મંદિરને લઈને વધુ એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. આ મંદિરમાં ભગવાન રામની એવી મૂર્તિ સ્થાપિત કરવા પર વિચાર થઈ રહ્યો છે, જેને ભક્તો 30 થી 35 ફૂટના અંતરથી સરળતાથી દર્શન કરી શકે. હાલમાં ભગવાન રામ અષ્ટધાતુની લગભગ 6 ઈંચની મૂર્તિ જોવા મળે છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયે જણાવ્યું કે, આ મૂર્તિ ઉપરાંત અયોધ્યાના રામ મંદિરમાં ભગવાન રામની મોટી મૂર્તિ પણ સ્થાપિત કરવામાં આવશે, જે ભગવાન રામના બાળ સ્વરૂપની હશે.

બુધવારે અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની બેઠક યોજાઈ હતી. બેઠકમાં રામ મંદિરમાં ભગવાન રામની મૂર્તિ કેવી રીતે સ્થાપિત કરવી તે અંગે ચર્ચા થઈ હતી. ભક્તો માટે ભગવાન રામના ચરણ અને આંખોના દર્શન કરી શકે તે માટે 30 થી 35 ફૂટના અંતરેથી બાળકનું સ્વરૂપને બિરાજમાન કરવામાં આવશે. તેમજ ભક્ત અને રામલલાની આંખો સમાન દિશામાં હશે જેથી ભક્તોની શ્રદ્ધા જળવાઈ રહે અને તેની આસ્થા જળવાઈ રહે. આ સિવાય રામ મંદિર એવી રીતે બનાવવામાં આવી રહ્યું છે કે રામ નવમીના દિવસે સૂર્યપ્રકાશ સીધો ભગવાન રામના મનને પ્રકાશિત કરે.

## ઇતિહાસના પાનામાંથી...

8 જાન્યુ.ની મહત્વની ઘટનાઓ...

- **2020** બાહ્ય અવકાશ સહયોગ માટે ભારત અને મંગોલિયા વચ્ચે થયેલા કરારને મંજૂરી
- **2017** જેરૂસલેમમાં ટ્રક હુમલામાં 4 સૈનિકોના મોત
- **2017** ઉત્તર કોસ્ટા રિકામાં 6.1ની તીવ્રતાનો ભૂકંપ, 15 લોકોના મોત
- **2008** વડાપ્રધાન મનમોહન સિંહે છઠ્ઠા પ્રવાસી ભારતીય દિવસનું ઉદ્ઘાટન કર્યું.
- **2003** શ્રીલંકાની સરકાર અને એલટીટીઈ વચ્ચે થાઈલેન્ડમાં મંત્રણા.
- **1996** ફ્રાન્સના પૂર્વ રાષ્ટ્રપતિ, ફ્રાન્કોઈસ મિત્રાનનું 79 વર્ષની વયે પેરિસમાં અવસાન
- **1995** સમાજવાદી મધુ લિમયેનું અવસાન
- **1929** નેધરલેન્ડ અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે પ્રથમ ટેલિફોન જોડાણ સ્થાપિત.
- **1952** જોર્ડને બંધારણ અપનાવ્યું.
- **1790** યુએસના પ્રથમ રાષ્ટ્રપતિ જ્યોર્જ વોશિંગ્ટને પ્રથમ વખત દેશને સંબોધન કર્યું.
- **1026** મહમૂદ ગઝનવીએ સોમનાથ મંદિરને લૂંટી, નષ્ટ કર્યું.

8મી જાન્યુઆરીએ જન્મેલ વ્યક્તિ...

- **1993** સાથિયન જ્ઞાનસેકરન - ભારતીય ટેબલ ટેનિસ ખેલાડી.
- **1984** કિમ જોંગ ઉન - ઉત્તર કોરિયાના ત્રીજા સર્વોચ્ચ નેતા.
- **1975** હેરિસ જયરાજ, ભારતીય સંગીતકાર.
- **1942** સ્ટીફન હોકિંગ, પ્રખ્યાત બ્રિટિશ ભૌતિકશાસ્ત્રી
- **1938** નંદા -ભારતીય ફિલ્મોની પ્રખ્યાત અભિનેત્રી.
- **1929** સઈદ જાફરી, ભારતીય અભિનેતા
- **1926** કેલુચરણ મહાપાત્રા - ઓડિસી નૃત્યાંગના અને સાચા કલા પ્રેમી
- **1925** મોહન રાકેશ, લેખક
- **1909** આશાપૂર્ણાદેવી, નવલકથાકાર
- **1908** નાદિયા - પ્રખ્યાત ભારતીય અભિનેત્રી.
- **1890** રામચંદ્ર વર્મા - હિન્દી લેખક.

8 જાન્યુઆરીના રોજ અવસાન થયું..

- **1984** પ્રથમ ભારતીય મહિલા પાયલોટ સુષ્મા મુખોપાધ્યાય.
- **1941** પ્રણવાનંદ મહારાજ - ભારત સેવાશ્રમ સંઘના સ્વામી.
- **1884** કેશવચંદ્ર સેન - 'બ્રહ્મ સમાજ'ના સ્થાપકોમાંના એક .

8 જાન્યુઆરીના મહત્વના પ્રસંગો અને ઉજવણીઓ

આફ્રિકન નેશનલ કોંગ્રેસ સ્થાપના દિવસ.

# દાંત વડે16000 કિલોનું ટ્રક ખેંચીને ગિનીઝ વર્લ્ડ રેકોર્ડમાં નામ નોંધાવ્યું

■ ઈજિપ્તના અશરફ સુલેમાન કઈ ટૂથપેસ્ટ વાપરે છે....!

ગુજરાત | વંદન

દરેક હંમેશા મજબૂત ફિટ રહેવાનો પ્રયત્ન કરે છે. શરીર હોય કે દાંત તેની મજબૂતીને જાળવી રાખવુ સરળ હોતુ નથી. એક શખ્સે પોતાના દાંતોની મજબૂતીના આધારે ગિનીઝ વર્લ્ડ રેકોર્ડમાં નામ નોંધાવી લીધુ છે.

ગિનીઝ વર્લ્ડ રેકોર્ડે ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો. જેમાં એક શખ્સે પોતાના દાંતો વડે લગભગ 16,000 કિલોનું ટ્રક ખેંચીને ગિનીઝ વર્લ્ડ રેકોર્ડમાં પોતાનું નામ નોંધાવી દીધુ છે. તેમણે જે ટ્રકને પોતાના દાંતોથી ખેંચ્યુ તે સૌથી ભારે ટ્રકમાંનું એક હતુ. જેણે પણ અશરફ સુલેમાનના દાંતોના કારનામાને જોયો તે તેમના દાંતોની મજબૂતીના દિવાના થઈ ગયા છે. લોકો તેમના ડેન્ટિસ્ટનું નામ જાણવા માટે બેચેન થઈ ગયા છે.

જેણે પણ વીડિયો જોયો તે દંગ રહી ગયા. અમુક લોકો તો ટ્રક ખેંચતા શખ્સને જોઈને પોતાના દાંતોને બચાવવા લાગ્યા. તો અમુક આ શખ્સની હિંમતના વખાણ કરી રહ્યા છે. અશરફ મહરુસ મોહમ્મદ સુલેમાને ઈજિપ્તના ઈસ્માલિયામાં આ રેકોર્ડ બનાવ્યો. જ્યાં તેમણે પોતાના દાંતોની મજબૂતીનું પ્રમાણ આપવા માટે ભારે ટ્રકને ખેંચીને લોકોને અચંબામાં મૂકી દીધા. જે ટ્રકને પોતાના દાંતો વડે ખેંચીને સુલેમાને વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો, તેનું વજન 15,730 કિલો હતુ.




**ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ બની ગયો**

ગિનીઝ વર્લ્ડ રેકોર્ડે વીડિયો શેર કરી કેપ્શન લખ્યુ, 15,730 કિલોનું સૌથી ભારે વાહન અશરફ સુલેમાને પોતાના દાંતોથી ખેંચ્યુ છે.

# સેકસ વર્કરની ઓળખ જાહેર ન થાય તેની કાળજી રાખવા સુપ્રીમનો આદેશ

■ પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા પત્રકારિતા માટે પ્રસિદ્ધ કરાયેલા માન્ય ધોરણો ગંભીરતા સાથે અનુસરવાની સૂચના

ગુજરાત | વંદન

સેકસ વર્કર અને તેના ગ્રાહકોની ઓળખ મીડિયામાં જાહેર ન થવા દેવા સંદર્ભે થયેલી પિટિશનમાં સર્વોચ્ચ અદાલત દ્વારા સેકસ વર્કર તથા તેમના ગ્રાહકની ધરપકડ, રેસ્ક્યું કે રેડની કામગીરીના અનુસંધાનમાં તેમની ઓળખ જાહેર ન થાય તે સંદર્ભે અત્યંત કાળજી રાખવા નિર્દેશ કરવામાં આવ્યો છે. પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડીયા દ્વારા પ્રેસ અને મીડિયા કવરેજ માટે તાજેતરમાં જારી કરવામાં આવેલી વિસ્તૃત માર્ગદર્શિકામાં પણ આ વિષયને આવરી લઈને સ્પષ્ટતાપૂર્વક ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, "મીડિયાએ ધરપકડ, દરોડા અને રેસ્ક્યુ કામગીરી દરમિયાન સેક્સ વર્કરોની ઓળખ જાહેર ન કરવાની અત્યંત કાળજી લેવી, પછી ભલે તે પીડિત હોય કે આરોપી હોય. એટલું જ નહિ, એવા કોઈ ફોટા પ્રકાશિત કે ટેલિકાસ્ટ ન કરવા કે જેનાથી આવી ઓળખ જાહેર થાય. આ ઉપરાંત નવી દાખલ કરાયેલી IPC કલમ ૩૫૪- સી, જે વોયુરિઝમ (voyeurism) ને ફોજદારી ગુનો બનાવે છે, તેનું મીડિયાએ સખતપણે પાલન કરવું, જેથી બચાવ કામગીરીને કેપ્ચર કરવાની આડમાં સેક્સ વર્કરોના તેમના ગ્રાહકો સાથેના ફોટા પ્રકાશિત કે ટેલિકાસ્ટ ન થાય."

## કેન્દ્રએ સહકારી બેંકો પ્રત્યે પોતાનું વલણ બદલવું પડશે: પવાર

ગુજરાત | વંદન

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના વડા શરદ પવારે કેન્દ્ર સરકારને સહકારી બેંકો પ્રત્યેનો પોતાનો અભિગમ બદલવા વિનંતી કરી છે. મહારાષ્ટ્રની સહકારી ચળવળને ચરમસીમાએ લઈ જનાર શરદ પવારે કહ્યું કે આ સંસ્થાઓ સામાન્ય લોકોની સેવા કરે છે. સહકારી બેંકોમાં મોટા પાયે છેતરપિંડી થાય છે તે ખોટી માન્યતા છે. પૂર્વ કેન્દ્રીય કૃષિ મંત્રી પવારે પુણેમાં આયોજિત એક કાર્યક્રમમાં આ વાત કહી.

# રાહુલ બાદ હવે સુશાસન બાબુ પણ ભારતદર્શન માટે નિકળશે

■ લોકસભા ચૂંટણી પહેલા ભાજપ સામે વિરોધ પક્ષોને એક કરવાનો પ્રયાસ

ગુજરાત | વંદન

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર 'સમાધાન યાત્રા'ના ભાગરૂપે પશ્ચિમ ચંપારણમાં છે. પોતાની યાત્રા શરૂ કરતા પહેલા તેમણે મોટી જાહેરાત કરી હતી કે તેઓ બજેટ સત્ર પછી દેશ જવા રવાના થશે. તે સ્પષ્ટ છે કે તે 2024માં યોજાનારી લોકસભાની ચૂંટણીની તૈયારીમાં વિરોધ પક્ષોને એક કરવા માટે આખા દેશનો પ્રવાસ કરશે. આ અંતર્ગત તેઓ દિલ્હી તેમજ અન્ય રાજ્યોમાં વિવિધ પક્ષોના નેતાઓ સાથે બેઠક કરશે.

ગુરુવારે તેમની સમાધાન યાત્રા શરૂ કરતા પહેલા બિહારના મુખ્યમંત્રીએ મીડિયા સાથેની વાતચીત દરમિયાન કહ્યું કે તેઓ ટૂંક સમયમાં દેશની મુલાકાતે જવાના છે, જેના માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.



આ દરમિયાન મુખ્યમંત્રીએ એમ પણ કહ્યું કે પહેલા તેઓ સમાધાન યાત્રા પૂર્ણ કરશે અને ત્યારબાદ બજેટ સત્ર પણ છે. આ પછી દેશવ્યાપી પ્રવાસની તૈયારીઓ કરવામાં આવશે. મુખ્યમંત્રીની આ જાહેરાત અનેક રીતે ખાસ માનવામાં આવી રહી છે. હકીકતમાં, નીતિશ કુમાર પહેલાથી જ જાહેરાત કરી ચૂક્યા છે કે તેઓ આ વર્ષે દિલ્હીમાં સરકાર બદલવાના તેમના પ્રયાસોને વધુ તીવ્ર બનાવશે. બિહારમાં મહાગઠબંધનની સરકાર બનાવવાની સાથે જ નીતિશ કુમારે જાહેરાત કરી હતી કે તેઓ વિપક્ષી પાર્ટીઓને એક કરવા માટે તમામ રાજ્યોની મુલાકાત લેશે.

## ભારતમાં સૌ પ્રથમ રંગીન ટીવી લાવનાર કંપનીના માલિક એક સમયે દેશના 61મા અમીર વ્યક્તિ હતા...!

# વેણુગોપાલ ધૂત: સમાજમાં ઉજળા થઇને ફરતાં લોકોના કેવા કેવા ગોરખધંધા...?

ગુજરાત | વંદન

વેણુગોપાલ ધૂત એમ જો કહીએ તો કદાજ તેમને કોર્પોરેટ સેકટર સિવાય ખૂબ ઓછા લોકો ઓળખે પણ વિડિયોકોનનું નામ આવે એટલે બધા વિડિયોકોન ટીવીને યાદ કરે. મજાની વાત એ છે કે વેણુગોપાલની માલિકીની વિડીયોકોન કંપની બ્લેક એન્ડ વ્હાઈટના યુગમાં ભારતમાં રંગીન ટીવી લાવનાર પ્રથમ કંપની હતી, અને ભારતમાં એ સમયે વેણુગોપાલનો વૈભવ અને દબદબો એવો હતો કે એક સમયે તેઓ દેશના 61મા અમીર વ્યક્તિ હતા...! અને આજે એમને બેંક સાથે 3 હજાર કરોડની ઠગાઈના આરોપસર જેલમાં જવાનો વારો આવ્યો છે.

CBIએ ICICI બેંક લોન ફ્રોડ કેસમાં વીડિયોકોન ગ્રુપના ચેરમેન વેણુગોપાલ ધૂતની ધરપકડ કરી છે. તેમની ધરપકડ તાજેતરમાં ICICI બેંકના પૂર્વ MD અને CEO ચંદા કોચર અને તેમના પતિ દીપક કોચરની ધરપકડ બાદ કરવામાં આવી છે. 71 વર્ષીય વેણુગોપાલ ધૂતની સીબીઆઈ દ્વારા પૂછપરછ કરવામાં આવી છે અને તે આ કેસમાં ટૂંક સમયમાં ચાર્જશીટ દાખલ કરવાની તૈયારીમાં છે. વેણુગોપાલ ધૂતની વાર્તા ઘણાંને રસ પડે એવી રોચક અને ઉતાર-ચઢાવવાળી છે.

**કોણ છે વેણુગોપાલ ધૂત?** | 30 સપ્ટેમ્બર 1951ના રોજ જન્મેલા વેણુગોપાલ ધૂતે પુણે યુનિવર્સિટીમાંથી ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો હતો. એન્જિનિયરિંગ પછી, વેણુગોપાલે તેમના પિતા નંદલાલ માધવલાલ ધૂત સાથે કંપનીમાં કામ કરવાનું શરૂ કર્યું. ધૂતના પિતાએ વર્ષ 1985માં વીડિયોકોનનો પાયો નાખ્યો હતો.






**3 હજાર કરોડની ઠગાઇના આરોપસર જેલ જવાનો વારો આવ્યો...**

**ભારતમાં કલર ટીવી લાવનાર વિડીયોકોન પ્રથમ કંપની હતી...** | વેણુગોપાલ ધૂત સાથે જોડાયા પછી , વિડીયોકોન થોડા જ સમયમાં એક મોટી કંપની બની ગઈ અને ભારતમાં રંગીન ટીવી લાવનાર પ્રથમ કંપનીઓમાંની એક બની. એક સમય એવો આવ્યો જ્યારે વીડિયોકોન રંગીન ટીવીનો પર્યાય બની ગયો. માંગમાં વધારો થતાં વિડિયોકોને ભારતમાં તમામ ઉત્પાદન એકમો મૂક્યા. આ સિવાય ચીન, , પોલેન્ડ અને ઈટાલીમાં પણ પ્લાન્ટ લગાવવામાં આવ્યા હતા. ઈલેક્ટ્રોનિક્સ સેક્ટરમાં પોતાની ઓળખ બનાવ્યા બાદ વિડિયોકોને ટેલિકોમ્યુનિકેશન, ઓઈલ અને પાવર સેક્ટરમાં પ્રવેશ કર્યો.

**વેણુગોપાલ ધૂત દેશના 61મા સૌથી અમીર વ્યક્તિ બન્યા...** | 2015માં, ફોર્બ્સ મેગેઝિને વેણુગોપાલ ધૂતને ભારતના 61મા સૌથી ધનિક વ્યક્તિ તરીકે નામ આપ્યું હતું અને તેમની કુલ સંપત્તિ $1.19 બિલિયન હોવાનો અંદાજ હતો. વેણુગોપાલ ધૂત પણ ક્રિકેટના શોખીન છે. વર્ષ 2010માં તેણે IPLમાં પુણેની ટીમ ખરીદવાનો પ્રયાસ પણ કર્યો હતો , જોકે તે સફળ થઈ શક્યા નહોતા.

વાસ્તવમાં વિડિયોકોન ગ્રૂપની મુશ્કેલીઓ 2010માં શરૂ થઈ હતી. વર્ષ 2017 સુધીમાં, કંપની ટેલિકોમ સેક્ટરમાંથી બહાર નીકળી ગઈ. આ તે સમય હતો જ્યારે તમામ આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ આ ક્ષેત્રમાં પ્રવેશી રહ્યા હતા.

**વેણુગોપાલ ધૂત પર આરોપ...** | CBI અનુસાર, વીડિયોકોન જૂથે કથિત રીતે ICICI બેંક પાસેથી લોન મેળવવા માટે ચંદા કોચર અને તેના પરિવારને શેલ કંપનીઓ દ્વારા 64 કરોડ આપ્યા હતા. આ પૈસા ચંદા કોચરના પતિ દીપક કોચરની કંપની NuPower Renewables માં રોકાણ કરવામાં આવ્યા હતા. સીબીઆઈના જણાવ્યાં અનુસાર, વિડિયોકોનને 3250 કરોડ રૂપિયાની જંગી લોન મળ્યાના થોડા દિવસો બાદ જ આ નાણાંનું રોકાણ કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે ICICI બેંક દ્વારા વીડિયોકોન ગ્રૂપને આપવામાં આવેલી 3500 કરોડમાંથી 2800 કરોડની રકમ હવે નોન પરફોર્મિંગ એસેટ એટલે કે NPA (ડિસ્કાઉન્ટ એકાઉન્ટ) માં મૂકવામાં આવી છે.

સીબીઆઈના જણાવ્યાં અનુસાર, ચંદા કોચરે વીડિયોકોનને લોન અપાવવામાં પોતાના પદ અને સત્તાનો દુરુપયોગ કર્યો હતો. સીબીઆઈએ આ કેસમાં એફઆઈઆર નોંધતી વખતે કોચર, ધૂત અને તેમની કંપનીઓ પર રૂ. 1,730 કરોડની ઉચાપતનો આરોપ લગાવ્યો છે. સીબીઆઈ કોર્ટે ધૂતને 28 ડિસેમ્બર સુધી કસ્ટડીમાં મોકલી દીધો છે.

# ગદર-2ના સેટ પરથી સની દેઓલનો લૂક થયો લીક, ગુસ્સે થયેલાં તારાસિંહે એક ઝાટકે ઉઠાવ્યું બળદ ગાડાનું પૈડું



ગદર 2માં બોલિવૂડના પાવરફુલ એક્ટર સની દેઓલ અને અમીષા પટેલ ફરી એકવાર સિલ્વર સ્ક્રીન પર જોવા મળવાના છે. બંને ટૂંક સમયમાં તેમની બ્લોકબસ્ટર ફિલ્મ ગદરની સિક્વલ ગદર 2માં જોવા મળશે. જ્યારથી ફિલ્મની જાહેરાત થઈ છે ત્યારથી અભિનેતાના ચાહકો આ ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. હવે આ ફિલ્મના સેટ પરથી સની દેઓલની એક તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે, જેમાં તે ધમાકેદાર અવતારમાં જોવા મળી રહ્યો છે. આ તસવીરમાં જોઈ શકાય છે કે અભિનેતા અભિમન્યુની જેમ હાથમાં બળદ ગાડાનું પૈડું લઈને ફરતો જોવા મળી રહ્યો છે. વર્ષ 2001માં રિલીઝ થયેલી ફિલ્મ ગદર એક પ્રેમ કથામાં સની દેઓલને હેન્ડપંપ ઉખાડતો બતાવવામાં આવ્યો હતો, જે આજે પણ લોકોમાં ઉત્સુકતાનો વિષય છે અને તેના ચાહકો આ દ્રશ્યના ઘણા વખાણ કરે છે.

## કેટ શર્માએ ઈન્સ્ટાગ્રામ પર શેર કરી હોટ તસ્વીરો, આપ્યા બોલ્ડ પોઝ

કેટ શર્માએ અભિનેત્રીઓમાંથી એક છે જે સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. કેટ શર્મા ચાહકો માટે પોતાની તસવીરો અને વીડિયો શેર કરતી રહે છે, જે આવતાની સાથે જ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ જાય છે. હાલમાં જ અભિનેત્રીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર હોટ તસવીરો શેર કરી છે. જે તસવીરો વાયરલ થઈ રહી છે. કેટ શર્માએ બ્લેક બિકનીમાં હોટ પોઝ આપી તસવીરો શેર કરી છે. ટીવી અભિનેત્રી કેટ શર્મા હોટ તસવીરોને લઈ હંમેશા ચર્ચામાં રહે છે. કેટ દરોજ નવા અંદાજમાં જોવા મળે છે. ચાહકો તેના આ ફોટાને ખૂબ શેર કરી રહ્યા છે અને જોરદાર કમેન્ટ પણ કરી રહ્યા છે.



# 'પુષ્પા'એ રશિયામાં મચાવી ધમાલ, રિલીઝના થોડાક જ દિવસોમાં જ કરી કરોડોની કમાણી



વિશ્વભરમાં પોતાની રીલીઝના એક વર્ષ બાદ પણ અલ્લૂ અર્જુનની આગેવાનીવાળી 'પુષ્પાઃ ધ રાઈજ' ભારતમાં નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પોતાની પક્કડ બનાવી છે. સુકુમાર દ્વારા નિર્દેશિત બ્લોકબસ્ટર, જે ગયા મહિને રશિયામાં રીલીઝ થઈ હતી, ફિલ્મે 10 મિલિયન રૂબેલ અથવા લગભગ 12 કરોડ રૂપિયાથી પણ વધુની કમાણી કરી છે. નિર્માતા મુજબ, અલ્લૂ અર્જુને 8 ડિસેમ્બરે પોતાની ભવ્ય રશિયન ભાષા રીલીઝ જોઈ અને મૉસ્કો અને સેન્ટ પીટર્સબર્ગમાં શો બાદ ફિલ્મ 774 સ્ક્રીનો પર સફળતાપૂર્વક ચાલી રહી છે, જેમાં સ્ક્રીનની સંખ્યામાં કોઈ ઘટાડો થયો નથી.

પુષ્પાઃ ધ રાઈજ જે પોતાની રીલીઝના ત્રીજા અઠવાડિયામાં છે, રશિયાની અત્યાર સુધીની સૌથી વધુ પસંદ કરવામાં આવતી ભારતીય ફિલ્મ બનવાના માર્ગે છે. યુનિટ સુત્રોએ કહ્યું કે ફિલ્મના રશિયન ઉપગ્રહ અધિકાર ટૂંક સમયમાં 2 કરોડ રૂપિયામાં વેચાશે. હાલના ચલણને જોતા પુષ્પાઃ ધ રાઈજના અન્ય બધા ભારતીય ફિલ્મ સંગ્રહો પરથી સારું પ્રદર્શન કરવા અને નવી ઊંચાઈ નક્કી કરવાની આશા છે.



# સોનમની નવી ફિલ્મ બ્લાઈન્ડ સીધી ઓટીટી પર રિલીઝ થશે

સોનમ કપૂરની 'બ્લાઈન્ડ' ફિલ્મ લાંબા સમયથી તૈયાર છે. તે થિયેટરમાં નિષ્ફળ જવાની બીકે હવે સીધી ઓટીટી પર રિલીઝ કરવાનું નક્કી કરાયું છે. નિર્માતાઓએ આ ફિલ્મને જુદાં જુદાં પ્લેટફોર્મ પર વેચવા પ્રયાસ કર્યા હતા. જોકે, નિર્માતા જે કિંમત માગતા હતા તે આપવા માટે મલ્ટીનેશનલ પ્લેટફોર્મ્સ તૈયાર ન હતાં. માંડ માંડ એક ઓટીટી પ્લેટફોર્મ સાથે સોદો પાર પડતાં હવે ચાલુ વર્ષમાં ગમે ત્યારે આ ફિલ્મ રિલીઝ થશે. આ ફિલ્મમાં સોનમ કપૂરઆહુજા ઉપરાંત પૂરબ કોહલી, વિનય પાઠક અને લિલેટ દુબે પણ છે. આ ફિલ્મ ૨૦૧૧ની કોરિયાઇ ફિલ્મની સત્તાવાર રીમેક છે જેનું શિર્ષક પણ બ્લાઈન્ડ જ હતું.

# આર્યન અને નોરા ફતેહી વચ્ચે ડેટિંગની અફવા






શાહરુખ ખાનના પુત્ર આર્યન ખાન અને મોરક્કન ડાન્સર નોરા ફતેહી વચ્ચે ડેટિંગ ચાલતું હોવાની અટકળો વ્યક્ત થઈ રહી છે. જોકે, કેટલાય લોકોને આ બંને હાલ જોડીમાં હોવાની વાત જ અવિશ્વનીય લાગી રહી છે. એક બ્લોગિંગ પ્લેટફોર્મ પર આર્યન ખાન તથા નોરા ફતેહી એક જ જગ્યાએ પાર્ટી કરતાં દેખાયાં હતાં. એક જ જગ્યાએ એક મહિલા સાથે આર્યન ખાનની તથા નોરાની તસવીરો જોવા મળી હતી. તે પરથી એવું અનુમાન લગાવાયું હતું કે તેઓ બંને સાથે છે. આ અગાઉ તેઓ ન્યૂયોર્ક અને દુબઈમાં પણ સાથે પાર્ટીઓ કરી ચૂક્યાં હોવાનું કહેવાય છે.

આ તસવીરો વાયરલ બની હતી અને આર્યન અને નોરા વચ્ચે ખરેખર ડેટિંગ ચાલે છે કે કેમ તે અંગે જાતભાતની ચર્ચાઓ શરુ થઈ હતી. કેટલાય લોકોના મતે આર્યનની એક્સ ગર્લફ્રેન્ડ અનન્યા હવે આદિત્ય રોય કપૂર તરફ ઢળી ચુકી છે એટલે આર્યન નવી પાર્ટનર શોધતો હોઈ શકે છે. જોકે, કેટલાય લોકોના મતે સાથે પાર્ટીઓ કરવી અને ડેટિંગ કરવું એ બે અલગ અલગ વાત છે અને માત્ર કેટલીક તસવીરોના આધારે ડેટિંગની વાત માની લેવાનું અવિશ્વસનીય છે.

Happy Birth Day: 88 વર્ષના થયા ધર્મેન્દ્ર

# હેમા માલિની સાથે લગ્ન કરવા માટે બન્યા હતા 'દિલાવર ખાન'



બોલીવુડના 'હી મેન' તરીકે ઓળખાતા અભિનેતા ધર્મેન્દ્રનો આજે 88મો જન્મદિવસ છે. હિન્દી સિનેમાના દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્ર હંમેશાં તેમના અંગત જીવનની સાથે સાથે તેમના અભિનયને લઈને પણ ચર્ચામાં રહે છે. નોંધપાત્ર વાત એ છે કે ધર્મેન્દ્રએ કુલ બે લગ્ન કર્યા છે. તે 6 બાળકોનો પિતા છે. પંજાબના નસરાલીમાં 8 ડિસેમ્બર 1935માં જન્મેલા, ધર્મેન્દ્ર જ્યારે માત્ર 19 વર્ષના હતા ત્યારે તેમને પ્રકાશ કૌર સાથે લગ્ન કર્યા હતા.ખરેખર, ધર્મેન્દ્રની પહેલી પત્ની પ્રકાશ કૌર ધર્મેન્દ્રને છૂટાછેડા આપવા તૈયાર નહોતી. ધર્મેન્દ્ર હિન્દુ છે અને પ્રકાશ કૌર શીખ ધર્મ સાથે સંબંધિત છે, હેમા માલિની સાથે લગ્ન કરવા માટે ધર્મેન્દ્રને પોતાનો ધર્મ બદલવો પડ્યો અને હિન્દુથી મુસ્લિમ બન્યા. જ્યારે તેણે ધર્મેન્દ્રથી નામ બદલીને દિલાવર ખાન રાખ્યું. તે સમયે હેમા માલિનીના ચાહકોની કોઈ કમી નહોતી. દિગ્ગજ એક્ટર જીતેન્દ્ર પણ હેમા માલિની ને પસંદ કરતા હતા અને જિતેન્દ્ર અને હેમાના લગ્ન પણ થવાના હતા, પરંતુ ધર્મેન્દ્ર સાચા સમયે ચેન્નાઈમાં હેમા માલિનીના ઘરે પહોંચ્યા અને જીતેન્દ્રની ઉમીદ પર પાણી ફેરવીને તેણે હેમા માલિની સાથે લગ્ન કર્યા હતા.

ધર્મેન્દ્રએ અત્યાર સુધીની તેમની કારકિર્દીમાં ૧૦૦ ફિલ્મો કરી છે,તેઓ બોલીવૂડમાં હી-મેન તરીકે લોકપ્રિય છે. પરંતુ તેમને એક પણ એવોર્ડ મેળવ્યો નથી.

# બરફમાં ઘવાયેલા એક્ટર જેરેમી રેનરે ICUમાંથી તસ્વીર પોસ્ટ કરી



ભારે હિમવર્ષા બાદ અકસ્માતનો ભોગ બનેલા માર્વેલ ફેમ અભિનેતા જેરેમી રેનરે પોતાનો એક ફોટો શેર કર્યો હતો. તેનો આ ફોટો હોસ્પિટલ બેડ પરનો છે, જેમાં તેનો ઈજાગ્રસ્ત ચહેરો સ્પષ્ટ જોઈ શકાય છે. ફોટો શેર કરતા રેનરે કેપ્શનમાં લખ્યું કે તમારા પ્રેમાળ શબ્દો માટે થેન્ક્યુ. હું હવે ટાઈપ કરવામાં સક્ષમ નથી. તમને બધાને મારા તરફથી પ્રેમ મોકલું છું. અભિનેતાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે તેમની નેવાડાની પ્રોપર્ટી નજીક ભારે મશીનરી તેમના પર ફરી ગયા બાદ તેમને થયેલી ગંભીર ઈજાઓ માટે સર્જરી કરાવવામાં આવી છે, જો કે હાલ તેઓ સ્વસ્થ થઈ રહ્યાં છે. સાથે જ જણાવવામાં આવ્યું છે કે રેનરને છાતીમાં ઈજાઓ થઈ છે, સાથે જ તેને અન્ય ઓર્થોપેડિક ઈજાઓ પણ થઈ છે, જેની હાલમાં સારવાર કરવામાં આવી રહી છે.

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

# અમદાવાદીઓ, ચાઈનીઝ ડોરીથી પતંગ ઉડાવતા ચેતજો નહીતર...

ગુજરાત | વંદન

રાજ્ય સરકારની સૂચનાથી પોલીસે ગળા કાપ ચાઈનીઝ ડોરીના ઉપયોગ સામે કડક પગલા લેવાની શરુઆત કરી છે અને ચાઈનીઝ ડોરીથી પતંગ ઉડાવનાર એક પતંગ રશિયાની ઘરપકડ પણ કરી છે. જેના પગલે એમ મનાય છે કે હવે અમદાવાદ અને અન્યત્ર ચાઈનીઝ ડોરીથી પતંગ ઉડાવનારાઓની ખેર નથી. કેમ કે જે કોઈ ચાઈનીઝ દોરીથી પતંગ ઉડાશે તેને જેલ માં જવુ પડશે, દરમિયાન ચાઈનીઝ



દોરીના વેચાણ અને તેનાથી થતાં મોત અંગે હાઈકોર્ટે ગુજરાત સરકારની ...અનુસંધાન પેજ નં. 6 પર

## અમદાવાદમાં ચાઈનીઝ દોરી અંગેના 170 જેટલા કેસ

સમગ્ર ગુજરાતમાં પહેલી વખત અમદાવાદમાં ચાઈનીઝ દોરીથી પતંગ ચગાવનાર વ્યક્તિ સામે ફરિયાદ નોંધાઈ છે. શહેરના ઘાટલોડિયામાં ચાઈનીઝ દોરીથી પતંગ ચગાવનાર સામે ફરીયાદ નોંધાઈ છે. પોલીસે અજય વાઘેલા નામના યુવકની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે. અમદાવાદ શહેરમાં ચાઈનીઝ દોરી અંગેના 170 જેટલા કેસ નોંધવામાં આવ્યાં છે. પોલીસે 200થી વધુ વેપારીઓની ધરપકડ કરી છે. પોલીસને ચાઈનીઝ દોરીના ગેરકાયદેસર વેચાણની માહિતી પણ આપવા માટે નાગરિકોને અપીલ કરવામાં આવી છે. જેના આધારે પોલીસ દ્વારા દરોડા પાડીને કાર્યવાહી કરવામાં આવશે.

## મહીસાગર જિલ્લામાં 21 લાખનો મુદ્દામાલ કબજે કરાયો

મહીસાગર જિલ્લાના બાલાસિનોર જીઆઈડીસીમાંથી ટ્રક ભરેલો જેટલો ચાઈના દોરીનો જથ્થો મળીને 21 લાખનો મુદ્દામાલ પોલીસે કબ્જે કર્યો છે પરંતુ આરોપી ફરાર થવામાં સફળ રહ્યો છે. જ્યારે અમદાવાદમાં ચાઈનીઝ દોરીનું ધૂમ વેચાણ ચાલી રહ્યું છે. જાણે કાયદાનો કોઈને ડર જ રહ્યો ના હોય તે રીતે ચાઈનીઝ દોરી વેચાઈ રહી છે. પોલીસ આવા વેપારીઓને ધરપકડ કરી રહી છે. આ ઉપરાંત, પોલીસ અધિકારીઓને માત્ર ચાઈનીઝ દોરીની જપ્તીની જ નહી પણ તેને સપ્લાય કરનાર અને તપાસમાં જો ચાઈનીઝ દોરીની ખરીદી કરનારની માહિતી મળે તો તેમના વિરૂદ્ધ પણ ગુનો નોંધવા માટે તાકીદ કરવામાં આવી છે.

# અશોક ગેહલોત બોલ્યા, અમારી ખામીઓ રહી ગઈ અને મોડુ પણ થયું

■ ગુજરાતમાં કોંગ્રેસ કેમ હારી..? તારણો અને કારણો ગેહલોતે જાહેર કર્યા

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને ભારે બહુમતિ મળી અને આમ આદમી પાર્ટી પણ પાંચ સીટો પર વિજય મેળવીને રાષ્ટ્રીય પાર્ટી બની ગઈ. પરંતુ કોંગ્રેસને આ વખતે સૌથી ખરાબ પ્રદર્શનનો સામનો કરવો પડ્યો છે. આ માટે કોંગ્રેસ હાઈકમાન્ડે



ગુજરાતમાં પરાજયના કારણો જાણવા માટે મહામંથન શરૂ કર્યું છે. ત્યારે કોંગ્રેસના ઓબ્ઝર્વર અને રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે કહ્યું હતું કે, ગુજરાતમાં અમને મોડું થયું અને ઘણી ખામીઓ રહી ગઈ હતી. જેના કારણે આ પરિણામ આવ્યું છે.

રાજસ્થાનના મુખ્યમંત્રી અને ગુજરાત કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોતે એક નિવેદનમાં કહ્યું હતું કે, ગુજરાતમાં ચૂંટણીનું જે પરિણામ આવ્યું છે. તેમાં અમારી ક્યાંક ખામીઓ રહી ગઈ છે અને ક્યાંક અમારે મોડુ પણ થયું છે. તે સિવાય આમ આદમી પાર્ટીના કારણે કોંગ્રેસના વોટ વેચાઈ ગયા હતાં. આમ આદમી પાર્ટી અને ભાજપ વચ્ચે ગઠબંધન હતું પણ તેઓ કોઈને કહેતા નથી. હવે અમે આ મુદ્દે મંથન કરીશું અને ફરીવાર ગુજરાતમાં બેઠા થવા માટે પ્રયત્નો કરીશું.

## ગુજરાતમાં સંગઠનમાં મોટો ફેરફાર થાય તેવી શક્યતાઓ

કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લાર્જુન ખડગેએ ગુજરાતના પરાજય બાદ સત્ય શોધક કમિટીની રચના કરી છે. જેમાં ત્રણ સભ્યોની કમિટી બનાવવામાં આવી છે. આ કમિટીના ચેરમેન તરીકે નીતિન રાઉત, ડો. શકિલ અહેમદ ખાન તથા સપ્તગિરી શંકર ઉલાકાની સભ્ય તરીકે નિમણુંક કરાઈ છે. આ કમિટી કોંગ્રેસ પ્રમુખને ગુજરાતની હારના કારણો અને પરિણામો અંગેનો રીપોર્ટ એક સપ્તાહમાં સોંપશે. ત્યાર બાદ કોંગ્રેસનો હાઈકમાન્ડ ગુજરાતમાં સંગઠનમાં મોટો ફેરફાર કરે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

‘સમયસર ફાયર વિભાગની સ્નોરકેલ ખુલી ગઈ હોત તો ‘પ્રાંજલ’ બચી ગઈ હોત...’

# શાહીબાગમાં સાતમા માળે લાગેલી આગમાં ફસાયેલી કિશોરીનું મોત

■ ફાયરબ્રિગેડે ટીનએજર પ્રાંજલને બચાવવા જોખમ લીધું પરંતુ સફળ ન થયા

ગુજરાત | વંદન

અમદાવાદમાં શાહીબાગ વિસ્તારમાં એક બહુમાળી ફલેટમાં સાતમા માળે આગ લાગતા 15 વર્ષની ટીનએજર ફસાઈ ગઈ હતી જેને ઉગાર્યા બાદ સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાતા તેમનું મૃત્યુ થયું હતું જયારે પરિવારના ચાર સભ્યો બહાર નીકળવામાં સફળ રહ્યા હતા. પ્રાંજલ નામની આ તરૂણી આગની ...અનુસંધાન પેજ નં. 6 પર

## સ્નોરકેલ ન ખુલી તે અંગે ચીફ ફાયર ઓફિસરે આપ્યો જવાબ






ઓર્ચિડ ગ્રીન ફ્લેટની આગની ઘટનામાં સ્નોરકેલ કેમ ખુલી નહીં તે અંગે જવાબ આપતાં અમદાવાદ પશ્ચિમના ચીફ ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે, ફાયરની ટીમ પહોંચી ત્યારે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આમ છતાં ફાયરની ટીમ ફ્લેટની હોઝરીલનો પણ આગ બુઝાવવા માટે ઉપયોગ કર્યો હતો. સ્નોરકેલ ખુલી નહીં તે વાત ખોટી છે અને સીડી ખુલ્લી જ હતી. લોકો તો બોલે પણ તેમને કાંઈ ટેકનિકલ બાબતોની ખબર નથી હોતી. અમે તો આઠમા માળેથી એક ફાયર ફાઈટરને નીચે સાતમા માળે ઉતાર્યો હતો. કમનસીબે ફાયરની ટીમ પહોંચી તે સમયે બાળકી બેભાન અવસ્થામાં હતી. ફાયરની ટીમે આગ બુઝાવવા માટે પૂરેપૂરો પ્રયત્ન કર્યા છે. આ તો સાતમો માળ હતો, બાકી 25 માળની બિલ્ડિંગમાં આગ લાગે તો પણ ફાયરની ટીમ પાસે અધ્યતન ટેકનોલોજીના સાધનો છે જેના વડે આગ બુઝાવી શકાય છે.

હીરા બાની યાદમાં ચેકડેમનું નિર્માણ

# મોદીની માતાને અનોખી શ્રદ્ધાંજલિ, હીરા બાના નામે ગુજરાતમાં ચેકડેમનું નિર્માણ





ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વર્ગસ્થ માતા હીરા બાના નામ પરથી ગુજરાતમાં એક ચેકડેમનું નામકરણ કરવામાં આવ્યું છે. અધિકારીઓએ જણાવ્યું કે આ ચેકડેમ ગુજરાતના રાજકોટ શહેરની બહારના ભાગમાં બાંધવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું કે તેનું નામ હીરા બાના નામ પર રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જણાવી દઈએ કે 30 ડિસેમ્બર 2022ના રોજ પીએમ મોદીની માતાનું નિધન થયું હતું..

જણાવી દઈએ કે આ ચેકડેમ ગીર ગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા બનાવવામાં આવી રહ્યો છે. ટ્રસ્ટના ચેરમેન દિલીપ સખીયાએ જણાવ્યું હતું કે, રાજકોટ-કાલાવડ રોડ પર વાગુદડ ગામ પાસે ન્યારી નદીના નીચેના ભાગે ગીર ગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા 15 લાખના ખર્ચે ચેકડેમ બનાવવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું કે આ ચેકડેમનું નામ સ્વર્ગસ્થ હીરા બાના નામ પર રાખવાનો નિર્ણય લેવાયો હતો.

આ વિસ્તારના સ્થાનિક ધારાસભ્ય દર્શિતા શાહ અને રાજકોટના મેયર પ્રદીપ દાઓની હાજરીમાં ડેમનું ભૂમિપૂજન સમારોહ યોજાયો હતો.દિલીપ સખિયાએ કહ્યું, ‘વડાપ્રધાન મોદીની માતાને શ્રદ્ધાંજલિ રૂપે, અમે ચેકડેમનું નામ હીરાબા સ્મૃતિ સરોવર રાખવાનો નિર્ણય કર્યો છે, કારણ કે તે તેમની યાદમાં બનાવવામાં આવી રહ્યો છે. આનાથી અન્ય લોકોને પણ પરિવારના પ્રિય વ્યક્તિ માટે કંઈક કરવા અથવા તેમના મૃત્યુ પછી સારા હેતુઓ માટે દાન કરવાની પ્રેરણા મળશે.

...અનુસંધાન પેજ નં. 6 પર

# જામનગરમાં ખૂની ખેલ: પતિએ જ પત્ની, માસૂમ બાળકીનું તાર વડે ગળું કાપી નાખ્યું

ગુજરાત | વંદન

જામનગર શહેર નજીક આવેલા લાલપુર બાયપાસ પાસે હોટલ ટેન નજીક આવેલી બાવળની ઝાડીઓમાં એક મહિલા અને પુત્રીની લાશ પડી હોવાની માહિતી પોલીસને મળતાં પોલીસકાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પ્રાથમિક તપાસમાં મહિલા અને તેની બાળકીનું ગળું કાપીને હત્યા કરી હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસ-તપાસમાં પતિ જ હત્યા કરીને રાજકોટ તરફ ભાગ્યો હોવાનું જાણવા મળ્યું હતું, જેથી પોલીસે એ દિશામાં તપાસ હાથ ધરી હતી. જોકે પતિ મોડી રાત્રે રાજકોટ પોલીસમાં હાજર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું હતું. ...અનુસંધાન પેજ નં. 6 પર

## ગળા પર પણ તિક્ષ્ણ હથિયાર વડે હુમલો

પોલીસ જ્યારે ઘટના સ્થળ પર પહોંચી ત્યારે તેણે જોયું કે, મૃતક મહિલા તેમજ તેની બાજુમાં રહેલી માસુમ બાળકીના ગળા પર પણ તિક્ષ્ણ હથિયાર વડે હુમલો કરવામાં આવ્યો છે. જેના કારણે બંનેનું મૃત્યુ નીપજ્યું હોવાનું પ્રાથમિક તારણ પણ જણાઈ આવ્યું હતું. હાલ તો બંને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે પીએમ રૂમ ખાતે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

## સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગોત્સવની તડામાર તૈયારીઓ...



ઉત્તરાયણ પર્વના હવે ગણ્યાગાંઠ્યા દિવસો રહ્યાં છે ત્યારે અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે બે વરસ બાદ આતંરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન થયુ છે. તસ્વીરમાં સ્ટેચ્યુની થીમ પર એક આકર્ષણનું કેન્દ્ર બનાવવામાં આવ્યું છે.



# ક્રૂડના ભાવ ઘટીને $78 બેરલ પણ ગ્રાહકોને કોઈ લાભ નહી

■ તેલ કંપનીઓને બખ્ખે-બખ્ખા લીટરે 10 રૂપિયાનો ફાયદો થઈ રહ્યો છે

ગુજરાત | વંદન

ભારતમાં મહિનાઓથી પેટ્રોલ-ડીઝલના ભાવમાં કોઈ બદલાવ કરવામાં આવ્યો નથી અને તેનાથી પેટ્રોલીયમ કંપનીઓ નફાખોરી કરી રહી છે. પેટ્રોલમાં પ્રતિલીટર રૂા.10 નો નફો પેટ્રોલીયમ કંપનીઓ કરી રહી છે અને ગ્રાહકોને કોઈ લાભ આપવામાં આવતો નથી જોકે, ડીઝલમાં કંપનીઓને નુકશાન થઈ રહ્યું છે.


ઈન્ડીયન ઓઈલ ભારત પેટ્રોલીયમ તથા હિન્દુસ્તાન પેટ્રોલીયમ જેવી કંપનીઓએ લાંબા વખતથી પેટ્રોલ-ડીઝલના ભાવ યથાવત રાખ્યા છે. આઈસીઆઈસીઆઈ સીકયોરીટીઝના રીપોર્ટમાં એમ કહેવાયું છે કે 24 જુન 2022 ના સપ્તાહમાં પેટ્રોલ પર તેલ કંપનીઓને પ્રતિલીટર રૂા.17.4 તથા ડીઝલમાં 27.7 ની ખોટ રહ્યા બાદ ઓકટોબર-ડીસેમ્બરના ત્રિમાસીક ગાળામાં પેટ્રોલમાં પ્રતિ લીટર રૂા.10 નો નફો થઈ રહ્યો છે. ડીઝલ પરની નુકશાની ઘટીને ...અનુસંધાન પેજ નં. 6 પર

અત્યારથી જ પક્ષીઓ પતંગની દોરીનો શિકાર થવા માંડયા...

# ઉત્તરાયણ પર્વ પર મૂંગા પક્ષીઓને બચાવવા સ્વૈચ્છિક સંસ્થાઓ મેદાને, સાચવજો...

ગુજરાત | વંદન

ઉત્તરાયણના પર્વ આડે હવે અઠવાડિયાનો જ સમય બાકી છે, ત્યાંજ અમદાવાદ શહેરમાં પતંગના દોરાના કારણે પક્ષીઓ ઘાયલ થવા માંડયા છે. જેની સાબિતિ આપતા રેસ્ક્યૂ કોલ મ્યુનિ.ના ફાયર બ્રિગેડમાં શરૂ થઈ ગયા છે. આશ્ચર્યજનક બાબત એ છે કે, ખૂબ ઉંચાઈએ ઉડતી સમડી પણ પતંગના દોરાથી ઘાયલ થાય છે. આ સિવાય કબૂતરો અને કાગડાની સંખ્યા ઈજાગ્રસ્તમાં સૌથી વધારે હોય છે. પતંગબાજીનો ઉન્માદ અને






બેદરકારી અબોલ જીવો માટે ઘાતક સાબિત થઈ રહી છે.અમદાવાદ શહેર મકરસંક્રાંતિની ઉજવણી માટે પ્રસિદ્ધ છે. ઉત્તરાયણના દિવસે પતંગબાજીનો આનંદ ચોક્કસ માણવો જોઈએ, પરંતુ આ ...અનુસંધાન પેજ નં. 6 પર

## સવારે 6થી 8 અને સાંજે 6થી 7 પતંગ ચગાવવાનું ટાળો: નિષ્ણાંતો

નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર પતંગબાજીમાં થોડી દરકાર રાખવામાં આવે તો સેંકડો પક્ષીઓના જીવ બચાવી શકાય છે કે ઈજાગ્રસ્ત બનતા અટકાવી શકાય તેમ છે. ખાસ કરીને સવારે ૬થી ૮ અને સાંજે ૬થી ૭ વાગ્યા દરમિયાન આકાશમાં પક્ષીઓની અવર-જવર વધારે હોય છે. કારણ કે સવારે પક્ષીઓ ખોરાકની શોધમાં નિકળતા હોય છે અને સાંજે પોતાના માળામાં પરત ફરતા હોય છે. આ સમયે પતંગ ચગાવવી વ્યાજબી નથી.

/gujaratvandan

નિડર, નિષ્પક્ષ, અને વિશ્વસનીય ગુજરાત વંદન

ગુજરાત વંદન તરફથી આકર્ષક ઓફર

અમદાવાદથી પ્રસિદ્ધ “ગુજરાત વંદન” સાપ્તાહિક અખબાર દ્વારા વાર્ષિક લવાજમની આકર્ષક ઓફર જાહેર કરવામાં આવે છે.

રૂા.260ના વાર્ષિક લવાજમમાં તમને મળશે

આખું વરસ ગુજરાત વંદન અખબાર +  એક હજાર રૂપિયા સુધીની ઘરવપરાશની ઉપયોગી ચીજવસ્તુ + જાણીતા સલૂન સિક્રેટ સેવન્ટીનનો 30 ટકા ડિસ્કાઉન્ટ સાથેનો વાઉચર

વહેલા તે પહેલાના ધોરણે આપના અખબાર વિતરકનો સંપર્ક કરવા વિનંતી.

ગુજરાત વંદન વ્યવસ્થાપક માર્કેટિંગ

સંપર્ક : 63572-63573

820, સાકાર-9, આશ્રમ રોડ સીટી ગોલ્ડની બાજુમાં, અમદાવાદ-380009

www.gujaratvandan.com

Secret 7 ટીન™ Hair & Nails Studio